# શ્રી જિનામૃત ગ્રંથમાળા

પૂ. આ. શ્રી વિજયઅમૃતસૂરીશ્વરજી મ. સા.
સ્મારક ગ્રન્થમાળા

# ત્રણ કથારત્નો

વર્ષ—૨ જું

પુસ્તક—૫ મું

સંયોજક : શાસનોપયોગી અનેક ગ્રન્થરત્નના સંયોજક
પૂ. પ્રવર્તક

## મુનિ શ્રી નિરંજનવિજયજી

(સાહિત્યપ્રેમી)

સંપાદક : **શ્રી કૃષ્ણપ્રસાદ ભટ્ટ**
(બી. એ., સાહિત્યાચાર્ય)

પ્રકાશક : શ્રી જિનામૃત ગ્રન્થમાળા વતી,

**શ્રી રસિકલાલ એ. શાહ**
સુરેન્દ્રહાઉસ, જૂની સિવિલ સામે,
પાંજરાપોળ નાકા, ઘીકાંટા રોડ,
**અમદાવાદ-૩૮૦ ૦૦૧.**

P. P. Ac. Gunratansuriji M.S. Jin Gun Aaradhak Trust

પ્રકાશક : શ્રી જિનામૃત ગ્રન્થમાળા વતી
શ્રી રસિકલાલ એ. શાહ
સુરેન્દ્ર હાઉસ, જૂની સિવિલ સામે,
અમદાવાદ-૩૮૦ ૦૦૧.

નકલ : ૧૫૦૦

અમારાં પ્રકાશનો અમદાવાદ--પાલીતાણા—મુંબઈમાં
પ્રતિષ્ઠિત બુકસેલરોને ત્યાં મળશે.

કીંમત રૂા. : ૬-૫૦

ડીસાનું કાર્યાલય અમદાવાદ લાવેલ છીએ તો સઘળો પત્રવ્યવહાર અમદાવાદના સરનામે જ કરવા વિનંતી છે.

સંસ્થાની છાપેલી પહોંચ લઇને જ રકમ આપવી.

મુદ્રક :
બાબુલાલ એન્ડ બ્રધર્સ
ખાડિયા, ચાર રસ્તા,
અમદાવાદ-૧.

આ પુસ્તકમાં શ્રી જિનાજ્ઞા વિરુદ્ધ કાંઇપણ લખાયું હોય તે બદલ ત્રિવિધે મિચ્છામિ દુક્કડમ્ — પ્રકાશક

P. P. Ac. Gunratansuriji M.S. Jin Gun Aaradhak Trust

# પ્રસ્તાવના

પૂર્વજન્મના કોઇ પુણ્યોદયે આપણે માનવભવ પ્રાપ્ત કરી જૈન ધર્મમાં જન્મ પ્રાપ્ત કર્યો છે. એટલે જૈન ધર્મના આચારો વિચારો અને સિધ્ધાંતોથી આપણી યુવાન પેઢી પરિચિત રહે તેવો કોઈપણ પ્રયત્ન થાય તેટલો કરવો તે હિતાવહ છે. એ પ્રયત્નમાં કથા દ્વારા આપણે આપણાં બાળકોમાં સુસંસ્કાર રેડી શકીએ. એ માટે દરેક માતાપિતાએ પોતાનાં ઘરમાં સંસ્કારને પોષે એવું સાહિત્ય વસાવવું અને વંચાવવું જોઇએ. જો આ બાબતમાં આપણે ઉદાસીન રહીશું તો આજકાલ સામયિકો, પેપરો કે નવલકથા કે સિનેમા દ્વારા પીરસાતી વસ્તુ આપણા સંતાનોને વિષયવાસનામાં ડુબાડી અપાર નુકસાન કરશે; પરિણામે આપણાં બાળકો ધર્મવિમુખ બનશે. સદાચાર, વિનય-વિવેક કે અન્ય સદ્‌ગુણોથી વંચિત રહેશે.

આવું અનિષ્ટ રોકવા તેમજ યુવાન્ પેઢીને સારા સંસ્કારો આપવાના હેતુથી છેલ્લાં ત્રીસ વરસ થયાં પરમ પૂજ્ય પ્રવર્તક મુનિ **શ્રી નિરંજનવિજયજી મહારાજે** સખત પરિશ્રમ ઊઠાવી સુબોધ અને રોચક સચિત્ર સાહિત્યનાં નાનાં મોટાં લગભગ ૧૦૦ ઉપરાંત પુસ્તકો પ્રકાશિત કરાવી સમાજને ઋણી કર્યો છે.

P. P. Ac. Gunratansuriji M.S. Jin Gun Aaradhak Trust

પૂજ્ય પ્રવર્તકશ્રીએ પોતાના ગુરુ પરમ પૂજ્ય આચાર્ય **શ્રી વિજય અમૃતસૂરીશ્વરજી મહારાજની** પવિત્ર સ્મૃતિમાં "**જિનામૃત ગ્રંથમાળા**" શરૂ કરી છે. આ ગ્રંથમાળાના પ્રથમ વર્ષે છ પુસ્તકો અને બીજા વર્ષે ચાર પુસ્તકો પ્રગટ થઇ ચૂકયાં છે. જેને ધાર્મિક અને શિક્ષિત સમાજે એને ખૂબ આદરથી અપનાવ્યાં છે.

"**ત્રણ કથા રત્નો**"એ આ ગ્રંથમાળાનું બીજા વર્ષનું પાંચમું પુસ્તક છે. એ પુસ્તકનો આછો પરિચય આપતાં અમે આનંદ અનુભવીએ છીએ. પ્રસ્તુત પુસ્તકમાં **જ્ઞાન પંચમી, મૌન એકાદશી તથા સુપાત્ર દાન** અંગે કથા દ્વારાએ ત્રણેનો મહિમા વ્યકત કરવાનો યોગ્ય અને સફળ પ્રયત્ન કરવામાં આવ્યો છે.

જ્ઞાન, દર્શન અને ચારિત્ર રૂપી રત્નત્રયીમાં જ્ઞાનનું મહત્વ અદકું છે. એટલે જ્ઞાનની મહત્તા, તેના લાભો અને તેની આશાતનાથી થતા નુકસાન પ્રત્યે આ પુસ્તકના એક ભાગમાં ચર્ચા કરવામાં આવી છે. જ્ઞાનની વિરાધના કરનાર મંદ બુધ્ધિનો, કોઢવાળો કે રોગી બને છે. તે અનેક રીતે આધિ, વ્યાધિ અને ઉપાધિથી પીડાય છે, દુઃખી થાય છે.

P. P. Ac. Gunratansuriji M.S. Jin Gun Aaradhak Trust

પ્રથમ કથામાં જ્ઞાન પંચમીનો મહિમા બતાવવા વરદત્ત તથા ગુણમંજરીની કથા આપવામાં આવી છે. એ જ્ઞાનનું ઉત્કટરૂપ તે કેવળજ્ઞાન છે. આથી તો કાર્તિક સુદ પાંચમે આપણે **જ્ઞાન પંચમી**નો તહેવાર અમુક તપ દ્વારા ઉજવીએ છીએ. આ તપ જીવન પર્યંત અથવા તો પાંચ વરસ કે પાંચ માસ માટે આરાધવામાં આવે છે.

જે મૌન સેવે છે તે મુનિ છે. મૌનથી કર્મની સરળતાથી નિર્જરા થાય છે. આ મૌન વ્રત દ્વારા સુવ્રત શેઠે ઉપસર્ગ આવ્યા છતાં અચળ રહી ધર્મની આરાધના કરી હતી. પરિણામે ધર્મના અધિષ્ઠાયક દેવોએ એમના દુઃખો દૂર કર્યાં હતાં. વળી, આ પુસ્તકમાં શ્રી નેમિનાથ પ્રભુ તથા કૃષ્ણ વાસુદેવના જીવનના ખાસ ખાસ પ્રસંગો ટૂંકમાં પણ રોચક રીતે વણી લેવામાં આવ્યા છે. આપણા ધર્મમાં મૌન એકાદશીની સુંદર આરાધના કરવામાં આવે છે. માટે આ વ્રતનું મહત્વ આરાધકો સમજે એ આવશ્યક છે.

અહિંસા, બ્રહ્મચર્ય, અસ્તેય, અપરિગ્રહ વગેરે વ્રતો ઉપરાંત દાન પર પણ દરેક ધર્મમાં ભાર મુકવામાં આવ્યો છે. દાનથી ધનની મૂર્ચ્છા ઘટે છે. દાનથી આપણામાં અપરિગ્રહની વૃત્તિ

P. P. Ac. Gunratansuriji M.S. Jin Gun Aaradhak Trust

કેળવાય છે. આપણે સાત ક્ષેત્રે દાન આપીએ છીએ. એમાં વળી દાન સુપાત્રને આપવાથી સફળ થાય છે. સુપાત્ર દાનનો મહિમા બતાવવા ગુણસાર શ્રેષ્ઠીની કથા આપવામાં આવી છે. સાધુ દાન સફળ થયા વગર રહેતું નથી. દાનથી કીર્તિ વધે છે અને આપણું ધન સાર્થક થાય છે. વળી, કર્મ કોઇની શરમ રાખતું નથી એ વાતનું પ્રતિપાદન પણ અહીં સુંદર રીતે કરવામાં આવ્યું છે.

જૈન ધર્મની પાયાની વાતો આપણાં બાળકો સમજે એ હેતુથી દૃષ્ટાંત તથા કથા દ્વારા રોચક અને સરળ ભાષામાં આ "ત્રણ કથા રત્નો"નું સંકલન કરવામાં આવ્યું છે. સંયોજકના આ કાર્ય માટે જૈન સમાજ હંમેશા ઋણી રહેશે.

પોતલિયા વાડ,
નવસારી.
તા. ૧૨-૮-૭૯

રતિલાલ છગનલાલ શાહ
M.A., B.T. સાહિત્ય રત્ન

P. P. Ac. Gunratansuriji M.S. Jin Gun Aaradhak Trust



જેઓએ જિનવાણીના અમૃતનું પાન કરીને જીવન ત્રિવિધે અજવાળ્યું તેમજ અનેક જીવોને ધર્માભિમુખ કર્યા તે શાસ્ત્ર-વિશારદ, કવિરત્ન, પીયૂષપાણિ, આચાર્યદેવ **શ્રીમદ્ વિજયઅમૃતસૂરીશ્વરજી મહા-રાજાના** અસીમ ઉપકારોને અંજલિ રૂપે આ **"જિનામૃત ગ્રન્થમાળા"** સાકાર બનેલ છે.

P. P. Ac. Gunratansuriji M.S. Jin Gun Aaradhak Trust

# સંયોજક તરફથી

અમે ત્રણ વરસ પહેલાં "જિનામૃત ગ્રંથમાળા" પૂજ્યપાદ આચાર્ય ભગવંત **શ્રી વિજય અમૃત સુરીશ્વરજી મ. સા.**ની સ્મૃતિમાં શરૂ કરી હતી. તેના સંચાલક તરીકે ડીસા નિવાસીશ્રી મફતલાલ સંઘવીને નીમવામાં આવ્યા હતા. તેમને સારો પગાર અને અન્ય સગવડો આપવામાં આવી હતી. પણ તેઓ આ કાર્ય નિયમિત રીતે કરી શક્યા નહિ. તેથી અમારું પ્રકાશન કાર્ય અવ્યવસ્થિત થયું. એટલે અમે બીજી વ્યવસ્થા વિચારી. પણ એમાં હજી સુધી સફળ થયા નથી. તેમાં વળી કાગળની અછત અને ભાવ ઉછાળો તથા પ્રેસની અનિયમિતતા વગેરે અનેક કારણોએ આ પુસ્તકના પ્રકાશનમાં વિલંબ થયો છે.

વ્યવસ્થાપક તથા સંપાદક ખૂબ ઉત્સાહથી પ્રકાશનનું કામ કરતા, છતાં ઉપરોકત કારણોએ કાર્ય ખોરવાયું છે.

આ વખતે અમારી "જિનામૃત ગ્રંથમાળા"માં અમે બીજું નવીન પુસ્તક પ્રકટ કરવાના હતા. પણ તેનું મેટર તથા ચિત્રો સમયસર તૈયાર થઇ શકયાં નથી. એટલે ન છૂટકે આ ત્રણે કથાનકોને એક સળંગ પુસ્તકમાં એકત્ર કરી રજૂ કર્યાં છે.

આ પુસ્તકમાં આપેલ ત્રણે કથાનકો આજથી ત્રીસ વર્ષ પહેલાં નાની પુસ્તિકા રૂપે પ્રગટ કર્યાં હતાં. એ પુસ્તકોની બે બે કે ત્રણ ત્રણ આવૃત્તિઓ પણ છપાઈ હતી ચાલુ સમયમાં હજી એની માંગ વધુ ને વધુ આવે છે. તે તેની ઉપયોગિતા સમજી શકાય તેવી વાત છે.

**પ્રવર્તક મુનિ શ્રી નિરંજનવિજય**
જૈન ઉપાશ્રય-મધુમતિ.
નવસારી.

તા. ૧૦-૮-૭૯

P. P. Ac. Gunratansuriji M.S. Jin Gun Aaradhak Trust

# પ્રકાશકીય નિવેદન

"શ્રી જિનામૃત ગ્રંથમાળા"નું આ અગિયારમું પ્રકાશન છે. દસે પ્રકાશન એક એકથી વિશિષ્ટ રીતે પ્રગટ થયાં છે.

જૈન સમાજની દરેક અગ્રણી વ્યકિત સાહિત્ય-પ્રેમી પરમ પૂજ્ય પ્રવર્તક મુનિ **શ્રી નિરંજન વિજયજી** મહારાજશ્રીને ઓળખે છે. તેઓશ્રીની પ્રેરણા અને સતત પ્રયાસથી તૈયાર થયેલાં પુસ્તકો જૈન આલમમાં ઘરેઘર સ્થાન પામ્યાં છે. એ વાંચીને ભાવિક લોકો પ્રેરણામૃતનું પાન કરે છે.

એમણે સંયોજન કરેલ ગ્રંથો સુંદર ચિત્રોથી યુકત હોવાથી સૌ હોંસે હોંસે વાંચી તેમાંથી જ્ઞાન પ્રાપ્ત કરી પોતાના જીવનને સંસ્કારી કરે છે. આ શુભ પ્રવૃત્તિમાં અમો પણ થોડો ફાળો આપીએ છીએ. તેથી અમે આનંદ અનુભવીએ છીએ.

આ પુસ્તકનાં ત્રણે સુબોધક કથાનકો વાંચી, વિચારી અને સાર ગ્રહણ કરી જીવનને મુકિતના ભવ્ય પંથે ધપાવવામાં માર્ગદર્શક થાય એવી શુભેચ્છા વ્યકત કરીએ છીએ.

આ પુસ્તકમાં જાણતાં અજાણતાં પ્રેસ આદિના કારણે સમજફેરથી કોઈ ભૂલ થઈ હોય તો તે વાંચકવર્ગ અમને જણાવે તો અમે ભવિષ્યમાં તે ભૂલ સુધારી લઈશું.

P. P. Ac. Gunratansuriji M.S. Jin Gun Aaradhak Trust

આ પુસ્તકની પ્રસ્તાવના નવસારી નિવાસી વિદ્યાપ્રેમી શ્રી રતિલાલ છગનલાલ શાહ *M. A. B. T.* સાહિત્યરત્ને લખી આપી છે અને તે માટે અમે તેના ઋણી છીએ.

કાગળની અછત, પ્રેસની અનિયમિતતા વગેરે અનેક કારણોને લીધે પુસ્તક પ્રકાશનમાં ખૂબ વિલંબ થયો છે. તેથી સહાયક મહાનુભાવો તથા વાચક વર્ગની ક્ષમા ચાહીએ છીએ.

લિ.
**પ્રકાશક**

P. P. Ac. Gunratansuriji M.S. Jin Gun Aaradhak Trust

# સાભાર-સ્વીકાર

**શ્રી જિનામૃત ગ્રંથમાળાને** રૂા. ૨૫ તેમજ તેનાથી ઉપરની રકમની સહાય આપનાર પુણ્યશાળીઓની શુભ નામાવલી :–

| રકમ | નામ | ગામ |
|---|---|---|
| ૧૦૦૧ | શેઠશ્રી ચંદ્રસેનભાઈ જીવણલાલ ઝવેરી | મુંબઈ-૬ |
| ૫૦૧ | ,, વિલેપાર્લા શ્વે. મૂ. જૈન સંઘ અને ચેરીટી | ,, ૫૭ |
| ૨૫૧ | ,, ખીમચંદ ધરમચંદ હા. અમીચંદભાઈ | ,, ૬ |
| ૧૦૧ | શ્રી રમણલાલ ડાહ્યાભાઈ | મુંબઈ-૫૭ |
| ૧૦૧ | મે. એમ. એસ. ટ્રેડર્સ | ,, ૨ |
| ૧૦૧ | શ્રી હીરાલાલ પાનાચંદ શાહ હા. કનુભાઈ | ,, ૨ |
| ૧૦૧ | ,, સુંદરલાલ દલપતભાઈ ઝવેરી | ,, ૬ |
| ૧૦૧ | સ્વ. શ્રી ફકીરચંદ પુરુષોત્તમદાસ ઝરીવાલા હા. શાંતાબેન | ,, ૬૪ |
| ૧૦૧ | શ્રી આત્મકમલ લબ્ધિસૂરીશ્વરજી જૈન જ્ઞાન મંદિર આ. શ્રી. કીર્તિચંદ્ર સૂરીશ્વરના ઉપદેશથી | ,, ૨૮ |
| ૧૦૧ | ,, ધીરજલાલ મણિલાલ | ,, ૩૬ |
| ૫૧ | ,, ત્રિલોકચંદ ઠી. શાહ એન્ડ કું. | ,, ૪ |
| ૫૧ | ,, શાંતિલાલ મગનલાલ શાહ | ,, ૪ |
| ૫૧ | ,, મોતીલાલ પ્રેમચંદ | ,, ૨૨ |
| ૫૧ | ,, હીરાલાલ ગોપાળજી | ,, ૪ |
| ૫૧ | ,, માણેકલાલ મોહનલાલ ઝવેરી | ,, ૬ |

P. P. Ac. Gunratansuriji M.S. Jin Gun Aaradhak Trust

| | | | |
|---|---|---|---|
| ૫૧ | શ્રી | રાજમલ દાવડા | મુંબઈ–૬ |
| ૫૧ | ,, | હંસરાજ છોગમલ | ,, ૩ |
| ૫૧ | ,, | ચેતનભાઈ મુક્તિલાલ મહેતા | ,, ૨૬ |
| ૫૧ | ,, | ઇન્દ્રવદન આર શાહ | ,, ૩૬ |
| ૫૧ | ,, | દલીચંદ વછરાજ મહેતા | ,, ૬૪ |
| ૫૧ | ,, | રસિકલાલ બી. પરીખ | ,, ૬૯ |
| ૫૧ | ,, | ચંદુલાલ પુંજાલાલ દેસાઈ | બીલીમોરા |
| ૫૧ | ,, | દલીચંદ નાનચંદ શાહ | નવસારી |
| ૫૧ | ,, | ઠાકોરલાલ લલ્લુભાઈ શાહ | ,, |
| ૫૧ | ,, | કાન્તિલાલ લલ્લુભાઈ શાહ | ,, |
| ૫૧ | ,, | ઠાકોરભાઈ રાયચંદ શાહ | ,, |
| ૫૧ | ,, | ડૉ. બાબુલાલ હરચંદ શાહ | ,, |
| ૩૧ | ,, | આણંદલાલ લખમીચંદ શાહ | મુંબઈ–૬ |
| ૩૧ | ,, | નવીનચંદ્ર લક્ષ્મીચંદ શાહ | ,, ૩૬ |
| ૩૧ | ,, | નેગજી ભીમજી શાહ | ,, ૩૬ |
| ૩૧ | ,, | ધીમુભાઈ પી. દોશી | ,, ૬૪ |
| ૩૧ | ,, | કીર્તિલાલ મહાસુખલાલ શાહ | ,, ૬૪ |
| ૨૫ | ,, | ગાંગજી કાનજી | ,, ૧૦ |
| ૨૫ | ,, | દેવેન્દ્રભાઈ કે. દંતારા | ,, ૨૨ |
| ૨૫ | ,, | મહેન્દ્રભાઇ હીરાલાલ શાહ | સુરત—૧ |
| ૨૫ | ,, | જીતેન્દ્રભાઈ ચીનુભાઈ ઝવેરી | મુંબઈ–૩ |
| ૨૫ | ,, | કેશવલાલ ઉમરશી છાવડા | ,, ૭૧ |
| ૨૫ | ,, | લક્ષ્મીચંદ ગુલાબચંદ ઝવેરી | ,, ૭૧ |
| ૨૫ | ,, | ભેરુલાલ ધુલાજી પામેચા | ઉદેપુર |

P. P. Ac. Gunratansuriji M.S. Jin Gun Aaradhak Trust

| | | | |
|---|---|---|---|
| ૨૫ | શ્રી | તારાચંદ રાજમલજી | મુંબઈ-૨ |
| ૨૫ | ,, | સુંદરલાલ દલપતભાઈ શાહ | ,, ૨ |
| ૨૫ | ,, | પ્રમોદકુમાર મનસુખલાલ શાહ | ,, ૨ |
| ૨૫ | ,, | રમેશભાઈ કાંતીલાલ શાહ | ,, ૫૮ |
| ૨૫ | ,, | મહેન્દ્રકુમાર ધરમશીભાઈ સાહ | ,, ૪ |
| ૨૫ | ,, | અરવીંદકુમાર અમૃતલાલ જોબલીયા | ,, ૬૪ |
| ૨૫ | ,, | પ્રવીણભાઈ શેઠ<br>C/o. શાહ ઇન્ડસ્ટ્રીયલ ટ્રેડર્સ | ,, ૧૦ |
| ૨૫ | ,, | રમેશભાઈ એચ. બારભાયા | ,, ૮૧ |
| ૨૫ | ,, | કિશોરભાઈ હુંદરભાઈ શાહ | ,, ૫૪ |
| ૨૫ | શ્રી | જયકુમાર પોપટલાલ શાહ | ,, ૬૨ |
| ૨૫ | ,, | શાંતિલાલ નાનચંદ દેશાઈ | ,, ૫૮ |
| ૨૫ | મે. | મીઠાલાલ કુંદનલાલ એન્ડ કું. | ,, ૨ |
| ૨૫ | શ્રી | ઓટરમલજી ભુરમલજી | ,, ૧૦ |
| ૨૫ | ,, | અમૃતલાલ શકરાભાઈ કાપડીયા | ,, ૨ |
| ૨૫ | ,, | મફતલાલ ચંદુલાલ દોશી | ,, ૩ |
| ૨૫ | ,, | વીરજી મેઘજી શાહ | ,, ૧૯ |
| ૨૫ | ,, | મેસર્સ સુરેશ એન્ડ કંપની હસ્તે દિલીપભાઈ | ,, ૩ |
| ૨૫ | ,, | ધીરજલાલ વી. મહેતા | ,, ૨ |
| ૨૫ | મે. | મયૂર જવેલર્સ દુકાન નં. ૨ | ,, ૬૬ |
| ૨૫ | શ્રી | પુનમચંદભાઈ કેવલચંદ પંડિત | ,, ૬૨ |
| ૨૫ | શ્રી | વસંતભાઈ એમ. દોશી | ,, ૬૭ |
| ૨૫ | ,, | ધરમચંદ રતીલાલ ઝવેરી | ,, ૬ |
| ૨૫ | ,, | ફોટો એસ્ટ સરવીસ | મદ્રાસ-૧ |

P. P. Ac. Gunratansuriji M.S. Jin Gun Aaradhak Trust

| | | | |
|---|---|---|---|
| ૨૫ | ,, | નલીનકાન્ત સૌભાગચંદ ઝવેરી | મુંબઇ–૩ |
| ૨૫ | ,, | રસિકલાલ છોટાલાલ શાહ | ,, ૩ |
| ૨૫ | ,, | કાન્તિલાલ છોટાલાલ શાહ | ,, ૫૪ |
| ૨૫ | ,, | મુકેશકુમાર અનરાજ શાહ | ,, ૨ |
| ૨૫ | ,, | વિજેન્દ્ર દલાલ | ,, ૬ |
| ૨૫ | ,, | ચંદુલાલ વેણીચંદ શાહ | ,, ૬ |
| ૨૫ | ,, | પાનાચંદ નારણભાઇ | ,, ૩ |
| ૨૫ | ,, | ધનજીભાઈ વેલજીભાઈ | ,, ૭ |
| ૨૫ | ,, | રસિકલાલ મુળચંદ મહેતા | ,, ૬ |
| ૨૫ | ,, | ભંવરલાલ ભીમાજીભાઈ | ,, ૭ |
| ૨૫ | ,, | ભંવરલાલ ચુનીલાલજી | ,, ૮ |
| ૨૫ | ,, | રવચંદ બબલદાસ શાહ | ,, ૩૬ |
| ૨૫ | ,, | રતીલાલ ભીખાભાઇ શાહ | ,, ૯૨ |
| ૨૫ | ,, | ચીનુભાઈ ચીમનલાલ ઝવેરી હા. મંગુબેન | ,, ૩૬ |
| ૨૫ | ,, | જયંતીલાલ કાળીદાસ શાહ | ,, ૭ |
| ૨૫ | ,, | પરેશકુમાર એમ. શાહ | ,, ૩૬ |
| ૨૫ | ,, | ગુણવંતલાલ દલસુખભાઈ શાહ | ,, ૨૭ |
| ૨૫ | ,, | મફતલાલ ખુશાલચંદજી શાહ | ,, ૮ |
| ૨૫ | ,, | હીરાચંદ સમરથમલજી જોટા | ,, ૨૭ |
| ૨૫ | ,, | ચંદુલાલ મોતીલાલ શાહ | ,, ૨૭ |
| ૨૫ | ,, | હુકમચંદ ફુલચંદ | લાતુર (મહારાષ્ટ્ર) |
| ૨૫ | ,, | રતિલાલ ગોવિંદજીભાઇ | મુંબઈ–૫૮ |
| ૨૫ | ,, | પ્રવીણચંદ ત્રિભોદનદાસ શાહ | ,, ૮૦ |
| ૨૫ | મે. | હીતેશ સ્ટ્રીલ કોર્પોરેશન | ,, ૩ |

P. P. Ac. Gunratansuriji M.S. Jin Gun Aaradhak Trust

| | | | |
|---|---|---|---|
| ૨૫ | શ્રી | બિપીનભાઈ સી. શાહ | ,, ૬ |
| ૨૫ | ,, | રમેશભાઈ મુલચંદ શાહ | ,, ૬ |
| ૨૫ | ,, | વિશનજી હીરજી સંગોઈ | ,, ૭૭ |
| ૨૫ | મે. | અંબિકા મેડીકલ સ્ટોર્સ | ,, ૬૦ |
| ૨૫ | ડૉ. | જિતેન્દ્ર એસ. લાકડાવાલા | ,, ૬૦ |
| ૨૫ | મે. | વનમાળીદાસ ઝવેરચંદ એન્ડ સન્સ | ,, ૨ |
| ૨૫ | શ્રી | કેશવલાલ દલપતભાઈ ઝવેરી | ,, ૨ |
| ૨૫ | ,, | નટુભાઈ એમ. શાહ | ,, ૩૯ |
| ૨૫ | ,, | મનુભાઈ એસ. શાહ | ,, ૭ |
| ૨૫ | ,, | મહેન્દ્રકુમાર ગજલાલ શાહ | ,, ૬ |
| ૨૫ | ,, | સેવંતીલાલ ચુનીલાલ કપાસી | ,, ૬ |
| ૨૫ | ,, | દિનેશકુમાર અમરતલાલ મોદી | ,, ૭ |
| ૨૫ | ,, | મગનલાલ નગીનદાસ ઝવેરી | ,, ૭ |
| ૨૫ | ,, | પ્રફુલચંદ ભગવાનજી ઝવેરી | ,, ૧૯ |
| ૨૫ | ,, | મલુકચંદ છગનલાલ શાહ | ભીલાડ (જી. વલસાડ) |
| ૨૫ | ,, | મીસરીમલ એચ. મહેતા. | ,, (જી. ,, ) |
| ૨૫ | ,, | પસ્સનબેન C/o. શા. પોપટલાલ હજારીમલ અચ્છારી | (જી. ,,) |
| ૨૫ | ,, | જમનાદાસ મહેતા | મદ્રાસ |
| ૨૫ | ,, | ધનસુખલાલ નગીનદાસ | વલસાડ |
| ૨૫ | ,, | વલસાડ જૈન લાયબ્રેરી | ,, |
| ૨૫ | ,, | મોહનલાલ ગુલાબચંદ ઝવેરી | ,, |
| ૨૫ | ,, | ડાહ્યાભાઈ કપુરચંદ | ,, |
| ૨૫ | ,, | મોહનલાલ ભીખાભાઈ શાહ | બીલીમોરા |

P. P. Ac. Gunratansuriji M.S. Jin Gun Aaradhak Trust

## માસિક ધર્મને અંગે વૈજ્ઞાનિક સંશોધન

હિન્દુ સમાજમાં સ્ત્રીઓના માસિક ધર્મને અંગે જે આભડછેટ પરાપૂર્વથી ચાલી આવે છે, તેને જે લોકો વહેમ કહીને હસી કાઢે છે, તેની સામે વૈજ્ઞાનિક દૃષ્ટિએ અહીં કેટલીક હકીકતો રજૂ થાય છે.

આજે દુનિયામાં અમુક રીતે જ્ઞાન વધી રહ્યું છે, એમ કહીએ તો ખોટું ન કહેવાય, પરંતુ જે રીતે જ્ઞાન સંપાદન થઈ રહ્યું છે, તે જોતાં એમ જ લાગે કે જ્ઞાનની વિરાધના થઈ રહી છે, જેમની પાસેથી જ્ઞાન લઈ રહ્યા છે, તેમનો કેટલો વિનય-વિવેક સચવાય છે ? કહેવું જ પડે કે, તેમની ઠેકડી ન કરતા હોય તો સારું. આગળ વધીને જે પુસ્તકો પોતે ભણી રહ્યા છે, તે પુસ્તકો માથા નીચે કે પગ નીચે કચરતા જરા પણ અચકાતા નથી, વળી જાજરૂમાં પણ છાપા વાંચવાનો કેટલાકોને તો શોખ થઈ પડચો છે, બહેનો પણ જ્ઞાનની કેટલી આશાતના કરી રહેલ છે. તેઓ પોતાનો માસિક ધર્મ વખતે પણ પુસ્તકો વાંચે છે. તથા કાગળો લખે છે. તથા બીજા આચારો સાચવવાની આપણામાં જે મર્યાદા રાખવામાં આવેલી છે, તે મર્યાદાનું ઉલ્લંઘન કરીને સ્કૂલો વિગેરેમાં જવાનું વધી રહ્યું છે, જે મર્યાદાઓ બાંધવામાં આવેલી છે, તે ખૂબ દીર્ઘ દૃષ્ટિપૂર્વકની છે.

આજની દુનિયામાં પણ તે માસિક ધર્મ જુદી જુદી રીતે પાળવામાં આવે છે તથા વૈજ્ઞાનિકોએ પણ તે વખતમાં



P. P. Ac. Gunratansuriji M.S. Jin Gun Aaradhak Trust

લોહી ઝેરી બની જાય છે, એ સિદ્ધ કરેલું છે. આ વસ્તુ-હકીકત પ્રસ્તુત લખાણથી જાણી શકાશે. યોગ્ય સુધારો થાય, એ હેતુથી આ લેખ તૈયાર કર્યો છે અને જુદા જુદા પ્રમાણો મૂકવામાં આવ્યાં છે.

સ્ત્રીઓ અમુક ઉંમર પછી રજસ્વલા થાય છે, જેને કેટલાક લોકો છેટે બેઠેલી છે, અટકાવવાળી છે, ઋતુ ધર્મ-વાળી છે, એમ. સી. માં છે, માસિક ધર્મવાળી છે, અભ-ડાયેલી છે, ઈત્યાદિ નામોથી ઓળખે છે. અને જુદી જુદી રીતે શબ્દપ્રયોગ રજસ્વલા માટે કરે છે. આ ઋતુ ધર્મમાં આવેલી બ્રાહ્મણ, વણિક વગેરે કોમોની સ્ત્રીઓ ઘરમાં કોઈ પણ વસ્તુને ન અડકતાં, દૂર બેસી રહે છે, અને માસિક ધર્મ પાળે છે. ઋતુ ધર્મ પાળવાની આવશ્યકતા આધુનિક વિજ્ઞાને પણ સિદ્ધ કરી છે. દુનિયાની ઘણી જાતોમાં કોઈને કોઈ રીતે આ માસિક ધર્મ પળાય છે.

ઈ.સ. ૧૮૨૦ની સાલમાં પ્રો. બી. શીકેએ ઋતુસ્રાવની ઝેરી અસર માટે ચલાવેલી સાયન્ટિફિક તપાસનું પરિણામ જણાવેલ છે, કે આવા પ્રસંગે સ્ત્રીની ચામડીમાં એક ઝેર (Poison) રહે છે. જેથી તે સ્ત્રી ફૂલ જેવી ચીજોને હાથ લગાડતાં તેવી ચીજો કરમાઈ જાય છે, બગડી જાય છે.

એક વખત કોઈ દરદીએ ડોકટરનો ઉપકાર માનતાં એક ફૂલનો હાર ઉપહારમાં આપ્યો, તે હાર પોતાની નોકરડીને ફૂલના ભાજનમાં મૂકવા આપ્યો, પરંતુ પાણી હોવા છતાં હાર જલદી કરમાઈ ગયો, તેથી ડોકટરને તપાસ કરતાં ખબર પડી કે તે નોકરડી માસિક ધર્મવાળી હતી.

P. P. Ac. Gunratansuriji M.S. Jin Gun Aaradhak Trust

પછી ફરીથી ખાતરી કરવા નોકરડીના હાથમાં મોજા પહેરાવી હાર મુકાવરાવ્યો. જે હાર લાંબા ટાઇમ સુધી તાજો રહ્યો.

આ ઉપરથી સાયન્ટિફિક તપાસ કરતાં તેવી સ્ત્રીના લોહીમાં કોઈ જાતનું ઝેર જણાયું, તેની વિશેષ તપાસ માટે અમેરિકાની જાણીતી **જોન હોપકીન્સ યુનિવર્સિટીની લેબોરેટરીમાં** માસિક ધર્મવાળી સ્ત્રીના લોહીના અખતરાઓ કરવામાં આવ્યા. ત્યાંના ડોકટર **માંકડ** તથા સ્ત્રી ડો. લોબીએ પ્રો. શીકેના કહેવા મુજબ જીવતા છોડ ઉપર અખતરો કર્યો. છેવટે નક્કી કર્યું કે, સ્ત્રીના ઋતુ ધર્મમાં ચામડીમાં 'મીનોટોક્ષી' નામનું ઝેર પેદા થાય છે, જેના લીધે ચીજો બગડી જાય છે. આ ઝેર **કેમીકલ ફોરમ્યુલાઓક્ષી કોઉસટરીન** નામના પદાર્થને મળતું છે. જેનાથી ઋતુ વખતે શરીરને અસુખાકારી લાગે છે. જેમકે ઠંડી લાગી તાવ જેવું લાગવું, જીવ મુંઝાવો, ઉલટી જેવી મોળ આવવી મન ઉદાસીન રહેવું વગેરે ઉપલા ઝેરની અસર તરીકે વર્ણવ્યું છે.

**લે. પૂ. મુ: શ્રી નિત્યાનંદવિજયજી મ. સા.**

( કલ્યાણ વર્ષ ૮ ના અંક ૧૧ માંથી સાદર ઉધ્ધરિત )

લિ૦ **પ્રકાશક**

જ્ઞાનરૂપ દીપક કર્મરૂપ કચરાને બતાવે છે એ વાત સાચેસાચી છે. પણ તે કચરો નીકળે કયારે ? જયારે ધર્મક્રિયારૂપ ઉદ્યમ સતત કરવામાં આવે ત્યારે જ.

P. P. Ac. Gunratansuriji M.S. Jin Gun Aaradhak Trust

# સાચો જૈન કોણ ?

જેનામાં ઈન્દ્રિયો જીતવાનું સામર્થ્ય છે, ત્યાગ કરવાની ભાવના છે; શુદ્ધ દેવ, ગુરુ અને ધર્મ ઉપર શ્રદ્ધા-દૃઢ પ્રેમ અને ભક્તિ છે; તેમજ જે ગુરુજન તથા વડિલ વર્ગ ઉપર વિનય અને વિવેકપૂર્વક સદ્‌ભાવ રાખી શકે તથા પોતાની યથાશક્તિએ પૂજા, પ્રતિક્રમણ, સામાયિક, નવકારશી, તિવિહાર આદિ પચ્ચક્ખાણ રૂપ ક્રિયા વગેરેનું પાલન કરે **તે જ સાચો જૈન છે.**

જે કદી પણ હલકાં કૃત્યો કરવામાં પોતાની વૃત્તિ-ઈચ્છા દોડાવતો નથી, જે થોડી પણ ધર્મની શુભ પ્રવૃત્તિમાં આગેકદમ કરતો રહે અને પોતાથી ન થતી અને બીજા જે શુભ કરણી કરતા હોય તેની અનુમોદના હરહંમેશ કરતો રહે **તે જ સાચો જૈન છે.**

આવો જૈન કોઈથી પણ ડરતો નથી અને બીજાને પણ વિના કારણે ડરાવતો નથી; છતાં ધર્મને પોતાના પ્રાણથી અધિકતર પ્રિય માનનાર હોય **તે જ સાચો જૈન છે**

ગમે તેવાં દુઃખમાં કદીયે ગભરાતો નથી અને ગમે તેવા સુખમાં ફુલાઈ પણ જતો નથી. આ બન્ને સ્થિતિમાં સમાનપણું જાળવી શકે, **તે જ સાચો જૈન છે.**

જે સ્વરક્ષણમાં અને પરરક્ષણમાં કટિબદ્ધ રહે તેમજ ધર્મરક્ષણ અને અસહાયનું રક્ષણ પોતે સર્વ પ્રકારે કરવા તૈયાર થાય તે જ જૈનત્વનું ગૌરવ લઈ શકે અને **તે જ સાચો જૈન છે.**

– સંયોજક –

સાહિત્યપ્રેમી પૂ. પ્રવર્તક મુનિ શ્રી **નિરંજનવિજયજી મ.**

P. P. Ac. Gunratansuriji M.S. Jin Gun Aaradhak Trust

## જ્ઞાનપંચમી તપ કરવાનો વિધિ :–

આત્માના સર્વ લક્ષણોમાં 'જ્ઞાન' સર્વ પ્રથમ પદ ધરાવે છે. તેના વડે જ આ જીવ 'ચેતન'–ચેતનાવાળો ગણાય છે. તે લક્ષણ અથવા તે ગુણને પ્રગટ કરવા માટે સૌએ જેમ બને તેમ વધારે પ્રયત્ન કરવાની જરૂર છે.

જ્ઞાનના આરાધન માટે એટલે આત્માનો જ્ઞાન ગુણ જે અનાદિ કાલથી જ્ઞાનાવરણીય કર્મના સંયોગથી આવરાયેલો–ઢંકાયેલો છે, તેને પ્રગટ કરવા માટે અને જ્ઞાનાવરણીય કર્મનો ક્ષય–ક્ષયોપશમ કરવા માટે 'જ્ઞાનપંચમી'નું તપ ઉત્કૃષ્ટ સાધનભૂત છે. જ્ઞાનના આરાધન માટે શાસ્ત્રકારે, બીજ, પાંચમ અને અગિયારસ એ ત્રણ તિથિઓ બતાવી છે. પણ તેમાં મુખ્યતા પાંચમની વધારે છે. હાલમાં પ્રાયઃ પ્રવૃત્તિ પણ પંચમી તપ કરવાની વિશેષ છે.

આ તપ કોઈ પણ વર્ષના કાર્તિક માસની સુદ પાંચમથી ચાલુ કરાય છે. આ પંચમી 'સૌભાગ્ય પંચમી'ના નામથી પણ ઓળખાય છે. જ્ઞાન મેળવવાના ઉત્સુક ઇચ્છુક પૂ. સાધુ મહારાજ, પૂ. સાધ્વીજી મહારાજ તથા શ્રાવક શ્રાવિકાઓ આ તપ વિશેષ કરે છે.

P. P. Ac. Gunratansuriji M.S. Jin Gun Aaradhak Trust

આ તપ પાંચ વર્ષ અને પાંચ માસ સુધી કરવાનો છે, તે એકાસણાથી કે આયંબિલથી અથવા તિવિહાર ઉપવાસ કે ચઉવિહાર ઉપવાસથી કરવામાં આવે છે. શારીરિક શકિતવાળા તો આ તપ ઉપવાસથી જ કરે છે. મહિને મહિને ઉપવાસ ન કરી શકે તેઓએ પણ કાર્તિક સુદી પાંચમે તો અવશ્ય ઉપવાસ કરવો જોઈ એ. અને તે દિવસે બને ત્યાંસુધી આઠ પહોરનો પૌષધ કરવો જોઈએ.

આ તપના આરાધન માટે 'સંપૂર્ણવિધિ' કરવાની ઇચ્છાવાળાએ નીચે બતાવ્યા પ્રમાણે વિધિ દરેક માસની સુદ પાંચમે કરવી.

(૧) યથાશકિતએ ઇચ્છાનુસાર ઉપવાસ, આયંબિલ કે એકાસણું કરવું.
(૨) બન્ને ટંક (સવાર સાંજ) પ્રતિક્રમણ કરવું,
(૩) પાંચ અથવા ૫૧ લોગસ્સનો કાઉસગ્ગ× કરવો.
(૪) બન્ને ટંક પડિલેહણ કરવું.
(૫) ત્રણ વખત આઠ થોયથી અને પાંચ નમુત્થુણં આદિ વડે દેવ વાંદવા.
(૬) બે હજાર જાપ કરવા કે 'ॐ હ્રીં નમો નાણસ્સ'

×કાઉસગ્ગ કરવાનો વિધિ

ઇચ્છામિ ખમાસમણો દઈ ઇરિયાવહિ. તસ્સઉત્તરી અન્નત્થ કહી, એક લોગસ્સનો અથવા ચાર નવકારનો કાઉસગ્ગ કરવો પછી 'નમો અરિહંતાણં' પદ બોલી હાથ

P. P. Ac. Gunratansuriji M.S. Jin Gun Aaradhak Trust

એ મંત્ર-પદની વીસ નવકારવાલી એકાગ્ર મન રાખી ગણવી.

(૭) ત્રણ વખત જિનપૂજા કરવી. તેમાં હાથ પગની શુદ્ધિ કરીને સવારે વાસક્ષેપાદિથી પૂજા, બપોરે સ્નાન કરીને જલ ચંદન વિગેરે વડે અષ્ટપ્રકારી પૂજા અને સાંજે હાથપગની શુદ્ધિપૂર્વક ધૂપદીપ, આરતિ, મંગળ દીવાથી પૂજા કરવી.

(૮) પાંચમને દિવસે જ્ઞાન ધ્યાન વિશેષ કરવું, બને તો પૌષધ અવશ્ય કરવો.

(૯) નવું જ્ઞાન ભણવા માટે પ્રયત્ન કરવો, અને જ્ઞાન તેમજ જ્ઞાનીની ભકિત કરવી. જ્ઞાનની આશાતના ટાળવી.

(૧૦) જિન મંદિરમાં ભગવાન સન્મુખ અગર તો જ્ઞાનને પૂર્વ કે ઉત્તર દિશામાં સ્થાપન કરીને તેની સન્મુખ પાંચ દિવેટનો દીવો, ને પાંચ કે એકાવન

જોડી પ્રગટ લોગસ્સ કહેવો, પછી ઇચ્છામિ ખમાસમણો દઈને 'ઇચ્છાકારેણ સંદિસહ ભગવન્ મતિજ્ઞાન, શ્રુતજ્ઞાન, અવધિજ્ઞાન. મનઃપર્યવજ્ઞાન, કેવળજ્ઞાન એ પંચજ્ઞાન આરાધનાર્થં કાઉસ્સગ્ગ કરું" ઇચ્છં 'મતિજ્ઞાન શ્રુતજ્ઞાન અવધિજ્ઞાન, મનઃજ્ઞાન, કેવળજ્ઞાન, એ પંચજ્ઞાન આરાધનાર્થં કાઉસ્સગ્ગ'" 'વંદણ વત્તિયાએ. અન્નત્થ ઊસસિએણં.' ત્યાર્યાંચ અથવા એકાવન લોગસ્સનો કાઉસગ્ગ કરવો, જરૂર પારી, પ્રગટ લોગસ્સ કહેવો.

P. P. Ac. Gunratansuriji M.S. Jin Gun Aaradhak Trust

સાથીઆ ચોખાના કરવા. એટલી જ પ્રભુજીને કે જ્ઞાનને* પ્રદક્ષિણા દેવી. યથાશક્તિએ સાથીઆ ઉપર ફૂલ નૈવેદ્યાદિ ચડાવવા-મૂકવાં.

## : પંચમીનું સ્તવન :

પંચમી તપ તુમે કરો રે પ્રાણી, જેમ પામો નિર્મળ જ્ઞાન રે,
પહેલું જ્ઞાન ને પછી ક્રિયા, નહીં કોઈ જ્ઞાન સમાન રે. પંચમી૦૧
નંદીસૂત્રમાં જ્ઞાન વખાણ્યું, જ્ઞાનના પાંચ પ્રકાર રે,
મતિ શ્રુત અવધિ ને મનઃપર્યવ, કેવળજ્ઞાન ઉદાર રે. પંચમી૦ ૨
મતિ અઠાવીશ શ્રુત ચઉદહ વીશ, અવધિ છે અસંખ્ય પ્રકાર રે,
દોય ભેદે મનઃપર્યવ દાખ્યું, કેવળ એક શ્રીકાર રે. પંચમી૦ ૩
ચન્દ્ર સૂર્ય ગ્રહ નક્ષત્ર તારા, એ સહુ તેજ આકાશ રે;
કેવળજ્ઞાન સમું નહિ લોકાલોક પ્રકાશ રે. પંચમી૦ ૪
પારસનાથ પસાય કરીને, પૂરો અમારી ઉમેદ રે;
સમયસુંદર કહે હું પણ માગું, જ્ઞાનનો પાંચમો ભેદ રે. પંચમી૦૫

---

*જ્ઞાનની પ્રદક્ષિણા દેવાના દુહા

અધ્યાત્મ જ્ઞાને કરી, વિઘટે ભવભ્રમ ભીતિ ।।
સત્ય ધર્મ તે જ્ઞાન છે, નમો નમો જ્ઞાનની રીતિ ।।૧।।
નાણ સ્વભાવ જે જીવનો, સ્વપર પ્રકાશક જેહ ।।
તેહ નાણ દીપક સમું, પ્રણમો ધરી સસનેહ ।।રી
બહુ ક્રોડો વરસે ખપે, કર્મ અજ્ઞાને જેહ ।। રનો
જ્ઞાની શ્વાસોશ્વાસમાં કર્મ ખપાવે તેહ હાથ

P. P. Ac. Gunratansuriji M.S. Jin Gun Aaradhak Trust

ૐ

પૂ. શ્રીમદ્ વિજયનેમિસૂરીશ્વર-વિજયઅમૃતસૂરીભ્યાં નમઃ

# જ્ઞાનપંચમીનો મહિમા

યાને

# વરદત્ત-ગુણમંજરી

**લેખક : પૂ.સાહિત્યપ્રેમી, પ્રવર્તક મુનિશ્રી નિરંજનવિજયજી મ.**

કર્મ આગળ કોઈનુંય ચાલતું નથી. એના નચાવ્યા સૌએ નાચવાનું છે. ખુદ શ્રી તીર્થંકર ભગવંતો પણ એનાથી મુક્ત રહી શક્યા નો'તા, તો પછી બીજાની વાત જ શું કરવી ?

આ જંબૂદ્વીપના દક્ષિણ ભરતક્ષેત્રમાં ગગનચુંબી મહેલાતોથી શોભતું પદ્મપુર નામે નગર હતું. આ નગરમાં હિંસા તો તલવારમાં, બંધન તો પુષ્પોને અને દંડ તો દેવમંદિરોનાં શિખર ઉપર જ હતા. એટલે આ નગરની પ્રજા અહિંસક અને નીતિમાન હતી. અન્યાય કાર્યથી સૌ કોઈ દૂર હતા. આ ઉપરાંત પ્રજાને પણ રાજા તરફથી ભય કે બંધન ન હતાં. વેપાર વ્યવસાયમાં પ્રજા પણ ન્યાયી હોવાથી રાજાને કોઈ જાતની શિક્ષા કરવાની પણ જરૂર પડતી નહિ.

P. P. Ac. Gunratansuriji M.S. Jin Gun Aaradhak Trust

આ નગરીમાં અજિતસેન નામનો પ્રજાપ્રેમી રાજા રાજ કરતો હતો. તેની કીર્તિ સૂર્યના કિરણોની માફક પૃથ્વીમાં ચારે દિશાએ પ્રસરેલી હતી. તે ન્યાયી અને ધર્મપ્રેમી હતો. તેને શીલ ગુણથી યુક્ત રૂપ લાવણ્યવાળી યશોમતી નામે પટરાણી હતી. તે સ્ત્રીઓની ચોસઠ કલામાં ચતુર હતી.

સંસારનાં સુખ ભોગવતા તેમને એક પુત્ર થયો. તેનું નામ વરદત્ત રાખવામાં આવ્યું. તે રાજકુમાર ઘણો રૂપવાન હતો. તેથી સૌ કોઈ તેને વહાલથી રમાડતા. માતપિતા પણ ખૂબ લાડથી ઉછેરતા. પાંચ ધાવમાતાથી લાલનપાલન કરાતો, રાજકુમાર અનુક્રમે આઠ વર્ષનો થયો ત્યારે તેને ભણવા માટે યોગ્ય જાણી, નગરના શ્રેષ્ઠ પંડિત પાસે તેને ભણવા મૂકયો.

પંડિત પણ તેને રાજકુમાર જાણી ખૂબ પ્રેમથી મહેનત કરીને ભણાવવા લાગ્યો. પરંતુ કુમારને એક અક્ષર પણ આવડતો નહિ. રાજકુમારે પૂર્વ ભવમાં કોઈને ભણતાં જ્ઞાનમાં અંતરાય કર્યો હશે? અથવા તો જ્ઞાનની વિરાધના કરી હશે? ગમે તેમ હોય પણ તેને એક અક્ષર પણ મોઢે ચડતો નહિ. તો પછી મોટા મોટા ગ્રંથો

P. P. Ac. Gunratansuriji M.S. Jin Gun Aaradhak Trust

વ્યાકરણ અને બીજાં શાસ્ત્રો ભણવાની તો વાત જ ક્યાં કરવી ? પંડિત પણ ખૂબ પ્રયત્ન કરી કરીને નિરાશ થઈ ગયો.

રાજકુમાર અનુક્રમે યૌવન અવસ્થાએ પહોંચ્યો. એને સુંદર સ્ત્રીઓ પરણાવી, ત્યારે તેને પૂર્વ ભવના કોઈ અશુભ કર્મોથી આખા શરીરે કોઢ વિગેરે મહારોગ વ્યાપ્યા. તે રોગોથી તેના શરીરનું રૂપ બગડી ગયું. તે કોઈને જોવો પણ ન ગમે એવો કદરૂપો બની ગયો. જેમ જેમ દિવસો જવા લાગ્યા તેમ તેમ તે ઘણો દુઃખી થવા લાગ્યો. રાજાએ પણ સારા સારા પ્રસિદ્ધ વૈદ્યોને બોલાવી તેમની પાસે અનેક ઔષધિઓ વડે ઘણા ઉપચારો કરાવ્યા, છતાં વ્યાધિમાં કાંઈ ફેર પડયો નહિ. દિવસ પછી દિવસો જતા મહિના થયા, અને મહિના પછી મહિનાઓ વહી જતા દુઃખમાં રાજકુમારનાં વર્ષો વહી ગયા. રાજકુમારને ક્યાંયે સુખ કે આરામ મળતો નહિ. આ કારણથી રાજા હંમેશાં પુત્રની ચિંતામાં દિવસો પસાર કરતો હતો, મહારાણી પણ પુત્રના સ્નેહને લીધે ઘણી દુઃખી થતી હતી. પણ કર્મ પાસે કોનું ચાલે ? કર્મને કોઈની શરમ નથી. પોતે કરેલાં કર્મ ભોગવ્યે જ છૂટકો છે. રાજકુમારના દુઃખે બધાં દુઃખપૂર્વક દિવસો પસાર કરતાં હતાં.

P. P. Ac. Gunratansuriji M.S. Jin Gun Aaradhak Trust

તે જ નગરમાં સાત કોટિ સોના મહોરોનો માલિ અને જૈનધર્મી સિંહદાસ નામનો શ્રેષ્ઠિ રહેતો હતો. તે- કપૂરતિલકા નામે ગુણ અને શીલથી શોભતી પતિન ઇચ્છાને અનુસરનારી સ્ત્રી હતી. તેમને 'ગુણમંજરી નામની પુત્રી થઈ. આ પુત્રી જન્મથી જ રોગિષ્ટ અને મૂંગી હતી. માતાપિતાએ પાણીની જેમ પૈસાનો વ્યય કરીને ઘણા ઘણા ઉપચારો કરવા છતાં પુત્રીનો રોગ દૂર થયો નહિ, અનુક્રમે તે યૌવન અવસ્થાને પામી પરંતુ આવી રોગી અને મૂંગી કન્યાને પરણવા કોઈ તૈયાર થતું નહિ. આ કારણથી સિંહદાસ શેઠ અને તેની પત્ની દુઃખમાં દિવસો પસાર કરતાં હતાં.

એક અવસરે તે નગર બહાર ઉદ્યાનમાં [૧]ચાર જ્ઞાનના ધારક મહાપ્રભાવશાળી પૂજ્ય વિજયસેનસૂરીશ્વરજી નામના ગુરુભગવંત પરિવાર સહિત પધાર્યા. વનપાલકની વધામણી સાંભળી રાજા પોતાના પુત્ર 'વરદત્ત' સાથે અને સિંહદાસ શ્રેષ્ઠિ પોતાની પુત્રી 'ગુણમંજરી' અને પરિવાર સાથે તેમજ નગરના અન્ય પ્રજાજનો પણ પોતપોતાના પરિવાર સાથે વંદન કરવા ઉદ્યાનમાં આવ્યા.

૧ મતિજ્ઞાન, ૨ શ્રુતજ્ઞાન. ૩ અવધિજ્ઞાન, ૪ મનઃપર્યવજ્ઞાન

P. P. Ac. Gunratansuriji M.S.                    Jin Gun Aaradhak Trust



કારાજ દેશના આપે છે. તેમાં ગુણમંજરી ને વરદત્તનો પૂર્વભવ કહે છે.

ગુરુ મહારાજને વંદના કરી ત્રણ પ્રદક્ષિણા દઈ દેશના સાંભળવા સૌ પોતપોતાને યોગ્ય સ્થાને બેઠાં. મહારાજે પણ અમૃત સમાન મધુરી દેશના આપ શરૂ કરી–

"હે ભવ્ય જીવો! આ અસાર સંસારના બંધનો છૂટી જો મોક્ષસુખ મેળવવાની ઇચ્છા હોય તો 'જ્ઞાન સારી રીતે આરાધના કરવી જોઈએ. કારણ કે [२]જ્ઞાન મિથ્યાત્વરૂપી અંધકારને નાશ કરવામાં સૂર્ય સમાન જ્ઞાન એ નીતિરૂપી નદીને નીકળવા માટે કુલગિરિ-પર્વ સમાન છે. જ્ઞાન એ ક્રોધ, માન, માયા અને લોભ ચાર કષાયને દૂર કરનાર છે. જ્ઞાન એ મુક્તિને વશ કરવા પવિત્ર મંત્ર છે. જ્ઞાન એ મનને નિર્મલ કરનાર છે. ત જ્ઞાન એ દેવગતિમાં જવા માટે પટહ (એક જાતનું વાજિં સમાન છે. એટલું જ નહિ, પણ જ્ઞાન એ લક્ષ્મી નિદાન-કારણ છે."

---

२ ज्ञानं स्यात्कुमतान्धकारतरणी ज्ञानं जगल्लोचनं,
ज्ञानं नीतितरङ्गिणीकुलगिरिं ज्ञानं कषायापहम्
ज्ञानं निर्वृतिवश्यमन्त्रममलं ज्ञानं मनः पावनं,
ज्ञानं स्वर्गगतिप्रयाण पटहं ज्ञानं निदानं प्रियः॥

P. P. Ac. Gunratansuriji M.S. Jin Gun Aaradhak Trust

પરમોપકારી જ્ઞાની ભગવંતોએ જ્ઞાનનું સ્વરૂપ પાંચ ભેદે વર્ણવ્યું છે.–૧ મતિજ્ઞાન, ૨ શ્રુતજ્ઞાન, ૩ અવધિજ્ઞાન, ૪ મનઃપર્યવજ્ઞાન, ૫ કેવલજ્ઞાન એમ જ્ઞાનના પાંચ ભેદ જાણવા.

૧ પાંચ ઇંદ્રિયો અને મન એ છ દ્વારા નિયત વસ્તુનો જે મર્યાદિત બોધ થાય તે[3] મતિજ્ઞાન કહેવાય છે.

૨ શાસ્ત્રવાંચન–શ્રવણ દ્વારા અને શાસ્ત્રના આધારે જે મર્યાદિત જ્ઞાન થાય તે શ્રુતજ્ઞાન કહેવાય છે, તે પણ ઇંદ્રિય અને મન દ્વારાએ થાય છે.

આ બન્ને જ્ઞાનને પરોક્ષ[4] કહ્યાં છે, કારણ કે આ બેથી ઇન્દ્રિય અને મન દ્વારાએ આત્માને બોધ થાય છે.

---

૩ સિદ્ધાંતમાં મતિજ્ઞાનનું બીજું નામ અભિનિબોધિક જ્ઞાન કહ્યું છે તેમાં અભિ એટલે સન્મુખ રહેલ, નિ એટલે નિયત અથવા જે જે ઇન્દ્રિયોનો જે જે વિષય કહ્યો છે તે તે સંબંધી બોધ એટલે જ્ઞાન.

૪ લોકોમાં ઇન્દ્રિય દ્વારાએ થતા જ્ઞાનને પ્રત્યક્ષ કહેવામાં આવે છે. તે અપેક્ષાએ આ બન્ને જ્ઞાનને લૌકિક પ્રત્યક્ષ કહ્યાં છે. પણ સિદ્ધાંતમાં ઇન્દ્રિયની અપેક્ષા વિના થતા જ્ઞાનને પ્રત્યક્ષ કહેલા છે. તેથી અહીં બન્ને જ્ઞાનને પરોક્ષ કહ્યાં છે

P. P. Ac. Gunratansuriji M.S. Jin Gun Aaradhak Trust

૩ ઇન્દ્રિયની અપેક્ષા વિના આત્મા દ્વારાએ થતું રૂપી–દ્રવ્યનું મર્યાદિત જ્ઞાન તે અવધિજ્ઞાન કહેવાય છે.

૪ અઢી દ્વીપમાં રહેલાં સંજ્ઞી (મનવાળા) પંચેદ્રિય જીવોના મનોભાવ (મનમાં કરેલા વિચારો) ને પ્રત્યક્ષ (આત્મસાક્ષીએ) જાણવા તે મનઃપર્યવજ્ઞાન કહેવાય છે.

૫ લોક–અલોક (લોકાલોક) ના રૂપી અરૂપી સર્વ દ્રવ્ય (સર્વ પદાર્થ) અને તે દરેકના સર્વ (અનંત) પર્યાયોને એક સમયે સાક્ષાત્ જાણે તે કેવલ જ્ઞાન કહેવાય છે.

અવધિ, મનઃપર્યવ અને કેવલ એ ત્રણે જ્ઞાન પ્રત્યક્ષ છે, છતાં તેમાં પણ ન્યૂનાધિકતા છે. અવધિજ્ઞાન અને મનઃપર્યવજ્ઞાન મર્યાદિત હોઈ દેશ પ્રત્યક્ષ કહેલાં છે. જ્યારે[5] કેવલજ્ઞાન અમર્યાદિત હોવાથી સર્વ પ્રત્યક્ષ છે.

જ્ઞાયતે પરિચ્છિદ્યતે વસ્તુ અનેન ઇતિ જ્ઞાનં "જેના વડે વસ્તુ જણાય–ઓળખાય તે આત્માના ગુણને જ્ઞાન કહેવામાં આવે છે." આત્માના અનંત ગુણો છે તેમાંનો

---

૫ કેવળજ્ઞાનને એક, અક્ષય, અનંત, અવ્યાબાધ અને અસાધારણ જ્ઞાન પણ કહેલ છે.

P. P. Ac. Gunratnasuriji M.S. Jin Gun Aaradhak Trust

પ્રથમ ગુણ જ્ઞાન છે. જ્ઞાનાવરણીય કર્મના ક્ષયોપશમથી તે જ્ઞાનનું ઓછાવત્તાપણું જીવ વિશેષમાં જોવામાં આવે છે, તે જ્ઞાનાવરણીય કર્મના સંપૂર્ણ ક્ષયથી કેવળ-જ્ઞાનરૂપી સૂર્ય આત્મઘટમાં પ્રગટ થાય છે. જેનાથી દુનિયામાં રહેલી કોઈ પણ વસ્તુ અજાણી રહેતી નથી; જેમ સૂર્ય તમામ વસ્તુને પ્રકાશિત કરે છે, તેવી રીતે કેવલજ્ઞાની તમામ વસ્તુનું સ્વરૂપ-ત્રણે કાળને વિષે હાથમાં રહેલ આમળાની માફક જાણે છે."

"આ ઉપરથી જ્ઞાનનું મહત્ત્વ સમજી શકાશે, માટે આત્મામાં ઢંકાઈ રહેલ જ્ઞાન જેવા અમૂલ્ય ગુણને પ્રગટ કરવા માટે સર્વ કોઈએ પ્રયત્ન કરવો જોઈએ. જે કોઈ સમજણ વિના પણ મનથી જ્ઞાનની વિરાધના-આશાતના કરે છે તે આ ભવમાં ને પરભવમાં વિવેકરહિત તથા શૂન્ય મનવાળા થાય છે, જે દુષ્ટ બુદ્ધિવાળા જ્ઞાનને વચનથી વિરાધે છે-જ્ઞાનની આશાતના કરે છે, તેઓ મૂંગાપણું અને મુખના રોગને પામે છે. તથા જેઓ કાયાથી જ્ઞાનને વિરાધે છે-આશાતના કરે છે, તેઓના શરીરમાં નિંદવા લાયક કોઢ વગેરે દુષ્ટ રોગો થાય છે. જે મૂર્ખાઓ મન, વચન અને કાયા વડે જ્ઞાનની વિરાધના પોતે કરે છે અને બીજા પાસે કરાવે છે તેઓનાં પુત્રો,



P. P. Ac. Gunratansuriji M.S. Jin Gun Aaradhak Trust

સ્ત્રી, મિત્ર વગેરેનો ક્ષય થાય છે, પરભવમાં ધન ધાન્યને નાશ થાય છે. તથા મનની અને શરીરની પીડા વગેરે દુઃખો પામે છે.”

આ પ્રમાણેની પૂજ્ય ગુરુ મહારાજની દેશના સાંભળીને સિંહદાસ શેઠે પૂછયું, “હે પૂજ્ય ગુરુ ભગવંત! આ મારી પુત્રી ‘ગુણમંજરી’ કયા કર્મને લીધે મૂંગી થઈ છે, તે આપ કૃપા કરીને જણાવો.”

પૂજ્ય ગુરુ મહારાજે પોતાના જ્ઞાનના પ્રભાવથી ઉપયોગ મૂકીને જણાવ્યું, “હે ભાગ્યવંત! આ અસાર સંસારમાં ખરેખર પ્રાણીઓને કર્મ વડે કરીને કયું દુઃખ પ્રાપ્ત થતું નથી? એટલે કે શુભ અથવા અશુભ કરેલાં કર્મો પોતાને ભોગવવાં પડે છે, તેમાં કોઈનો છૂટકો થતો નથી. માટે ગુણમંજરીનો પૂર્વભવ હું કહું છું, તે તમો ધ્યાન દઈને સાંભળો—

ધાતકી ખંડના મધ્ય ભાગમાં ખેટક નામે એક નગર હતું. ત્યાં જિનદેવ નામનો ધર્મપરાયણ શેઠ રહેતો હતો. તેને સુંદરી નામે સ્ત્રી હતી. આશપાળ, તેજપાળ, ગુણપાળ, ધર્મપાળ અને ધર્મસાર નામના પાંચ પુત્રો તથા લીલાવતી, શીલાવતી, રંગાવતી અને મંગાવતી નામની ચાર પુત્રીઓ

હતી. અનુક્રમે ઉંમર લાયક થતાં પાંચે પુત્રોને ભણવાને માટે મહોત્સવપૂર્વક નિશાળે મૂકવામાં આવ્યા, પરંતુ ત્યાં જઈને તેઓ કંઈ પણ ભણતા નહિ, પરંતુ તોફાનમસ્તીમાં દિવસો પસાર કરતા હતા. જ્યારે મહેતાજી-ઉપાધ્યાય ભણાવતા ત્યારે મન રમતમાં રાખી એક બીજાની ઠઠ્ઠા-મશ્કરી કરતા. અને મહેતાજી ઠપકો આપતા ત્યારે અવિનયપણે સામો જવાબ આપતા.



તોફાનમસ્તીમાં દિવસો પસાર કરતા.

એક વખત આ પુત્રો નિશાળે ગયા હતા ત્યાં તેઓ ભણવામાં ધ્યાન આપતા નહિ હોવાથી મહેતાજીએ કમ્બાગ્રે વસતિ વિદ્યા—સોટીના અગ્રભાગે વિદ્યા વસે છે, એવું વિચારી તેમને ધમકાવી યોગ્ય શિક્ષા કરી, તેથી રડતા રડતા પુત્રો ઘેર આવ્યા અને માતા પાસે ફરિયાદ

P. P. Ac. Gunratansuriji M.S. Jin Gun Aaradhak Trust

કરી, 'મા ! જુઓ અમોને મહેતાજી રોજ મારે છે, માટે આજથી અમે નિશાળે નહિ જઈએ.'

તે સાંભળી તેઓની માતાએ પુત્રોનું ઉપરાણું લઈ બીજે દિવસે મહેતાજીને ઠપકો આપ્યો અને પુત્રોને કહ્યું, 'આપણે હવે ભણવાની કાંઈ જરૂર નથી. કદાચ મહેતાજી બોલાવવા આવે તો પથરા વિગેરેથી મારીને પાછા કાઢજો. તેથી તમારું હંમેશનું ભણવા માટેનું દુઃખ મટી જશે.' આવું પુત્રોને શીખવ્યું. અને વધુમાં કહ્યું, [૬]'અભણ–મૂર્ખને જેમ મરવાનું છે તેમ ભણેલાને પણ મરવાનું તો છે, તો ફોગટ કંઠશોષ–પ્રયત્ન શા માટે કરવો ?'

પુત્રોને આવી ઉલટી શિખામણ આપી તે ક્રોધમાં આવી જઈને ભણવાનાં પુસ્તકો, પાટી વગેરે ભેગાં કરીને અગ્નિમાં નાખી બાળવા લાગી.

એવામાં જિનદેવ શેઠ બહારથી ઘેર આવ્યા. શેઠ સ્ત્રીને પુસ્તકો બાળતી જોઈ તેના હાથમાંનાં બાકીનાં પુસ્તકો બચાવી લઈ ઠપકો આપી કહેવા લાગ્યા, 'હે મૂર્ખી ! આ તું શું કરે છે ! જો આ પુત્રોનું હિત તારા હૃદયમાં

૬ પઠિતેનાપિ મર્તવ્યં, તથૈવા–પાઠતેન ચ ।
ઉભયોર્મરણં દૃષ્ટ્વા કણ્ઠશોષં કરોતિ કઃ ? ॥ ૧ ॥

P. P. Ac. Gunratansuriji M.S. Jin Gun Aaradhak Trust



જિનદેવ શેઠ પુસ્તકો બાળતી સુંદરીને રોકે છે.

વસ્યું હોત તો તું આવું ન કરત. પુત્રોને અભણ રાખીશ તો કન્યા કોણ આપશે? અને વેપાર પણ શી રીતે કરી શકશે? કહ્યું છે, 'જે માતા–પિતાએ પોતાના પુત્ર પુત્રીઓને ભણાવ્યા નથી તેવા માતા ને પિતા પુત્રોના વેરી જાણવા. જેમ હંસોની સભામાં બગલા શોભતા નથી, તેમ વિદ્વાનોની સભામાં તે શોભતા નથી.'

૭ માતા શત્રુઃ પિતા વૈરી યેન બાલો ન પાઠિતઃ ।
સભામધ્યે ન શોભતે હંસમધ્યે બકો યથા ॥ ૨ ॥

P. P. Ac. Gunratansuriji M.S. Jin Gun Aaradhak Trust

આ સાંભળી સ્ત્રી શેઠને કહેવા લાગી, 'તમે પોતે જ પુત્રોને ભણાવોને ? તમે શા માટે ભણાવતા નથી !' આમ ભણાવવાની બાબતમાં શેઠ–શેઠાણીને ઘણીવાર ગરમા-ગરમ ચર્ચા થતી અને ઘણીવાર શેઠ, શેઠાણીને અને પુત્રપુત્રીઓને પાસે બેસાડી શાંતિપૂર્વક ભણતરનું મહત્ત્વ પણ સમજાવતા–



જિનદેવ શેઠ સ્ત્રીને તથા પુત્ર પુત્રીઓને ભણતરનું મહત્ત્વ સમજાવે છે.

'જ્ઞાન વગરનો નર પશુ કહેવાય છે. વિદ્વાન તથા

P. P. Ac. Gunratansuriji M.S.                    Jin Gun Aaradhak Trust

રાજા એ બંનેની સરખામણી કરતાં એક કવિએ કહ્યું છે, 'વિદ્વાનપણું[૮] અને રાજાપણું' કોઈ પણ કાળે સરખું ન કહી શકાય. કારણ કે રાજા પોતાના દેશમાં જ પૂજાય છે, જ્યારે વિદ્વાન પોતાની વિદ્યાના પ્રભાવે જ્યાં જાય ત્યાં પૂજાય છે. અર્થાત્ તે માન, સત્કાર, આબરૂ તથા પૂજાને પ્રાપ્ત કરે છે અને પોતાને યોગ્ય સ્થાન મેળવી શકે છે.'

અનુક્રમે પુત્રો મોટા થયા, પણ ભણેલા નહિ હોવાથી તેમને કોઈ કન્યા આપતું નથી. અને અભણ પુત્રીઓને પણ કોઈ લેતું નથી.

ત્યારે શેઠે કહ્યું, 'હે અભાગણી! તેં આ પુત્રોને મૂર્ખ રાખ્યા, તેથી તેઓને કોઈ કન્યા પણ આપતું નથી.'

શેઠનાં વચન સાંભળી સ્ત્રી ક્રોધમાં આવી ગઈ અને બોલી : 'તારો બાપ અભાગી, પુત્રો ન ભણ્યા તેમાં મારો શો દોષ છે!'

સ્ત્રીનાં આવાં કટુ વચન સાંભળતાં શેઠના ક્રોધનો પાર ન રહ્યો અને ક્રોધમાં ને ક્રોધમાં નહિ કરવાનું કરી બેઠા, એટલે કે પાસે પડેલો પથરો લઈને સ્ત્રીને માર્યો.

---

૮ વિદ્વત્વં ચ નૃપત્વં ચ, નૈવ તુલ્યં કદાચન ।
સ્વદેશે પૂજ્યતે રાજા, વિદ્વાન સર્વત્ર પૂજ્યતે ॥ ૧ ॥

P. P. Ac. Gunratansuriji M.S. Jin Gun Aaradhak Trust

તે પથરો તેને એવા મર્મસ્થાનમાં વાગ્યો કે તત્કાળ જ તે પરલોક પહોંચી ગઈ અને ત્યાંથી મરીને આ તારી 'ગુણમંજરી' નામની પુત્રી થઈ છે. તેણીએ પૂર્વ ભવમાં પુસ્તકો વગેરે બાળીને જ્ઞાનની વિરાધના કરી હતી, તેથી જ આ ભવમાં તે મૂંગી તથા રોગી થઈ છે.

[૯]કરેલાં કર્મનો નાશ ભોગવ્યા સિવાય થતો જ નથી. સારું કે નરસું કરેલું કર્મ ભવાન્તરમાં–પછીના ભવોમાં પણ અવશ્ય ભોગવવુ જ પડે છે."

ગુરુ મહારાજના આ વચન સાંભળી 'ગુણમંજરી'ને જાતિસ્મરણ જ્ઞાન થયું. ક્ષણવારમાં મૂર્છા પામી. મૂર્છામાંથી જાગૃત થઈ. અને તેણે જાતિસ્મરણ જ્ઞાનથી પોતાનો પૂર્વ ભવ પૂ. ગુરુ મહારાજે કહ્યો તે પ્રમાણે જોયો. તેથી પૂ. ગુરુ મહારાજને કહ્યું: "હે પૂજ્ય ભગવંત ! આપે કહ્યું તે બરાબર છે."

ત્યાર પછી શેઠે ગુરુ મહારાજને પૂછ્યું, "હે દયાસાગર ! આ રોગ શાથી દૂર થાય ? તેનો કોઈ ઉપાય કૃપા કરી બતાવો."

---

૯ કૃતકર્મ ક્ષયો નાસ્તિ, કલ્પકોટિશતૈરપિ ।
અવશ્યમેવ ભોક્તવ્યં, કૃતં કર્મ શુભાશુભમ્ ॥૨॥

P. P. Ac. Gunratansuriji M.S.                    Jin Gun Aaradhak Trust

ગુરુદેવ બોલ્યા, "જ્ઞાનપંચમી એટલે કારતક સુદી પાંચમની આરાધના કરવી. તે દિવસે ચોવિહાર અથવા તિવિહાર ઉપવાસ કરવો. તથા જ્ઞાનને ઊંચા આસને સ્થાપન કરવું. (જુઓ–વિધિ પેજ ૯ મા ઉપર)

'ૐ હ્રીઁ નમો નાણસ્સ'ની વીસ નવકારવાળી ગણવી. સુગંધી ફૂલ તથા વાસક્ષેપથી જ્ઞાનની પૂજા કરવી. ધૂપ કરવો. પાંચ દિવેટનો દીપક કરવો. પાંચ વર્ણનાં ધાન્ય, પાંચ જાતના પકવાન તથા પાંચ જાતનાં ફળો મૂકીને ચોખાના એકાવન સાથિયા કરવા, જ્ઞાન માંડયું હોય તેની સન્મુખ જ્ઞાનનું ચૈત્યવંદન, 'જંકિંચિ' 'નમોત્થુણં,' 'જાવંતિ,' 'ખમાસમણો,' 'જાવંત કેવિ સાહૂ,' 'નમોઽર્હત્' કહી જ્ઞાનનું સ્તવન કહી, 'જય વીયરાય' કહી ચૈત્યવંદન પૂરો કરવો. કાઉસગ્ગ કરવો. એમ જાવજ્જીવ સુધી કારતક સુદી પાંચમનું આરાધન કરવું.

અથવા બીજી રીતે કરવું હોય તો પાંચ વરસ અને પાચ માસ સુધી દરેક માસની અજવાળી પાંચમને દિવસે ઉપલો વિધિ કરવો. અને જ્ઞાનનું આરાધન કરવું કે જેથી જ્ઞાનની પ્રાપ્તિ થાય. જો તે દિવસે–પાચમને દિવસે

P. P. Ac. Gunratansuriji M.S. Jin Gun Aaradhak Trust

પૌષધ કર્યો હોય તો પૌષધ કર્યા પહેલાં અથવા પછી બીજે દિવસે-પારણાને દિવસે, દીપક, ધાન્ય, ફળ, ફૂલ વિગેરેથી જ્ઞાનની પૂજન વિધિ કરવી.

આ વિધિ સાંભળીને 'ગુણમંજરી'એ તે વિધિ પ્રમાણે કરવાનું પૂ. ગુરુ મહારાજ પાસે ઉલ્લાસપૂર્વક સ્વીકાર્યું અને તે પ્રમાણે તેમ જાવજ્જીવ-જિંદગી સુધી તે વિધિ ભાવથી કરી.

હવે તે વખતે વંદન કરવા આવેલ અજીતસેન મહારાજાએ ગુણમંજરીનો પૂર્વભવ સાંભળીને કર્મની વિચિત્રતાનો ખ્યાલ આવતાં પોતાના લાડીલા પુત્ર માટે પણ પૂ. ગુરુ મહારાજને પૂછવાનો વિચાર કર્યો.

અજિતસેન મહારાજાએ પૂછયું, "હે પૂજ્ય ગુરુ ભગવંત ! આ મારો 'વરદત્ત' કુમાર કયા કર્મે કરીને કુષ્ઠ રોગી થયો છે ? એને ભણાવવા માટે ઘણા ઉપાયો કર્યા છતાં તે એક અક્ષર પણ ભણી શકતો નથી. તેનું શું કારણ હશે ? તે કૃપા કરી જણાવો."

ગુરુ મહારાજે કહ્યું, "હે રાજન્ ! તમારા પુત્ર વરદત્તનો પૂર્વ ભવ હું કહું છું તે તમે ચિત્ત દઈને સાંભળો—

P. P. Ac. Gunratansuriji M.S. Jin Gun Aaradhak Trust

આ જબૂદ્વીપના ભરતક્ષેત્રમાં શ્રીપુર નામે નગર હતું. તે નગરમાં વસુ નામે એક ધનવાન શેઠ રહેતો હતો. તેને વસુસાર અને વસુદેવ નામે બે પુત્રો હતા.

એક વખતે આ બંને પુત્રો કેટલાક બાળકો સાથે રમતા રમતા વનમાં ગયા. તે અવસરે તે જ વનમાં શ્રીમુનિસુંદર નામના કોઈ પૂ આચાર્ય મહારાજ પરિવાર સહિત પધાર્યા હતા. અને એક વૃક્ષ નીચે શુદ્ધ ભૂમિમાં આસન જમાવીને બેઠા હતા.

આસપાસ કેટલાક શિષ્યો બેઠા હતા અને ગામમાંથી આવીને કેટલાક ભાવિકો તથા સાધ્વીજી મહારાજ અને શ્રાવિકાઓ વગેરે ત્યાં ઉપદેશ સાંભળવા બેઠા હતા.

તે અવસરે આ વસુસાર અને વસુદેવ નામના બંને શ્રેષ્ઠિ પુત્રો રમતા રમતા અન્ય બાળકો સાથે ત્યાં આવી ચડયા. તે બંને ભાઈ પૂજ્ય ગુરુમહારાજ સન્મુખ ઉપદેશ સાંભળવા બેઠા.

પૂજ્ય આચાર્ય ભગવંતે ઉપદેશ આપતાં કહ્યું, આ સંસાર અનેક પ્રકારની ચિત્રવિચિત્ર ઘટનાઓથી ભરપૂર છે. તેમાં આ આત્મા અનેક પ્રકારનાં સુખ અને

P. P. Ac. Gunratansuriji M.S. Jin Gun Aaradhak Trust



વસુસાર અને વસુદેવ રમતાં રમતાં ગુરુમહારાજ પાસે આવ્યા.

:ખને અનુભવે છે. ખરેખર કહીએ તો સંસાર એ એક નાટયશાળા છે. જેમ નાટકમાં એક જ પુરુષ જુદા જુદા પ્રકારના વેશો સજીને આવે છે, અને પોતાનો પાઠ ભજવી ચાલ્યો જાય છે. અર્થાત્ કોઈ વખત રાજા બનીને આવે છે તો કોઈક વખત રંક બનીને આવે છે; તેવી રીતે જ આ આત્મા સંસાર રૂપ ચાર ગતિમાં ભમે છે અને સુખ ને દુઃખના અનુભવો કરે છે. આ સંસારની ક્ષણભંગુરતા જ્ઞાની ભગવંતોએ બહુ સુંદર રીતે બતાવી છે.

જે [૧૦]ધાન્ય સવારમાં રાંધ્યું હોય તે મધ્યાહ્ને બપોરે-ચલિત રસવાળું-બેસ્વાદ થઈ જાય છે માટે તેવા રસથી ઉત્પન્ન થયેલ અને વૃદ્ધિ પામેલ, આ કાયામાં સારભૂત શું હોઈ શકે! અર્થાત્ [૧૧]જે પ્રભાતે છે તે મધ્યાહ્નને દેખાતું નથી અને જે મધ્યાહ્નને છે તે રાત્રીએ દેખાતું નથી. માટે હે મહાનુભાવો! આ સંસારમાં પદાર્થોનું ક્ષણભંગુરપણું-અનિત્યપણું તો જુઓ!

માટે આ કાયાથી ધર્મ સાધી લેવો એ જ સાર છે.

---

૧૦ યત્પ્રાતઃ સંસ્કૃતં ધાન્યં, મધ્યાહ્ને તદ્વિનશ્યતિ ।
તદીયરસનિષ્પન્ને, કાયે કા નામ સારતા ? ॥ ૧ ॥

૧૧ યત્પ્રાતસ્તન્ન મધ્યાહ્ને, યન્મધ્યાહ્ને ન તન્નિશિ ।
નિરીક્ષ્યતે ભવેઽસ્મિન્ હિ, પદાર્થાનામનિત્યતા ॥૧॥

P. P. Ac. Gunratansuriji M.S. Jin Gun Aaradhak Trust

ધર્મ એ જ આ આત્માને માટે તારણહાર છે. ધર્મ અને નીતિ વગરનું માનવજીવન બકરીના ગળાના આંચળ જેવું નિરર્થક છે. [૧૨]જેમ કૂતરાનું પૂછડું તેની ગુદા (પુંઠ)ને ઢાંકી શકતું નથી તથા ડાંસ અને મચ્છરને પણ ઉડાડવાને ઉપયોગી થતું નથી; તેમ ધર્મ વિનાનું માનવજીવન પણ નિરર્થક છે."

આ પ્રમાણે પૂ. ગુરુ મહારાજની વૈરાગ્યપૂર્ણ અને સંસારની અસારતાદર્શક ધર્મદેશના સાંભળીને 'વસુસાર' અને 'વસુદેવ' એ બન્ને શ્રેષ્ઠિ પુત્રોને વૈરાગ્ય ઉત્પન્ન થયો અને ઘેર આવી માતાપિતાની સંમતિ લઈ પૂ. ગુરુ મહારાજ પાસે દીક્ષા અંગીકાર કરી.

તેમાં નાના ભાઈ વસુદેવ ઉલ્લાસભાવે શુદ્ધ ચારિત્રનું પાલન કરતાં પૂ. ગુરુ મહારાજ પાસે વિનય અને ભક્તિપૂર્વક અભ્યાસ કરવા લાગ્યા. અનુક્રમે ખંતથી જ્ઞાનાભ્યાસ અને અપૂર્વ ગુરુભક્તિની સાથેસાથ ઇન્દ્રિય દમનપૂર્વક આત્મસાધના કરતાં સુંદર જ્ઞાન વિકાસ સાધવા લાગ્યા. શિરછત્રરૂપ પૂ. ગુરુ મહારાજના પ્રેમ

---

૧૨ ન ગુહ્યરક્ષણે દક્ષં, ન દંશમશકાપહમ્ ।
શુનઃપુચ્છમિવ વ્યર્થં, માનુષ્યં ધર્મવર્જિતમ્ ॥ ૨ ॥

P. P. Ac. Gunratansuriji M.S. Jin Gun Aaradhak Trust

પૂર્વક આશીર્વાદથી અને પોતાની તીવ્ર બુદ્ધિના પ્રભાવથી થોડા જ વખતમાં અનેક શાસ્ત્રોના પારગામી–જાણકાર બન્યા. આગમરૂપી મહાસાગરના પારને પામેલા એવા વસુદેવમુનિને યોગ્ય જોઈને પૂ. ગુરુ મહારાજે તેમને સૂરિપદ આપ્યું; કેમ કે પુણ્યવંત આત્માઓને સહુ કોઈ પૂજે છે, સન્માને છે.

હવે શ્રી વસુદેવસૂરિ હંમેશાં પાંચસો મુનિઓને બહુ પ્રેમપૂર્વક ભણાવતા હતા. તેમના હાથ નીચે ભણેલા અનેક મુનિવરો વિદ્વાનોમાં પંકાવા લાગ્યા અને તે કાળે જૈન શાસનમાં તેઓશ્રીની સૌરભ–સુગંધરૂપ પ્રશંસા સારી રીતે પ્રસરી.

એક વખતે પૂ. આચાર્ય મહારાજ સંથારો કરીને સૂતા હતા. તે વખતે એક તપસ્વી મુનિ તેમને અર્થ પૂછવા આવ્યા. પૂ. આચાર્ય મહારાજે તેમને સારી રીતે સમજાવ્યા. એમ એક પછી એક ઘણા સાધુઓ આવવા લાગ્યા.

કોઈ ગાથા પૂછવા, કોઈ ભૂલી ગયેલા પદને પૂછવા તો કોઈ પોતાને ઉત્પન્ન થયેલ શંકાના સમાધાન માટે આવતા હતા. અનુક્રમે તે સર્વના યોગ્ય સમાધાનો કર્યા પછી સૌ મુનિઓ પોતપોતાના

P. P. Ac. Gunratansuriji M.S. Jin Gun Aaradhak Trust



૫ વર્ધમાનસૂરિજી મુનિઓ તથા સાધ્વીઓને પાઠ આપે છે.

P. P. Ac. Gunratansuriji M.S. Jin Gun Aaradhak Trust

ાછી આચાર્ય મહારાજ કાંઈક નિદ્રાધીન થયા, સૂઈ ાયા. તેવામાં વળી કોઈ બીજા સાધુ મહારાજ આવીને માચાર્ય મહારાજને કંઈક અર્થ પૂછવા લાગ્યા. તેથી ામની નિદ્રા ઊડી ગઈ અને અચાનક જાગ્રત થયા. માથી વસુદેવસૂરિ મહારાજ મનમાં કુવિચારો વડે ચિંતવન ારવા લાગ્યા :

'હું મહેનત કરીને ભણ્યો તો મારે માથે મા હંમેશની માથાફોડ આવી, જ્યારે મારા મોટાભાઈ ાંઈ ભણ્યા જ નથી, તો તેમને આવી કશી જ ાથાફોડ કરવી પડતી નથી. તે પુણ્યશાળી છે કે જે ાતે સુખે નિદ્રા કરી શકે છે. તે અભણ હોવાથી તેમની ાસે પૂછવા પણ કોઈ જતું નથી. અને તેથી તે પોતાની ચ્છા મુજબ ભોજન કરી શકે છે, બોલે છે તથા મનથી માનંદ પામે છે; માટે મૂર્ખ રહેવામાં સાર છે, મને પણ ૂર્ખપણું મળે તો બહુ સારું; કારણ કે મૂર્ખપણામાં ણા ગુણો રહેલા છે. એક કવિએ મૂર્ખપણાના આઠ ુણો ગણાવતા કહ્યું છે :

[૧૩]હે મિત્ર, મૂર્ખપણું તો મને પણ ગમે છે, કેમ કે

૧૩ મૂર્ખત્વં હિ સખે મમાપિ રુચિતં તસ્મિન્ યદષ્ટૌ ગુણા ।
નિશ્ચિન્તો બહુભોજનોઽત્રપમના નક્તં દિવા શાયકઃ ॥
કાર્યાકાર્યવિચારણાન્ધબધિરો માનેઽપમાને સમઃ ।
પ્રાયેણામયવર્જિતો દ્રઢવપુર્મૂર્ખઃ સુખં જીવતિ ॥ ૧ ॥



P. P. Ac. Gunratansuriji M.S. Jin Gun Aaradhak Trust

તેમાં આઠ ગુણો રહેલા છે. તે આ પ્રમાણે—

(૧) મૂર્ખ ચિંતા વિનાનો હોય છે.

(૨) ઘણું ભોજન કરે છે.

(૩) નિર્લજ્જ મનવાળો હોય છે.

(૪) રાત દિવસ સૂઈ રહે છે. કાર્ય અને અકાર્ય• વિચારમાં.

(૫) આંધળો હોય છે.

(૬) બહેરો હોય છે.

(૭) સન્માન અને અપમાનમાં સમાન ભાવવાળે હોય છે.

(૮) પ્રાયે કરીને તે નિરોગી અને હૃષ્ટપુષ્ટ–મજબુ શરીરવાળો હોય છે. એ રીતે મૂર્ખ સુખપૂર્વક જીવે છે.'

આવી રીતે ખોટી વિચારણા કરીને સાધુઓથ કંટાળીને તેમને વાચના આપવી બંધ કરી અને નિશ્ચ કર્યો કે આગળનું ભણેલું વીસરી જઈશ તથા નવ ભણીશ નહિ. અર્થાત્ કોઈને એક અક્ષર પણ ભણાવીશ નહિ. આવો અશુભ નિશ્ચય કરી તેમણે પુણ્ય રૂપ અમૃતનો ઘડો ઢોળીને પાપ રૂપી ઘડો ભર્યો. અર્થાત્ તેમણે તીવ્ર 'જ્ઞાનાવરણીય' કર્મ બાંધ્યું. પછી તે વસુદેવ સૂરિજી બાર દિવસ સુધી મૌનપણું રાખીને, ખોટ વિચારણાનું પ્રાયશ્ચિત્ત લીધા વિના રૌદ્ર ધ્યાન—અશુભ ધ્યાનમાં મરણ પામ્યા. અને ત્યાંથી મરણ પામીને તે

રાજન્! તે આચાર્ય મહારાજનો જીવ તારો આ પુત્ર 'વરદત્તકુંવર' થયો છે. તેણે પૂર્વ ભવે તીવ્ર જ્ઞાનાવરણીય કર્મ બાંધેલ હોવાથી આ ભવમાં તેને એક અક્ષર પણ આવડતો નથી. આ તેનું કારણ છે, તેથી ઘણી મહેનત કરવા છતાં ભણી શકતો નથી. અને કુષ્ટ રોગી થયેલ છે. હવે વસુદેવસૂરિના મોટાભાઈ 'વસુસાર' કે જે ભણ્યા ન હતા તે ત્યાંથી મરણ પામીને માનસરોવરમાં હંસ થયા. કેમકે કર્મની ગતિ વિચિત્ર છે. ઉત્તમ મનુષ્ય ભવ પામીને પૂર્વ ભવનાં મહાન પુણ્યોદયે ભાગવતી દીક્ષા સ્વીકારી, છતાં જોઈએ તેવી સંયમની આરાધના સારી રીતે કરી શકયા નહિ, જેથી તે પક્ષી-હંસ થયા, જ્યારે નાનાભાઈ ભણીગણીને વિદ્વાન થયા. જિંદગીભર સંયમની આરાધના પણ સારી રીતે કરી. પણ અંતિમ અવસ્થાએ પાપના ઉદયે અશુભ વિચારોથી જિંદગીભરની આરાધનાને દોષિત કરી અને તેથી રાજકુળમાં અવતર્યા છતાં આ દશાને પામ્યા. માટે દરેક આત્માએ કર્મની વિચિત્રતાને વિચારવી ઘટે અને યથાશકિત શુભ પ્રવૃત્તિમાં પ્રયત્નશીલ રહી આગળ વધતા રહેવું જોઈએ.'

આ પ્રમાણે ગુરુ મહારાજના મુખેથી ધર્મોપદેશ સાંભળીને અને પોતાનો પૂર્વ ભવ જાણીને રાજકુમાર મૂર્છાવશ થયા અને જાતિસ્મરણ જ્ઞાનથી ગુરુ મહારાજના

કહ્યા મુજબ પોતાનો પૂર્વ ભવ જોયો. બાદ રાજકુમાર વરદત્તે ગુરુમહારાજને કહ્યું,

"હે ભગવંત! આપે કહેલ બીના સત્ય છે." આ બીના સાંભળી આખી સભા આશ્ચર્યમાં ગરકાવ થઈ ગઈ, તેમજ સમજુ શ્રોતા વર્ગમાં પણ 'ગુણમંજરી' અને 'વરદત્તકુમાર'ના પૂર્વભવના વૃત્તાંત જાણીને ઘણાઓને જ્ઞાન–પંચમી તપનું વિધિપૂર્વક આરાધન કરવાની ભાવના જાગ્રત થઈ.

જયારે મહારાજાએ પૂજ્ય ગુરુ મહારાજને પૂછયું,

"હે ભગવંત! આપ કૃપા કરીને જણાવો કે આ મારા કુંવરના શરીરના રોગો કયારે શાંત થશે?"

ત્યારે દયાના સાગર ગુરુ મહારાજ બોલ્યા, "હે રાજન્! તપના પ્રભાવથી સર્વ વસ્તુ પ્રાપ્ત થઈ શકે છે.

શાસ્ત્રમાં કહ્યું છે કે 'જે કાર્ય[૧૪] ઘણું મુશ્કેલ છે અને ઘણી મુશ્કેલીઓથી –પ્રયત્નોથી સાધી શકાય તેવું હોય છે તથા જે દૂર રહેલું છે અર્થાત્ જે લાંબે કાળે સિદ્ધ થવાનું હોય છે તે સર્વ તપથી તરત જ સાધી શકાય છે. કેમ કે તપનું ઉલ્લંઘન દેવ કે દાનવ વિગેરેથી થઈ શકતું નથી.'

૧૪ યદ્દૂરં યદ્ દુરારાધ્યં, યચ્ચ દૂરે વ્યવસ્થિતમ્ ।
તત્સર્વં તપસા સાધ્યં, તપો હિ દુરતિક્રમમ્ ॥૧॥

P. P. Ac. Gunratansuriji M.S. Jin Gun Aaradhak Trust

ત્યાર બાદ ગુરુ મહારાજે કહ્યું, 'હે રાજકુમાર! તમારે દરેક માસની શુક્લ પંચમીનું વિધિપૂર્વક આરાધન કરવું જોઈએ.' ત્યારે તેણે કહ્યું, 'હે ભગવાન! મારામાં તપ કરવાની એટલી બધી શકિત નથી, મારા યોગ્ય થોડું તપ કરવાનું ફરમાવો.' ગુરુ મહારાજે તેને કાર્તિક સુદિ પાંચમનું યાવજ્જીવ સુધી તપ કરવાનું ફરમાવ્યું અને તેનો વિધિ બતાવ્યો. તેથી રાજકુમારે તથા અન્ય લોકોએ પંચમીનું તપ સ્વીકાર્યું. પછી રાજા તથા સર્વ લોકો ગુરુ મહારાજને વંદન કરી પોતપોતાના સ્થાનકે ગયા, અને સ્વીકારેલ પંચમી તપનું વિધિપૂર્વક આરાધન કરવા લાગ્યા. ત્યારથી જ્ઞાનપંચમીની લોકોમાં ઘણી પ્રસિદ્ધિ થવા લાગી. વરદત્તકુમારે પણ વિશેષ ભાવપૂર્વક એ તપની આરાધના કરી, તેથી જાણે બધા રોગો વરદત્ત ઉપર ક્રોધે ભરાયા ન હોય તેમ નાશ પામ્યા. રાજકુમારની કાયા સુંદર દેદીપ્યમાન કાંતિવાળી બની. થોડા સમયમાં વિદ્વાન પંડિત પાસે સર્વ કળાનો અભ્યાસ કર્યો. તેમનાં પિતાએ અનેક રાજકન્યાઓ સાથે તેમનાં લગ્ન કરાવ્યાં. કેટલોક કાળ વિત્યા બાદ અજિતસેન મહારાજા વરદત્ત-કુમારને મહોત્સવપૂર્વક ઘણી ધામધૂમથી રાજગાદી ઉપર બેસાડી નિવૃત્ત થયા. અર્થાત્ પરલોકના માર્ગમાં ભાતા

P. P. Ac. Gunratansuriji M.S. Jin Gun Aaradhak Trust

સરખું ચારિત્ર પૂજ્ય ગુરુ મહારાજ પાસે અંગીકાર કર્યું.

હવે આ બાજુ જ્ઞાનપંચમીના પ્રભાવથી ગુણમંજરીના પણ મહાન રોગો નાબૂદ થયા અને મનોહર રૂપને પ્રાપ્ત કર્યું. ત્યાર બાદ ગુણમંજરીના પિતાએ જિનદત્ત નામના શ્રાવક સાથે ઉત્સવપૂર્વક તેણીનાં લગ્ન કર્યાં. પિતાએ પણ પહેરામણીમાં ઘણું દ્રવ્ય આપ્યું. ઘણા કાળ સુધી શ્રાવક ધર્મ પાળતાં ગુણમંજરીએ વિધિપૂર્વક જ્ઞાન-પંચમીની આરાધના કરી અને ધામધૂમપૂર્વક જ્ઞાનપંચમીની ઉજવણી કરી અર્થાત્ ઉજમણું કર્યું. અનુક્રમે સંસારની અસારતા સમજીને તેણીએ દીક્ષા લીધી. અને ગુરુણીજી (સાધ્વીજી) મહારાજની નિશ્રામાં જ્ઞાન-ધ્યાનપૂર્વક ચારિત્રનું પાલન કરવા લાગી.

હવે વરદત્ત મહારાજા પોતાની પ્રજાનું પુત્રની જેમ ન્યાય અને નીતિપૂર્વક પાલન કરતા હતા, દર વર્ષે જ્ઞાનપંચમીનું આરાધન કરતા અને અનેક ભવ્ય જીવોને તે તપને માટે પ્રેરણા કરીને તેમાં જોડતા.

હવે વરદત્ત મહારાજા પોતાની વૃદ્ધાવસ્થા આવી જાણીને વિચારવા લાગ્યા, 'આ સંસારના સર્વ પદાર્થો

P. P. Ac. Gunratansuriji M.S. Jin Gun Aaradhak Trust

ક્ષણભંગુર અથવા નાશ પામનારા છે. આ જીવ, રાજપાટ, વૈભવ, વિલાસ, લાડી, ગાડી કે બીજી કોઈ વસ્તુ જન્મતી વખતે સાથે લાવતો નથી. તેમ મરતી વખતે પણ સાથે લઈ જવાનો નથી. સર્વે અહીં જ પડયા રહેવાના છે, તેથી જે કાંઈ યથાશક્તિ ધર્મની દ્દઢ આરાધના કરી હશે તે જ પરલોકમાં મદદગાર થવાની છે, અથવા ધર્મથી સુખ અને પાપથી દુઃખ આ જીવને પ્રાપ્ત થવાનાં છે.' આ પ્રમાણેની વિચારણાને અન્તે વરદત્ત મહારાજાએ પોતાના પુત્રને રાજ્યધુરા–રાજ સોંપી પિતાની જેમ ઉલ્લાસથી ચારિત્ર સ્વીકાર્યું. અને ગુરુ મહારાજની છાયામાં જ્ઞાન–ધ્યાનપૂર્વક સંયમની સુંદર આરાધના કરવા લાગ્યા.

તેઓ બંને (વરદત્ત તથા ગુણમંજરી) શ્રી જિનેશ્વર ભગવાને કહેલા ચારિત્રને અતિચાર રહિત પાળીને ત્યાંથી કાળ કરી દેવલોકમાં વૈજયન્ત વિમાનમાં દેવપણે ઉત્પન્ન થયાં, ત્યાં દેવતાના ભોગ ભોગવી આયુષ્ય પૂર્ણ થયે ચ્યવ્યાં. આ જંબૂદ્વીપના પૂર્વ મહાવિદેહમાં સુખના ઘરરૂપ એવી પુષ્કલાવતી નામની વિજયના મધ્યમાં પુંડરિગિણિ નગરી હતી, ત્યાં અમરસેન નામનો શ્રી જિનધર્મને પાળનાર અને સર્વ ગુણે અલંકૃત રાજા હતો.

P. P. Ac. Gunratansuriji M.S. Jin Gun Aaradhak Trust

તેની ગુણવંતી નામની પટરાણી હતી. તે પ્રતિવ્રતા ધર્મને પાળનારી, શિયળ ગુણે કરી શોભાયમાન અને પોતાના પતિને હર્ષ તથા સંતોષને ઉપજાવનારી હતી. તેની કૂખે વરદત્તકુમારનો જીવ જેમ છીપમાં મોતી નીપજે તેમ ત્યાં આવીને ઉત્પન્ન થયો. તે ગર્ભને સુખપૂર્વક પાળતાં અનુક્રમે નવ માસે પુત્ર પ્રસવ્યો. તે સંપૂર્ણ શુભ લક્ષણોથી શોભતો હતો. તે વખતે માતા, પિતા, સ્વજન, કુટુંબાદિક મળી મહોત્સવપૂર્વક તેનું 'શૂરસેન' નામ પાડયું. અનુક્રમે તે બાર વર્ષનો થયો ત્યારે સર્વ કળામાં નિપુણ બન્યો. જ્યારે તે યૌવનાવસ્થાને પામ્યો, ત્યારે તેના પિતાએ ચોસઠ કળાને જાણનાર અપ્સરા સરખા રૂપવાળી એક સો કન્યાઓ સાથે તેનું લગ્ન કર્યું.



કુંવરનું અપ્સરા સરખી રૂપવાળી કન્યાઓ પરણાવી.

P. P. Ac. Gunratansuriji M.S. Jin Gun Aaradhak Trust

કેટલોક સમય વીત્યા બાદ શૂરસેનને રાજગાદી સોંપી તેના પિતા પરલોકવાસી થયા.



શ્રી સીમંધર સ્વામીજીનું સમોસરણ

એવા સમયે ભવ્ય જીવ રૂપ કમળ વનને વિકસ્વર કરતા, મિથ્યાત્વરૂપ અંધકારને ટાળવામાં સૂર્ય સમાન વિહરમાન તીર્થંકર શ્રી સીમંધર સ્વામી ભગવાન ત્યાં સમોસર્યા–પધાર્યા. વનપાલકે તેમના આગમનની વધામણી

P. P. Ac. Gunratansuriji M.S. Jin Gun Aaradhak Trust

આવી રાજાને આપી. રાજા પણ તેમનું આગમન સાંભળી હર્ષિત થયો અને પોતાના પુત્ર પરિવાર સાથે ઘણા આડંબર સહિત ઉલ્લાસથી પ્રજાને સાથે લઈ



શૂરસેન રાજા પ્રભુને વંદન કરવા જાય છે.

ભુને વાંદવા માટે આવ્યો. પ્રભુને વાંદી સૌ પોતપોતાને ગ્ય સ્થાનકે ધર્મદેશના સાંભળવા બેઠા, તે વખતે ભગવાને ણ સર્વ ક્લેશને હરનાર અને સંસારસમુદ્રથી તારનાર એવી અમૃત સમાન ધર્મદેશના નીચે પ્રમાણે દેતાં ફરમાવ્યું :

"હે ભવ્ય જીવો ! તમે જ્ઞાનપંચમીનું તપ આરાધન કરો. કેમકે એ તપ કરવાથી સર્વ પ્રકારની વિપત્તિઓ દૂર થાય છે અને સૌભાગ્યલક્ષ્મી મળે છે. જેમકે વરદત્તકુમાર જ્ઞાનપંચમીના તપ આરાધનથી ઘણી સુખ સંપદા પામ્યો."

P. P. Ac. Gunratansuriji M.S. Jin Gun Aaradhak Trust

આવાં ભગવાનનાં વચન સાંભળી શૂરસેન રાજા વિનયપૂર્વક બે હાથ જોડી ભગવંતને પૂછવા લાગ્યો, 'હે સ્વામી! વરદત્તકુમાર કોણ ને ક્યારે થયા તેમનું ચરિત્ર અમને કહો." ત્યારે ભગવાને પણ સર્વ સભા સમક્ષ તેના પૂર્વ ભવ સંબંધી સર્વ સ્વરૂપ કહેવા માંડયું અને કહ્યું:

"હે રાજન! તે વરદત્તકુમારનો જીવ તે તું પોતે જ છે. અત્યારે તું તે તપના પ્રભાવથી અહીં આવીને રાજા થયો છે." એમ કહી જ્ઞાનપંચમીના તપના માહાત્મ્યનું વિશેષથી વર્ણન કરીને વરદત્તના પૂર્વભવનો સર્વ વૃત્તાંત કહ્યો. ત્યાં ભગવાનનાં વચન સાંભળી ઘણા ભવ્ય જીવો પ્રતિબોધ પામ્યા અને પ્રભુની પાસે પંચમી તપ અંગીકાર કર્યું. શૂરસેન રાજા પ્રતિબોધ પામી ભગવાનને વાં( પોતાના સ્થાનકે ગયો. દશ હજાર વર્ષ સુધી રાજ્યલક્ષ્મીનુ પાલન કરીને તથા ઘણાં સુકૃતનાં કાર્યો કરીને પોતાના પુત્રને રાજ્યલગામ સોંપી ધામધૂમથી મહોત્સવપૂર્વક શ્રી સીમંધરસ્વામીજી પાસે ઉલ્લાસપૂર્વક શૂરસેન રાજાએ ચારિત્ર અંગીકાર કર્યું. એક હજાર વર્ષ સુધી ચારિત્રનું પાલન કરી ચાર ઘાતી કર્મોનો ક્ષય કરી કેવળજ્ઞાન મેળવી મોક્ષના સુખોને પ્રાપ્ત કર્યાં. આ પ્રમાણે વરદત્ત-કુમાર મોક્ષને પામ્યા.

"વંદન હો એ જ્ઞાનપંચમીના આરાધક વરદત્તકુમારને."

P. P. Ac. Gunratansuriji M.S. Jin Gun Aaradhak Trust

હવે ગુણમંજરીનું વૃત્તાંત આ પ્રમાણે :—

આ જંબુદ્રીપના મહાવિદેહ ક્ષેત્રને વિષે રમણીય ઉમાવિજયને વિષે શુભા નામની નગરી ઘણી પ્રખ્યાત હતી. ત્યાં અમરસિંહ નામે રાજા રાજ્ય કરતો હતો. તેને અમરાવતી નામની રાણી હતી. તે સ્ત્રીઓની ચોસઠે કળામાં પ્રવીણ, અને શીલ ગુણે કરી શોભતી હતી, રૂપમાં અપ્સરા સમાન હતી. તેની કુક્ષિને વિષે ગુણમંજરીનો જીવ પુત્રપણે ઉત્પન્ન થયો. નવ માસે ગર્ભસ્થિતિ પૂર્ણ થયે શુભ દિવસે રાણીએ પુત્રનો જન્મ આપ્યો. તેનું નામ 'સુગ્રીવકુમાર' રાખવામાં આવ્યું. માતાપિતાના વાત્સલ્યથી સુદ બીજના ચંદ્રમાની જેમ દિવસે દિવસે વૃદ્ધિને પામવા લાગ્યો. અનુક્રમે ભણીગણીને સુગ્રીવ રાજકુમાર પુરુષોની બહોતેર કળામાં પ્રવીણ થયો. જ્યારે તેની ઉંમર વીસ વર્ષની થઈ ત્યારે અમરસિંહ રાજા સંસારથી વૈરાગ્ય પામીને પોતાના પુત્રને રાજગાદી ઉપર સ્થાપન કરી મહોત્સવપૂર્વક દીક્ષા લઈ, શુદ્ધ ચારિત્રની આરાધના કરી મોક્ષે પહોંચ્યા. હવે સુગ્રીવ રાજાએ અનેક રાજકન્યાઓ સાથે લગ્ન કર્યાં. અનુક્રમે તેને ચોરાશી હજાર પુત્રો થયા. પોતે પણ સંસારથી વિરક્ત થઈ પિતાના પગલે ચાલી સંયમ માર્ગની આરાધનાની ભાવના સેવવા લાગ્યા. એક શુભ દિવસે

મોટા પુત્રને રાજગાદી પર સ્થાપન કરીને અને બીજા રાજકુમારોને પણ જુદા જુદા રાજ્યો સોંપીને પોતે મહોત્સવપૂર્વક દીક્ષા લઈને જ્ઞાન, ધ્યાન અને તપપૂર્વક શુદ્ધ ચારિત્ર પાળવા લાગ્યા. ક્રમે કરી ચાર ઘાતી કર્મનો ક્ષય કરી કેવલજ્ઞાન પામ્યા. અનેક ભવ્ય જીવોને પ્રતિબોધ કરીને તે 'સુગ્રીવરાજર્ષિ' એક લાખ[૧૫] પૂર્વ સુધી ચારિત્ર પાળીને સર્વ કર્મનો ક્ષય કરી મોક્ષપદને પામ્યા. અર્થાત્ અજર અને અમર થયા.

પૂર્વ ભવમાં જ્ઞાનની વિરાધના કરી વરદત્ત અને ગુણમંજરી કેવા કેવા ભયંકર દુઃખો પામ્યાં તે જાણીને દરેક સમજુ ભાઈબહેનોએ જ્ઞાનની આશાતના અથવા વિરાધના ન થાય તે માટે અત્યંત સાવધાની રાખવી જોઈએ. કેટલીક બહેનો અડચણના પ્રસંગે પણ પુસ્તકો વાંચે છે, તે પણ જ્ઞાનની એક મોટી આશાતના છે. એમ જાણીને દરેક બહેનોએ પોતાની પુત્રીઓને આશાતના કરતા અટકાવવા યથાશકિત પ્રયત્ન કરવો તે બંનેને લાભદાયી છે.

ઊગતી ઉંમરના બાળક બાળિકાઓ લખેલા કે

(૧૫) ૮૪ લાખ વર્ષે એક પૂર્વાંગ થાય છે તેવા ૮૪ લાખ પૂર્વાંગે એક પૂર્વ થાય. અથવા ૮૪ લાખને ૮૪ લાખે ગુણતાં (૮૪૦૦૦૦૦ ચોરાસી લાખ × ૮૪૦૦૦૦૦=૭૦૫૬૦૦૦૦૦૦૦૦૦૦), ૭૦ લાખ ૫૬ હજાર કોટિ (ક્રોડ) વર્ષે એક પૂર્વ થાય છે.

P. P. Ac. Gunratansuriji M.S. Jin Gun Aaradhak Trust

છાપેલા કાગળ અથવા પુસ્તકની આશાતના ન કરે તેવો બોધ સૌ માતપિતાએ આપવો. હાલના વખતમાં ખાસ આવશ્યક છે.

આ જ્ઞાનપંચમીની આરાધનાથી અનેક ભવ્ય જીવોને અધિક અધિક સૌભાગ્યની પ્રાપ્તિ થાય છે તેથી આ જ્ઞાનપંચમી સૌભાગ્યપંચમી તરીકે પ્રસિદ્ધ છે, માટે હે ભવ્ય જીવો! તમે પણ આ જ્ઞાનપંચમીની આરાધના કરવામાં પ્રયત્નશીલ બનો! વર્તમાનકાળમાં અનેક ભવ્ય જીવો આ જ્ઞાનપંચમીની આરાધના કરી જ્ઞાનલક્ષ્મીને મેળવે છે. જ્ઞાનપંચમીની આરાધના આ ભવ અને પરભવમાં અતિ કલ્યાણકારી ફલને આપનારી છે.

વિક્રમ સંવત ૨૦૦૫ ]
ભાદરવા વદ ૫ ]

લિ. શ્રીનેમિ–અમૃત–ખાન્ત ચરણોપાસક.
**મુનિનિરંજનવિજય.**
શાસનસમ્રાટ્ શ્રી વિજયનેમિસૂરીશ્વરજી જ્ઞાનશાળા
ઠે.–પાંજરાપોળ, અમદાવાદ

**નિખિલશાસનતત્ત્વપ્રસારકો, ધ્રુવવચો વિદુષાં પુરતઃ સદા ।**
**અમૃતસૂરિગણૈર્વિધિવન્નુતો, જયતિનેમિગુરુઃ સતતં ક્ષિતૌ ॥૧॥**
**પરમપુણ્યબલાચ્ચૂશ્રુતિગોચરોઽમૃતગુરુઃ પરમો નિતરાં મમ ।**
**હૃદિ વસન્ કુરુતાન્ મમ માનસં,વિમલબોધયુતં સતતં પ્રભુઃ॥૨॥**
**નિરંજનમુનિર્નત્વા, ખાન્તિપાદસરોરુહમ્ ।**
**સ્તુત્યાં શ્રીજ્ઞાનપંચમ્યા, અકરોદ્ વિમલાં કથામ્ ॥ ૩ ॥**
**શરખાંબરનેત્રેઽબ્દે, ( ૨૦૦૫ ) ભાદ્રેઽસિતદલે શુભે ।**
**કૃતા શ્રીજ્ઞાનપંચમ્યાઃ કથા લોકશુભાવહા ॥ ૪ ॥**

P. P. Ac. Gunratansuriji M.S. Jin Gun Aaradhak Trust

**શાસનસ્ય કૃતા સેવા, તથા પ્રાપ્તસુકર્મણઃ ।**
**શાસને મે રતિશ્શુભ્રા, ભવેજ્જન્મનિ જન્મનિ ॥ ૫ ॥**

## વાંચીને યાદ રાખો

'જીવો અને જીવવા દો' એટલે કે 'સૌ પ્રાણીઓ સુખપૂર્વક જીવો અને અન્ય સર્વે પ્રાણીઓને પણ સુખપૂર્વક જીવવા દો' આ સિદ્ધાંત ભગવાન શ્રી મહાવીરનો ઉપદેશેલ જગતના તમામ પ્રાણીઓને હીતકર છે, ઉપરના સિદ્ધાંતથી રાજકારણમાં તેમજ સામાજિક કાર્યોમાં પણ અતિ મહત્વનો ભાગ ભજવી શકાય છે; પણ બુદ્ધિપૂર્વક કસોટીએ ચડાવવો ખાસ જરૂરી છે. માનવતાની દૃષ્ટિએ અને નૈતિક રીતિએ પણ જેટલો વાસ્તવિક દેખાય છે તેટલો જ સામાન્ય વ્યવહારમાં પણ મૂકાય તો અનેરો પ્રકાશ જીવનમાં દીપી નીકળે એવો અનુભવીઓનો ઊંડો ખ્યાલ છે.

લિ. **મુનિ નિરંજનવિજય.**
૨૦૦૫ મહા વદ ૭ અમદાવાદ

## જ્ઞાનસંબંધી બોધદાયક શ્લોકો

**નત્વા શ્રીમન્મહાવીરં, કેવલજ્ઞાનભાસ્કરં ।**
**જ્ઞાનદાતૃગુરું સ્મૃત્વા, જ્ઞાનભાવર્ણયામ્યહમ્ ॥ ૧ ॥**

**ભાવાર્થ** :—કેવળજ્ઞાન રૂપી સૂર્ય વડે લોકાલોકના ભાવં જાણનાર શાસનનાયક શ્રી મહાવીરસ્વામીને ભાવપૂર્વક નમસ્કાર કરીને અને જ્ઞાનના દાતા પૂજ્ય ગુરુ ભગવંતનું સ્મરણ કરીને અલ્પમતિ હું (મુનિ–નિરંજનવિજય) વિવિધ ગ્રંથોના વાંચનમાંથી શ્લોકોનો સંગ્રહ કરી જ્ઞાનનું કાંઈક માહાત્મ્ય વર્ણવું છું. ૧

**જ્ઞાનદ્વિદન્તિ ખલુ કૃત્યમકૃત્યજાતં,**
**જ્ઞાનાશ્ચરિત્રમમલં સમાચરન્તિ ।**

P. P. Ac. Gunratansuriji M.S. Jin Gun Aaradhak Trust

**જ્ઞાનાચ્ચ ભવ્યભવિનઃ શિવમાપ્નુવન્તિ,**
**જ્ઞાનં હિ મૂલમતુલં સકલશ્રિયાં તત્ ॥ ૨ ॥**

'જ્ઞાનથી કરવા લાયક અને નહિ કરવા લાયક કાર્યને જાણે છે, જ્ઞાનથી નિર્મલ આચરણ આચરે છે. જ્ઞાની જીવો મોક્ષને મેળવે છે. માટે જ્ઞાન સકલ લક્ષ્મીનું ઉપમા મૂલ છે. ૨'

**વિદ્યા નામ નરસ્ય રૂપમધિકં પ્રચ્છન્નગુપ્તં ધનં,**
**વિદ્યા ભોગકરીઃ યશઃ સુખકરી વિદ્યા ગુરુણાં ગુરુઃ ।**
**વિદ્યા બન્ધુજનો વિદેશગમને વિદ્યા પરં દૈવતં,**
**વિદ્યા રાજસુ પૂજ્યતે ન હિ ધનં વિદ્યાવિહીનઃ પશુઃ ॥૩॥**

વિદ્યા મનુષ્યનું વિશેષ રૂપ છે, અત્યંત ગુપ્ત ધન છે, વિદ્યા ભોગને તથા યશ અને સુખને કરનાર છે, વિદ્યા ગુરુમાં (મોટામાં) મોટી છે, વિદ્યા પરદેશગમનમાં કુટુંબી-બન્ધુ સમાન છે. વિદ્યા પરમ બળ છે, રાજાના સમુદાયમાં વિદ્યા પૂજાય છે, પરંતુ ધન પૂજાતું નથી. વિદ્યા વિનાનો મનુષ્ય પશુ સમાન છે. ૩'

**ન હીનો ધનહીનોઽપિ, ધનં વા કસ્ય સુસ્થિરમ્ ।**
**વિદ્યાહીનસ્તુ યઃ કોઽપિ સ હીનઃ સર્વવસ્તુષુ ॥ ૭ ॥**

'ધન રહિત હોવા છતાં પણ તે હિન નથી, કારણ કે ધન કોની પાસે સ્થિર રહે છે? અથવા ધન તો આજ છે અને કાલ નથી, માટે જ લક્ષ્મીને અસ્થિર કહી છે. પરંતુ જે કોઈ વિદ્યા રહિત છે તે સર્વ વસ્તુથી હિન જાણવો. ૪

P. P. Ac. Gunratansuriji M.S.    Jin Gun Aaradhak Trust

# પ્રાસંગિક

જૈન પર્વોમાં જ્ઞાનપંચમી, અક્ષયતૃતીયા જેવા પ્રધાન પર્વોની
ાકક "મૌન એકાદશી" પર્વનો મહિમા પણ ઘણો પ્રસિદ્ધ છે. જો
મૌન એકાદશીનું વર્ણન ઘણાં શાસ્ત્રો અને ગ્રન્થોમાં વિસ્તારથી
ાપવામાં આવેલું છે છતાં અત્યારના સમયમાં સરળ ભાષામાં અને
ંકાણથી સહેજે બોધ થઈ શકે એટલા માટે આ નાની પુસ્તિકા પ્રગટ
રવા પ્રકાશક તરફથી અનુમોદનીય પ્રયાસ કરવામાં આવેલો છે.

અમુક પર્વનું આરાધન કરવાથી વધારે લાભ થાય છે એમ
કીએ તેના કરતાં ઉદાહરણપૂર્વક અમુક વ્યક્તિને આ પ્રમાણે લાભ
યો એમ કહી બતાવવામાં આવે તો વધારે અસર થાય છે. એટલા
ટે જ મહાપુરુષોએ કથાનુયોગનું વર્ણન કરતાં ઘણી જ કથાઓ
'થી છે.

આ પુસ્તકમાં પણ તેવી જ રીતે મૌન-એકાદશીનું પર્વ કોણે
ને કેવી રીતે આરાધ્યું અને તેનું ફળ શું મળ્યું તેનું વર્ણન
ાવીશમા તીર્થંકર શ્રી નેમિનાથ ભગવાને શ્રીકૃષ્ણ વાસુદેવને તેમણે
લ પ્રશ્નના જવાબરૂપે કહેલું છે. એકાદશીની સ્તુતિમાં એ જ ગૂંથેલું
"એકાદશી અતિ રૂઅડી. ગોવિંદ પૂછે નેમ" તેમાં તે દિવસે બધાં
ત્રમાં કુલ મળીને ૧૫૦ કલ્યાણકો થયાં છે. ઘણા ભવ્ય પુરુષોએ એ
ર્નું આરાધન કરી મુક્તિ મેળવી છે, તેમાં સુવ્રત શેઠનું દૃષ્ટાન્ત
પવામાં આવેલું છે.

સુવ્રત શેઠ પોતે મૌન એકાદશીનુ આરાધન કરતા તે દિવસે



P. P. Ac. Gunratansuriji M.S. Jin Gun Aaradhak Trust

પોષધ કરતા, અને મુનિ અવસ્થામાં ઉપાશ્રયમાં મૌન રહેતા
નિશ્ચયમાંથી ચલાયમાન કરવા એક મિથ્યાદષ્ટિ દેવે તેમને મ
ઉપસર્ગ કર્યા છતાં તેઓ ન ડગ્યા. પોતાના કરેલ કર્મનો દોષ
ધર્મધ્યાનમાં લીન રહી સકલ કર્મનો ક્ષય કરી પરમ એવા મુક્તિ
પામ્યા.

પર્વનું આરાધન કરવાથી સામાન્ય કરતા ઘણું વધારે
ઉપાર્જન કરે છે અને અનેકગુણ કર્મનો ક્ષય કરે છે. માટે
પર્વોનું આરાધન કરી મુમુક્ષુ આત્મા ઉત્તરોત્તર મોક્ષસુખને પામે

## તપની આરાધના કેવી રીતે કરવી?

મૌન એકાદશી તપની આરાધનાના ચાર પ્રકાર છે.

(૧) અગ્યાર વર્ષ સુધી દરેક માસની સુદ અગિયારશે ઉપવાસ કર

(૨) યાવજ્જીવ લગી મૌન એકાદશીએ ઉપવાસ કરવો.

(૩) અગ્યાર વર્ષ સુધી મૌન એકાદશીએ ઉપવાસ કરવો.

(૪) અગ્યાર મહિના સુધી સુદ અગ્યારસે ઉપવાસ કરવો.

દરેક પ્રકારમાં નીચે પ્રમાણે જાપ વગેરે કરવું જોઈએ.

અ **"શ્રી મલ્લીનાથ સર્વજ્ઞાય નમ:"** એ પદની ૨૦
કારવાળી ગણવી.

બ અગ્યાર સાથીઆ કરવા. તે ઉપર અગ્યાર **નૈવેદ્ય** તથા અ
ફલ ઢોકવા.

ક અગ્યાર લોગરસનો કાઉસ્સગ્ગ કરવો. "એકાદશી તપ આરા
અર્થં કાઉસ્સગ્ગં કરું? ઇચ્છં! એકાદશી તપ" અ
ધનાર્થં કરેમિ કાઉસ્સગ્ગં–વંદણવત્તિઆએ૦ અન્નત્થ૦

P. P. Ac. Gunratansuriji M.S. Jin Gun Aaradhak Trust

દર મૌન એકાદશીએ ૧૫૦ કલ્યાણકની એક એક એમ ૧૫૦ નવકારવાળી ગણવી. તેનો કોઠો દેવવંદનમાળા વગેરે ચોપડીમાં જોઈ લેવો.

દરેક તપમાં કરવાનો સામાન્ય વિધિ.

(૧) બન્ને ટંક પ્રતિક્રમણ, બે ટંક પડિલેહણા, ત્રણ ટંક દેવવંદન, (સવાર, બપોર, સાંજ) જિનેશ્વર ભગવાનની અષ્ટ પ્રકારી પૂજા, વિધિપૂર્વક ગુરુવંદન, સંથારે સૂવું, સચિત્ત વસ્તુનો ત્યાગ, બ્રહ્મચર્ય પાલન, વ્યાખ્યાન શ્રવણ, યથાશક્તિ દાનાદિ શુભ કાર્યોમાં ઉદ્યમશીલ રહેવું.

જેમ કોઈ પ્રાસાદ કે મંદિર પૂર્ણ થયે શિખર ઉપર ઈંડું–કલશ ચડાવાય છે. તેમ તપ પૂર્ણ થયે તેનું યથાશક્તિ ઉજમણું કરવું જોઈએ. ઉજમણું કરવાથી તપના ફલનો નિશ્ચય થાય છે.

ઉજમણું કરવાથી તપની અનુમોદના તથા જૈન શાસનની પ્રભાવના થાય છે; તેથી બીજા ભવ્ય જીવો પુણ્ય પ્રાપ્ત કરે.

# જૈન પર્વો

આ જગતમાં વર્તતા દરેકે દરેક ધર્મમાં પોતપોતાના ધર્મમંતવ્ય પ્રમાણે તહેવારોનો ઉપદેશ કરાયેલો છે. જૈ. ધર્મમાં કહેલા તહેવારો પર્વના નામથી ઓળખાય છે. પર્વ એટલે પવિત્ર દિવસ અથવા આત્મિક સુખની આરાધનાને ખાસ નિયત કરાયેલો દિવસ. જેમ હાલમાં રાષ્ટ્રપ્રેમ કેળવવા રાષ્ટ્રીય તહેવારો યોજાય છે તેમ જૈન ધર્મના આદર્શ પ્રમાણે જૈન પર્વો પ્રાચીન કાળથી નિયત કરાયેલ છે.

જૈન ધર્મમાં કેટલાક પર્વ દિવસો *'વાર્ષિક પર્વ

---

*કાર્તિક સુદ એકમ–બેસતું વર્ષ, કાર્તિક સુદ પાંચમ–જ્ઞાન પંચમી, કાર્તિક સુદ ચૌદશ–ચોમાસી ચૌદસ, કાર્તિક સુદ પુનમ (દેવ દિવાળી) માગસર સુદ ૧૧–મૌન એકાદશી, માગશર વદ ૧૦ પોષ દશમી અથવા શ્રી પાર્શ્વનાથનો જન્મ દિવસ, માહા વદ ૧૩–મેરુ ત્રયોદસી અથવા શ્રી ઋષભદેવનો નિર્વાણ દિવસ, ફાગણ સુદ ૧૪–ચૌમાસી ચૌદશ, ચૈત્રી ઓળી, ચૈત્ર સુદ ૧૩–શ્રી વીર જન્મ, ચૈત્રી પુનમ, વૈશાખ સુદ ૩–અખાત્રીજ, અષાડ સુદ ૧૪–ચોમાસી ચૌદશ. શ્રી પર્વાધિરાજ પર્યુષણા મહા પર્વ, આસો માસની ઓળી, આસો વદ અમાસ–શ્રી વીર નિર્વાણ દિવસ–દિવાળી. આ બધા મુખ્ય વાર્ષિક પર્વો છે. દરેક તીર્થંકર પ્રભુના પાંચ કલ્યાણકોનો પણ આમાં સમાવેશ કરી શકાય.

P. P. Ac. Gunratansuriji M.S. Jin Gun Aaradhak Trust

તરીકે ઓળખાય છે અને કેટલાક પર્વ દિવસો '×માસિક પર્વ' તરીકે ઓળખાય છે. જે પર્વ–તહેવાર વર્ષભરમાં એક જ વખત આવે તે 'માસિક પર્વ' કહેવાય છે અને જે પર્વ દરેક માસમાં આવે તે 'માસિક પર્વ' કહેવાય છે.

જૈન પર્વોનો ઉદ્દેશ શું! જૈન ધર્મના દરેકે દરેક પર્વમાં ત્યાગ ભાવના કેળવવાનાં વિધાનો કથન કરાયેલાં છે. જૈનોનાં તમામ પર્વોમાં–તહેવારોમાં ત્યાગ એનો પ્રાણ-વાયુ સ્થાપિત કરાએલ છે. અર્થાત્ જૈનોના કોઈ પણ પર્વ તહેવારોમાં માલ માલીદા ખાવાના કે મોજશોખ અને મોજમજા ભોગવવાના કાર્યક્રમો દષ્ટિગોચર નહિ થાય.

**જૈન ધર્મના પર્વો અને અન્ય ધર્મોના તહેવારોમાં તફાવત શું ?**

જૈનોના તહેવારોમાં પૌદ્‌ગલિક સુખો સાંસારિક આસક્તિ વધારનારા સર્વ પદાર્થોમાંથી મનને પાછું વાળીને વૈરાગ્ય ભાવના, ધર્મ ભાવના અને ત્યાગ ભાવનાને પોષવાનો ઉદ્દેશ રહેલો છે. જૈન પર્વોમાં ઉપવાસ, આયં-

×દરેક માસની બે બીજ, બે પાંચમ, બે આઠમ, બે અગ્યારસ, બે ચૌદશ, પૂનમ અને અમાસ–આ બાર તિથિઓનો પણ માસિક પર્વમાં સમાવેશ થાય છે.

P. P. Ac. Gunratansuriji M.S. Jin Gun Aaradhak Trust

બિલ, એકાસણું, પૌષધ, સામાયિક, દેવવંદન, દયા, દાન વગેરે કર્તવ્યોમાં યથાશક્તિ ઉદ્યમશીલ રહેવાનું છે. આ કારણથી આ લોકોત્તર પર્વો કહેવાય છે. અન્ય ધર્મોના તહેવારોમાં એ ધર્મના ઉપાસકોને મોજમજા, અમનચમન, નાટક, સિનેમા વગેરે સાંસારિક રંગરાગમાં રાચતા આપણે જોઈશું. તેમજ એકાદશી વગેરેના ઉપવાસ વગેરેમાં ફરાળના નામે માલ-મલીદા ખાવાની છૂટ થઈ ગઈ છે. આથી એના માટે કહેવત થઈ ગઈ છે કે—.

"શીરો, પુરી, લાપસી, ઔર કાકડી આદિ;
કહેણે કી તો એકાદશી, ઔર દ્વાદશીકી દાદી."

અર્થાત્ તહેવાર સિવાયનાં ચાલુ દિવસોમાં માણસ આઠ-બાર આનાથી ધરાઈને પેટ ભરી ખાય છે, ત્યાં કૃષ્ણની જન્માષ્ટમી-ગોકુળ આઠમ, તેમજ એકાદશી વગે તહેવારોમાં ઉપવાસ કર્યો હોય છતાં પેટ ભરીને ફરાળ ખાવાની છૂટ હોવાથી એકાદ રૂપિયો તો સહેજે ખર્ચ થઈ જાય છે, છતાં પેટ ભરાતું નથી.

જુઓ ! દિવસભર ધરાઈને ફરાળ ખાય છતાં કહેવા શું ? કે ઉપવાસ કર્યો છે.

એવી રીતે મુસ્લિમોના તહેવારો જુઓ કે ઇસ્લા

વગેરે અજૈનનાં તહેવારો જુઓ તો તેમનાં અને જૈનોના તહેવારોમાં ખૂબ ખૂબ અંતર લાગ્યા વિના રહેશે નહિ.

એ પ્રમાણે જૈનેતરોના તહેવારો સંબંધી માન્યતા જણાવીને હવે જૈન ધર્મમાં તહેવારો–પર્વો માટે શું કહેલું છે તે ટૂંકમાં જણાવાય છે :—

જૈન ધર્મના દરેક પર્વમાં ત્યાગ ભાવના તરફ વધારે મહત્ત્વ અપાયુ છે તેથી આ પર્વદિવસોમાં મોજશોખનો ત્યાગ કરી શાંતિ અને સંતોષ ધારણ કરીને સમભાવપૂર્વક આત્મતત્ત્વની વિચારણા કરવી. જેટલી બની શકે તેટલી ધર્મારાધના કરવી. તેમાં પણ આ તહેવારોમાં ઉપવાસ, આયંબિલ, એકાસણા વગેરે તપ યથાશક્તિએ કરવાનું જૈન શાસ્ત્રકારોએ ખાસ ફરમાવ્યું છે. તે સાથે દરેક તહેવારમાં પૌષધ, સામાયિક, જિનદર્શન, પ્રતિક્રમણ, જિન-પૂજા, જિનભક્તિ અને શાસ્ત્રશ્રવણ વગેરે ક્રિયાઓ કરવાનાં મુખ્ય કર્તવ્યો બતાવ્યાં છે. આ ક્રિયાઓ કરતાં આરાધક પ્રાણીઓએ વિચારવું જોઈએ કે "મારા આત્માની કઈ રીતે શુદ્ધિ થાય? કઈ રીતે આ દુઃખદાયી સંસારસમુદ્રનો પાર પમાય? તેમજ આત્માને લાગેલ કર્મરૂપી મલનો જ્ઞાન અને ક્રિયાના સંયોગથી નાશ કયારે થાય? મારો આત્મા પરમ શુદ્ધ મોક્ષ દશાને કયારે પામશે?" વગેરે શુભ વિચારો વડે આત્માની નિર્મળતા કરવી. તો જ જૈનપર્વોની

P. P. Ac. Gunratansuriji M.S. Jin Gun Aaradhak Trust

યથાર્થ આરાધના કરી ગણાય અને તો જ તપાદિ કરવાનો ઉદ્દેશ સફળ થયો લેખાય. આ માટે કહ્યું છે કે:—

'લાગી ન તાલી આત્માની, ગ્રહ્યો નહિ સદ્‌ગુરુ સંગ,
તપ ક્રિયા ફોગટ સહુ, ભાખે ભગવઈ અંગ.'

આજ બાબતમાં અન્ય સ્થળે પણ કહ્યું છે—

'ધર્મ આત્મશાખે કરો, એનું મૂલ અમૂલ,
જન રંજનીયા ધર્મનું, મળે ન કોડી મૂલ.'

માટે ધર્મક્રિયા પણ આત્મસાક્ષીએ ખરી ભાવનાપૂર્વક કરવી. પણ દેખાદેખીથી ફકત બહારના આડંબરપૂર્વક ધર્મકરણી કરવાથી બહુ અલ્પ ફળ મળે છે.

વડીલ મહાનુભાવો ! ચાલુ સદીના વારસદારો–પુત્રપુત્રીઓ તરફ જરા દષ્ટિ કરી જુઓ તો ખરા કે ઉત્તમ કુળના સુંદર સંસ્કારો કેટલા ભૂંસાતા જાય છે. આ પ્રસંગે એક અનુભવીના બોલ ખાસ યાદ આવે છે—

"આકાર માનવનો પણ આચાર પશુનો."

"માણસ થયો પણ માનવતા ન લાવતાં પશુ બન્યો."

"જ્યાં ત્યાં જ્યારે ત્યારે જે તે ખાય તો પશુ અને માનવમાં શો તફાવત ?"

વિવેક વિનાના પશુની જેમ જ્યાં ત્યાં ખાતા ક્યાંથી ખ્યાલ હોય કે અહીં આહાર કરાય કે ન કરાય ? પરંતુ યોગ્ય સ્થાને આહાર કરવો જોઈએ. તેમજ જ્યારે ત્યારે સમયનો ખ્યાલ પણ નિર્વિવેકીને ન હોય. જે તે ભક્ષ્ય અભક્ષ્યનો પણ વિવેક નિર્વિવેકીમાં ન જ હોય, માટે બુદ્ધિમાન-વિવેકી મનુષ્યોએ ઉપરના વાક્યમાં કહેલ વસ્તુ-સ્થિતિ સ્વયં વિચારવી ઘટે છે.



P. P. Ac. Gunratansuriji M.S. Jin Gun Aaradhak Trust

ॐ

# મૌન એકાદશીનો મહિમા

યાને

# સુવ્રત શેઠ

આ પુણ્યકથા પુરાણ કથાઓથી પણ અતિ પ્રાચીન છે. છયાસી હજાર વર્ષ પહેલાં બાવીશમા તીર્થંકર શ્રી નેમિનાથ ભગવાને શ્રી કૃષ્ણ વાસુદેવને મૌન એકાદશીની કથા સંભળાવીને ધર્મમાં સ્થાપન કર્યા હતા. તે જ કથા ફરી આજથી લગભગ પચ્ચીસ સો વર્ષ પહેલાં પણ ચરમ તીર્થંકર ભગવાન શ્રી મહાવીરદેવે શ્રી ગૌતમસ્વામીજીના પૂછવાથી સમવસરણમાં શ્રેણિક મહારાજા વગેરે બાર-પર્ષદા આગળ કહી બતાવી હતી.

## પ્રકરણ ૧ લું

જે ભૂમિ હાલ બિહાર પ્રાંતનાં નામથી ઓળખાય છે. તે જ પવિત્ર ભૂમિમાં પૂર્વે શૌરીપુર નામનું નગર હતું. તે નગરમાં સમુદ્રવિજય નામના રાજા રાજ્ય કરતા હતા. તેમને શિવાદેવી નામે પટરાણી હતી. રાજાને બીજા નવ

P. P. Ac. Gunratansuriji M.S. Jin Gun Aaradhak Trust

ભાઈઓ હતા, તેમાં વસુદેવ સૌથી નાના હતા. તેમને શ્રી બળદેવ, શ્રીકૃષ્ણ વગેરે પુત્રો હતા.

એક વખત શિવાદેવી રાણી સુખશય્યામાં અર્ધ નિદ્રાવસ્થામાં પોઢી રહ્યાં હતાં, તે વખતે તેમણે ચૌદ મહા-સ્વપ્ન પોતાના મુખમાં પ્રવેશ કરતાં જોયાં અને જાગ્યાં, બાદ સમુદ્રવિજય મહારાજાને આ વાત જણાવી

સમુદ્રવિજય મહારાજાએ સ્વપ્નપાઠકોને બોલાવ્યા અને સ્વપ્નોની વાત જણાવી.

સ્વપ્નપાઠકોએ જણાવ્યું કે, "આ સ્વપ્નાનુસાર મહારાણીને એક એવો પુત્ર થશે કે જે ચક્રવર્તી અથવા તીર્થંકર થશે."

આ જાણી શિવાદેવી માતા સુખપૂર્વક ગર્ભનું પાલન કરવા લાગ્યાં. એમ કરતાં નવ માસ વીતી ગયા.

શ્રાવણ સુદી પંચમીને દિવસે મધ્યરાત્રિએ શિવાદેવી માતાએ એક પુત્રરત્નને જન્મ આપ્યો. તે પુત્રનો વર્ણ શ્યામ હતો. પણ રૂપરૂપના અંબાર અને દેવકુમાર સમા તેજસ્વી લાગતા હતા. આ પુત્ર તીર્થંકર થવાના હોવાથી તે જ વખતે આસન કંપવાથી છપ્પન દિગ્કુમારીઓ ત્યાં આવી.

તુરત દેવશકિત વડે હજાર સ્તંભવાળું એક મોટું કેળનું

P. P. Ac. Gunratansuriji M.S. Jin Gun Aaradhak Trust



શ્રી નેમિનાથ પ્રભુનો જન્મ મહોત્સવ ઉજવતી છપ્પન દિશાકુમારીઓ

P. P. Ac. Gunratansuriji M.S. Jin Gun Aaradhak Trust

સૂતિકાગૃહ બનાવ્યું. બીજા કેળનાં ત્રણ ગૃહ બનાવી પ્રભુને તથા માતાને સિંહાસન ઉપર બેસાડીને નિર્મળ જળ વડે સ્નાન કરાવ્યું. ત્યાર પછી પ્રભુને તથા માતાને સુગંધી પદાર્થોથી વિલેપન કરીને વસ્ત્રાભૂષણ પહેરાવીને બીજા સિંહાસન ઉપર લઈ જઈને બેસાડયાં. બાવના ચંદનની ભસ્મ વડે બે રક્ષા પોટલી બનાવી બંનેના હાથે બાંધી ત્યારબાદ 'હે ભગવંત! તમે દીર્ઘાયુવાળા થાઓ' એમ કહીને નમસ્કાર કરીને મંગળગીત ગાઈને શિવાદેવી માતાને તથા પ્રભુજીને સૂતિકાભવનમાં સુવડાવ્યાં. આ રીતે પ્રભુનો જન્મ મહોત્સવ ખૂબ ઠાઠથી કરીને છપ્પન દિશાકુમારીઓ પોતપોતાને સ્થાનકે ગઈ.

ત્યાર પછી ઇન્દ્રોએ આવી મેરુ પર્વત ઉપર લઈ જઈ પ્રભુનો અભિષેક કર્યો.

પ્રભાત થતાં આખા નગરમાં પુત્ર જન્મની વધાઈ આપવામાં આવી. સર્વત્ર આનંદ આનંદ ફેલાઈ ગયો. સહુએ ધામધૂમપૂર્વક જન્મોત્સવ ઊજવ્યો. સમુદ્રવિજય રાજાએ પ્રજાના કરવેરા માફ કર્યા અને કેદીઓને બંદીખાનેથી છોડી મૂકયા. રાજપુત્રનું નામ નેમિકુમાર રાખવામાં આવ્યું.

અનુક્રમે નેમિકુમાર બીજના ચંદ્રમાની જેમ દિન-

P. P. Ac. Gunratansuriji M.S. Jin Gun Aaradhak Trust

પ્રતિદિન મોટા થતા ગયા. રાજકુટુંબ તેમજ પ્રજાજનો પણ હોંશેહોંશે રાજપુત્રને રમાડતા. લાડકોડમાં ઊછરતા પ્રભુ બાલ્યવયને વિતાવવા લાગ્યા.

હવે આ બાજુ વસુદેવના પુત્ર શ્રીકૃષ્ણ અને બલદેવ વૃંદાવન-ગોકુળમાં મોટા થતા હતા. તેઓને મારવાને માટે કૃષ્ણના મામા કંસે ઘણા ઉપાયો યોજ્યા હતા. પરંતુ જેમ "ખાડો ખોદે તે પડે." તેમ શ્રીકૃષ્ણે કંસની રાજસભામાં જ કંસને મારી નાખ્યો અને કંસના પિતા ઉગ્રસેન રાજાને મથુરાની રાજ્યગાદીએ બેસાડયા.

કંસનો વધ થવાથી કંસના સસરા જરાસંઘે શ્રીકૃષ્ણ અને બલદેવની માગણી સમુદ્રવિજય રાજા પાસે કરી; પરંતુ તે તેમણે નહિ સ્વીકારવાથી તેમને અનેક પ્રકારે હેરાનપરેશાન કરવા લાગ્યો. આથી સમુદ્રવિજય, ઉગ્રસેન, વસુદેવ વગેરે શૌરીપુર તથા મથુરા છોડીને સૌરાષ્ટ્ર તરફ આવ્યા. અનુક્રમે ગિરનાર પર્વતની વાયવ્ય દિશા તરફ આવી, છાવણી નાંખી રહ્યા.

ત્યાં શ્રીકૃષ્ણે અઠ્ઠમ-ત્રણ ઉપવાસ કરી સમુદ્રના અધિપતિ સુસ્થિત નામના દેવને પ્રસન્ન કર્યો. પ્રગટ થયેલા દેવે શ્રીકૃષ્ણને પંચજન્ય શંખ તથા બલદેવને સુઘોષ નામનો શંખ આપ્યો. તથા બંનેને દિવ્ય અલંકારો

P. P. Ac. Gunratansuriji M.S. Jin Gun Aaradhak Trust

આપ્યા. શ્રીકૃષ્ણને દરિયાકાંઠે સૌધર્મેન્દ્રની આજ્ઞાથી કુબેરે દ્વારિકા નામની નગરી વસાવી આપી અને સૌ તેમાં જઈને વસ્યા, સહુએ મળીને શ્રીકૃષ્ણને દ્વારિકાની ગાદીએ સ્થાપ્યા. શ્રીકૃષ્ણ પ્રજાનું પ્રેમપૂર્વક પાલન કરવા લાગ્યા.

ત્યાર બાદ જરાસંધ સાથે શ્રીકૃષ્ણને મોટું યુદ્ધ



શ્રીકૃષ્ણ અને જરાસંધને યુદ્ધ થયું.

થયું, તેમાં જરાસંધે જરા નામની વિદ્યા વડે શ્રીકૃષ્ણના મોટા લશ્કરને પણ ક્ષોભ પમાડયો. તે વખતે શ્રી નેમિકુમારના કહેવાથી અઠ્ઠમ–ત્રણ ઉપવાસ કરી શ્રીકૃષ્ણે ધરણેન્દ્રને પ્રસન્ન કરી શ્રી પાર્શ્વનાથ પ્રભુની પ્રતિમાજી

P. P. Ac. Gunratansuriji M.S. Jin Gun Aaradhak Trust

મેળવી. તેમના ન્હવણજળથી લશ્કરની જરા દૂર કરી. ત્યાર પછી શ્રીકૃષ્ણે શંખ ફૂંકી જરાસંધ સાથે યુદ્ધ કર્યું. છેવટે જરાસંધે મુકેલ ચક્રથી જ જરાસંધ મરાયો અને શ્રીકૃષ્ણનો જય થયો. જે જગ્યાએ શંખ ફૂંકયો તે જગ્યાએ શંખપુર નામનું નવું ગામ વસાવી ત્યાં નૂતન જિનમંદિરમાં શ્રી પાર્શ્વનાથ પ્રભુના બિંબની પ્રતિષ્ઠા કરી શંખેશ્વર મહાતીર્થની શ્રીકૃષ્ણે આ રીતે સ્થાપના કરી.

P. P. Ac. Gunratansuriji M.S. Jin Gun Aaradhak Trust

## પ્રકરણ ર જુ

શ્રી નેમિકુમાર એક વખત મિત્રો સાથે દ્વારિકામાં ફરતાંફરતાં શ્રીકૃષ્ણની આયુધશાળામાં જઈ પહોંચ્યા. અને જાતજાતનાં હથિયારો જોવા લાગ્યા. જોતાં જોતાં શ્રીકૃષ્ણનો પંચજન્ય શંખ તેમણે જોયો. શંખના રક્ષકે જણાવ્યું કે આ શંખને શ્રીકૃષ્ણ સિવાય કોઈ વગાડી શકતું નથી. તે સાંભળી કૌતુકથી નેમિકુમારે તે શંખને હાથમાં લઈ સહેજમાં વગાડયો અને તેનો અવાજ શ્રીકૃષ્ણ વગાડતા હતા-તેના કરતાં પણ ઘણો મોટો થયો.

આ અવાજ સાંભળી આખી દ્વારિકામાં ખળભળા મચી ગયો. શ્રીકૃષ્ણ અને બલદેવને લાગ્યું કે 'દ્વારિકાને આ વળી કોણ નવો શત્રુ જાગી ઊઠયો." તેની તપાસ કરવા તેઓ આયુધશાળામાં આવ્યા. ત્યાં મિત્રો સાથે શ્રી નેમિકુમારને જોયા. આથી શ્રીકૃષ્ણને મનમાં શંકા આવી કે આ મહા બળવાન બાળબ્રહ્મચારી નેમિકુમાર મારું રાજ્ય પડાવી લેશે કે શું? આથી શ્રીકૃષ્ણે શ્રી નેમિકુમારની



P. P. Ac. Gunratansuriji M.S. Jin Gun Aaradhak Trust



શ્રી નેમિકુમારના હાથે શ્રીકૃષ્ણ લટકી રહ્યા.

બળપરીક્ષા કરવા માટે પોતાનો હાથ લાંબો કરી નેમિકુમારને નમાવવા કહ્યું.

નેમિકુમારે એક જ આંચકામાં તેમનો હાથ નમાવ દીધો. અને પોતાનો હાથ નમાવવા માટે લંબાવ્યો.

શ્રીકૃષ્ણે શ્રી નેમિકુમારના હાથને નમાવવા ખૂબ પ્રયત્ન કર્યા પણ હાથ સહેજે નમ્યો નહીં, પણ જેમ ઝાડની ડાળીએ વાંદરો લટકી રહે તેમ લટકી રહ્યા આજુબાજુ ઊભેલા લોકો આ દૃશ્ય જોઈ હસી પડય અને શ્રી નેમિકુમારના બળની પ્રશંસા કરવા લાગ્યા.

P. P. Ac. Gunratansuriji M.S. Jin Gun Aaradhak Trust

આથી શ્રીકૃષ્ણ માનવા લાગ્યા કે નેમિકુમાર કુંવારા છે માટે જ આવા બળિયા છે. જો તે પરણે તો જરૂર તેનું બળ ઘટે અને આપણો ભય ટળે. એમ વિચારી નેમજીને પરણાવવા માટે શ્રીકૃષ્ણે ઘણા પ્રયત્નો કર્યા. શ્રી નેમજીના માતાપિતાએ પણ ઘણી વખત તેમને પરણવા માટે વિનવ્યા, પરંતુ નેમિકુમાર તો પોતાના નહિ પરણવાના વિચારમાં જ મજબૂત રહ્યા.

એક વખત શ્રીકૃષ્ણે પોતાની આઠ પટરાણીઓને પણ નેમજીને મનાવવા માટે સૂચના કરી, તેથી પટરાણીઓ નેમજીને સરોવરમાં જળક્રીડા કરવા લઈ ગઈ. ત્યાં તેમને સમજાવવા માટે તેમણે અનેક પ્રયત્નો કર્યા અને મશ્કરી કરતાં કહ્યું કે, "તમે તો ખરેખર બીકણ લાગો છો તમને લાગતું હશે કે પરણીશ તો સ્ત્રી માટે કમાવું પડશે પરંતુ તમારા ભાઈને અમે સોળ હજાર સ્ત્રીઓ છીએ, તેમનું ભરણપોષણ તેઓ કરે છે, તેમાં તમારી એક સ્ત્રીનું ભરણપોષણ ભારે પડવાનું નથી, આમ વાંઢા ને વાંઢા ક્યાં સુધી રહેશો ? માટે તમે લગ્ન કરી નાખો."

નેમજી કંઈ બોલ્યા નહીં, પણ સહેજ હસ્યા તેથી રાણીઓએ માની લીધું કે નેમજીએ પરણવાનું કબૂલ્યું-માન્યું છે.

P. P. Ac. Gunratansuriji M.S. Jin Gun Aaradhak Trust

ત્યાર પછી શ્રીકૃષ્ણ વગેરેએ મળી નેમજીનો વિવાહ ઉગ્રસેનની કન્યા રાજીમતી સાથે કર્યો. અને લગ્ન માટે શ્રાવણ સુદ છઠનો દિવસ નક્કી કર્યો. શ્રી નેમિકુમારને પીઠી ચોળી નવરાવી શણગારવામાં આવ્યા. પછી તેમને રથમાં બેસાડી તેમનો વરઘોડો ધામધૂમપૂર્વક ઉગ્રસેન રાજાના મહેલ તરફ ચાલ્યો. રસ્તામાં એક બાજુ પાંજરામાં અનેક પશુઓનો પોકાર સાંભળીને શ્રી નેમિકુમારે સારથિને પૂછતાં તેણે જણાવ્યું કે આપણી જાન જમાડવા માટે આ પશુઓને ભેગાં કર્યાં છે. આ સાંભળી નેમજીએ સારથિને રથ પાછો વાળવા કહ્યું. પાંજરા પાસે આવીને પશુઓને છોડી મુકાવ્યા અને પોતાના રથને દ્વારિકા તરફ ચલાવ્યો. આ જોઈ સૌ આશ્ચર્ય પામ્યા અને સમુદ્રવિજય, શ્રીકૃષ્ણ, બલદેવ અને શિવાદેવી માતા વગેરેએ ઘણા સમજાવ્યા. પરંતુ નેમજીએ કહ્યું કે મારે કોઈ રીતે પરણવું નથી.

શ્રી નેમિકુમારનો દીક્ષા અવસર અવધિજ્ઞાનથી જાણી લોકાન્તિક દેવતાઓએ પ્રભુ પાસે આવીને તીર્થ પ્રવર્તાવવાની પ્રભુને વિનંતિ કરી.

ત્યારબાદ દ્વારિકામાં આવી બાર મહિના સુધી વરસી દાન આપી પ્રજાનું દારિદ્રય દૂર કરી શ્રાવણ સુદ છઠે

P. P. Ac. Gunratansuriji M.S. Jin Gun Aaradhak Trust



ઉગ્રસેન રાજાનો રાજમહેલ અને શ્રી નેમિકુમારની જાન.

P. P. Ac. Gunratansuriji M.S. Jin Gun Aaradhak Trust



શ્રી નેમિનાથ પ્રભુની દીક્ષાનો વરઘોડો

ધામધૂમપૂર્વક સહસાવનમાં દેવ મનુષ્યોની હાજરીમાં એક હજાર મનુષ્યો સાથે પોતે પંચમુષ્ટિ લોચ કરી પ્રભુએ દીક્ષા લીધી. અને (દરેકે દરેક તીર્થંકર દેવો બાર માસ સુધી વરસી દાન આપીને જ દીક્ષા લે છે.) મૌનપણે વિહાર કરવા લાગ્યા. અનુક્રમે ચોપન દિવસ બાદ ભાદરવા વદી અમાસને દિવસે શ્રી નેમિનાથ પ્રભુને ગિરનાર તીર્થ ઉપર કેવળજ્ઞાન પ્રાપ્ત થયું. દેવો વગેરેએ આવી કેવળજ્ઞાનનો મહોત્સવ કર્યો. દેવોએ ત્રણ ગઢવાળા સમવસરણની રચના કરી. પ્રભુજી તેમાં બેસી દેશના દેવા લાગ્યા.

શ્રી નેમિનાથ પ્રભુને કેવળજ્ઞાન પ્રાપ્તિના સમાચાર મળતાં શ્રીકૃષ્ણ, સમુદ્રવિજય, રહનેમિકુમાર વગેરે યાદવો તથા વરદત્ત અને રાજીમતિ વગેરે સપરિવાર વાંદવા

P. P. Ac. Gunratansuriji M.S. Jin Gun Aaradhak Trust



શ્રી નેમિનાથ પ્રભુનું સમવસરણ અને શ્રીકૃષ્ણનું વંદનાર્થે આવવું.

આવ્યાં. પ્રભુજીની ધર્મદેશના સાંભળી અનેક જીવો સંસાર છોડી વરદત્તકુમાર, સતી રાજીમતી તથા રહનેમિ કુમારની સાથે પ્રભુજીની પાસે દીક્ષા લીધી. અપૂર્વ ભાવથી ચારિત્ર પાળી આઠે કર્મોને ખપાવી સંસારનો અંત આણ્યો એટલે સંસાર તરી ગયા.

O

## પ્રકરણ ૩ જું

"દ્વારિકાનગરી સમોસર્યારે, એકદિન નેમિ જીણંદ;
કૃષ્ણ આવ્યા તિહાં વાંદવા રે, પૂછે પ્રશ્ન નરિંદ."

બાળ બ્રહ્મચારી શ્રી નેમિનાથ ભગવાન જગતને પાવન કરતા કરતા અનેક દેશોમાં વિચરવા લાગ્યા.

તેઓ એક વખત દ્વારિકા નગરીમાં સમોસર્યા. તેમની સાથે કોટિ દેવો અને અનેક સાધુ સાધ્વી હતાં. તે વખતે દેવોએ ત્રણ ગઢવાળા સમોસરણની રચના કરી. વનપાલકે શ્રીકૃષ્ણ વાસુદેવને ભગવાન શ્રી નેમિનાથ સપરિવાર પધાર્યાની વધામણી આપી. ખુશી થએલા શ્રીકૃષ્ણ વાસુદેવે તે વનપાલકને યોગ્ય ઇનામ આપ્યું.

પ્રભુના પધારવાથી આનંદિત થએલા શ્રીકૃષ્ણ–

P. P. Ac. Gunratansuriji M.S. Jin Gun Aaradhak Trust

વાસુદેવે પ્રભુને વંદન કરવા માટે જલદી તૈયારી કરીને મોટા આડંબરપૂર્વક પ્રદ્યુમ્ન, શાંબ વગેરે પુત્રો તથા પોતાના મોટા ભાઈ બલદેવ તેમજ અંતઃપુરની રાણીઓ વગેરેના પરિવાર સાથે પ્રભુને વંદન કરવાને સમોસરણ તરફ ચાલ્યા, સાથે ચતુરંગી ચાર પ્રકારની સેના પણ લીધી.

જ્યારે વાસુદેવની સવારી પ્રભુના સમોસરણની નજીક આવી પહોંચી ત્યારે પ્રભુનો વિનય સાચવવાને માટે વાસુદેવે પોતાના પાંચ ×રાજચિહ્નોનો ત્યાગ કર્યો. હાથી ઉપરથી ઊતરી સમવસરણમાં આવી પ્રભુને ત્રણ પ્રદક્ષિણાપૂર્વક વિનય સાચવીને પોતાને યોગ્ય સ્થાને બેઠા. વાસુદેવની સાથે આવેલા લોકો પણ પોતપોતાને યોગ્ય સ્થાનકે બેઠા.

ત્યાર પછી શ્રી નેમિનાથ ભગવાને અમૃત જેવી મધુર અને મેઘ સરખી ગંભીર વાણી વડે ઉપદેશ આપવા માંડયો. ઉપદેશ આપતા પ્રભુએ જણાવ્યું કે, 'હે ભવ્ય જીવો ! આ પાર વિનાના સંસારસમુદ્રમાં ભમતાં જીવે ચિન્તામણિ રત્ન સમાન સમકિત પ્રાપ્ત કર્યું નથી.

× ૧ છત્ર, ૨ ચામર, ૩ મુગટ, ૪ તલવાર, ૫ જોડા.

P. P. Ac. Gunratansuriji M.S. Jin Gun Aaradhak Trust

*સમકિત પ્રાપ્ત કર્યા સિવાય સર્વ દુઃખનો નાશ કરન મોક્ષની પ્રાપ્તિ થતી નથી. એક વાર પણ સમકિત પ્રા કરનારો જીવ અવશ્ય મોક્ષે જનારો થાય છે. સમકિતવા જીવ કોઈક તે જ ભવમાં મોક્ષે જાય. કોઈક અમુક ભ કરીને મોક્ષે જાય અને કોઈક બહુ ભારે કર્મી જીવ હોય ત છેવટે લાંબા કાલે-દેશઉણા અર્ધપુદ્ગલ પરવર્તન કા પછી પણ અવશ્ય મોક્ષે જાય છે. આ સમકિત સહિ સર્વ વિરતિ રૂપ સાધુધર્મ સેવન કરવાથી અથવા દેશવિર રૂપ શ્રાવક ધર્મનું પાલન કરવાથી જીવ તુરત મો મેળવી શકે છે, માટે સમકિત સહિત ઉપર કહેલા પ્રકારના ધર્મમાંથી કોઈ પણ ધર્મની આરાધના આ સંસા સમુદ્રમાંથી જીવને તારે છે."

*તે આ સમકિત પાંચ પ્રકારે કહેલું છે. ૧ સાસ્વાદન સમકિ ૨ વેદક સમકિત, ૩ ક્ષયોપશમ સમકિત, ૪ ઉપશમ સમકિત અ ૫ ક્ષાયિક સમકિત. સમકિત મોહનીય, મિશ્ર મોહનીય અને મિથ્યાત મોહનીય તથા અનંતાનુબંધી ક્રોધ, માન, માયા અને લોભ એ સાત પ્રકૃતિનો ઉપશમ થવાથી ઉપશમ સમકિત થાય છે. સાતે પ્રકૃતિનો ક્ષય-નાશ થવાથી ક્ષાયિક સમકિત થાય છે. સમકિ મોહનીયના ઉદયવાળા જીવને ક્ષયોપસમ સમકિત જાણવું સમકિ મોહનીયનો છેલ્લો ઉદયકાળ, જેની પછી ક્ષાયિક સમકિત થાય છે તે વેદક સમકિત કહેવાય અને સમકિતથી પડતાં જીવને સમકિતન સ્વાદ રહે તે સાસ્વાદન સમકિત કહેવાય છે. આ છેલ્લું સાસ્વાદ નામનું સમકિત, સમકિતથી પડતા જીવને હોય છે અને ત્યાંથી પડી જીવ-ફરીથી મિથ્યાત્વી થાય છે. વગેરે

P. P. Ac. Gunratansuriji M.S. Jin Gun Aaradhak Trust

ઉપર પ્રમાણેની ભગવાનની વાણી સાંભળીને શ્રીકૃષ્ણ વાસુદેવે ભગવાનને પૂછ્યું કે "હે ભગવન ! મારાથી આ બે પ્રકારના ધર્મમાંથી કોઈ પણ પ્રકારનો ધર્મ આરાધન કરી શકાતો નથી, હું તો રાજ્યની લક્ષ્મી તથા વિષયાદિમાં આસક્ત છું, તો મારી શી ગતિ થશે ?"

ઉપર પ્રમાણેનો શ્રીકૃષ્ણ–વાસુદેવનો પ્રશ્ન સાંભળી શ્રી નેમિનાથ પ્રભુએ કહ્યું કે "ઘોર કર્મો કરનાર જીવો પણ દાન, શીલ, તપ અને ભાવરૂપી ધર્મના પ્રભાવથી આ સંસારના દુઃખનો નાશ કરીને મોક્ષ પામ્યા છે. તમે ક્ષાયિક નામનું ઉત્તમ સમકિત તો પામેલા છો, માટે તેની વિશેષ આરાધના કરો."

"તવ પૂછે હરિ નેમને, દાખો દિન મુજ એક,
થોડો ધર્મ કર્યાં થકી, શુભ ફળ પામું અનેક."
"નેમ કહે કૃષ્ણ સુણો, વરસ દિવસમાં જોય,
માગસર સુદિ એકાદશી, એ સમ અવર ન કોય."

ફરીથી વાસુદેવે પૂછ્યું કે "હે ભગવન્ ! હું તો હંમેશા રાજકાર્યમાં ગુંથાએલો રહું છું. મારાથી કોઈપણ પ્રકારનું ધર્મકાર્ય સદા બનો શકતું નથી, માટે મારા ઉપર કૃપા કરીને વર્ષના ત્રણસો સાઠ દિવસમાં કોઈ એક એવો ઉત્તમ દિવસ જણાવો કે જેની ભાવપૂર્વક કરેલી આરા-

P. P. Ac. Gunratansuriji M.S. Jin Gun Aaradhak Trust

થનામાં બધું સમાઈ જાય અને મારા કલ્યાણને માટે થાય."

જવાબમાં શ્રી તીર્થંકર ભગવાનને જણાવ્યું કે, "હે વાસુદેવ! મૌન એકાદશી–માગશર સુદી અગિયારશનો દિવસ મહામહિમાવન્તો છે. તમે આ દિવસની ભાવપૂર્વક આરાધના કરો, અન્ય સર્વ પર્વ, તિથિઓ કરતાં આ પર્વતિથિ સર્વોત્કૃષ્ટ મંગળમય છે. પૂર્વકાલમાં આ પુણ્ય દિનસની વિધિપૂર્વક આરાધના કરી અનેક ભવ્ય જીવોએ મોક્ષ પદની પ્રાપ્તિ કરી છે."

તે વખતે શ્રીકૃષ્ણ વાસુદેવે પૂછ્યું કે, "હે કૃપાસાગર આ તિથિનું આરાધન ઘણા ફળને આપનારું છે તેનું શું કારણ છે? તે જણાવવા કૃપા કરો."

શ્રી નેમિનાથ પ્રભુએ જવાબ આપતાં જણાવ્યું કે "હે કૃષ્ણ વાસુદેવ! આ મહાપર્વતિથિ મહાપ્રભાવવાળી અને અચિંત્ય ફળદાયી છે.

આ તિથિએ અઢારમા શ્રી અરનાથ નામના તીર્થપતિની દીક્ષા થએલી છે. શ્રી નમિનાથ નામના એકવીશમા તીર્થંકરને અનુપમ કેવલજ્ઞાન ઉત્પન્ન થયું છે ઓગણીસમા શ્રી મલ્લિનાથ પ્રભુનો જન્મ, દીક્ષા, તથા કેવલજ્ઞાન થયા છે. એ પ્રમાણે પાંચ કલ્યાણકવાળી આ માગસર માસની એકાદશી છે.

P. P. Ac. Gunratansuriji M.S. Jin Gun Aaradhak Trust

ઉપર કહ્યા પ્રમાણે આ પર્વ તિથિએ આ ભરતક્ષેત્રમાં પાંચ કલ્યાણકો થયાં છે. તેવી રીતે અઢી દ્વીપમાં આવેલાં પાંચ કલ્યાણકો થયાં છે. તેવી રીતે અઢી દ્વીપમાં આવેલા પાંચ ભરતક્ષેત્ર તથા પાંચ ઐરાવતક્ષેત્ર મળી દસ ક્ષેત્રમાં પાંચ પાંચ પાંચ કલ્યાણક થવાં હોવાથી દશને પાંચે ગુણતાં પચાસ કલ્યાણક થયા છે, તેવી જ રીતે ગઈ ચોવીસીમા એ જ પ્રમાણે પણ પચાસ કલ્યાણકો થયાં હતાં, તેવી જ રીતે આવતી ચોવીસીમા પણ આ રીતે થવાનાં છે. આ પ્રમાણે પાંચ ભરત તથા પાંચ ઐરાવત ક્ષેત્રમાં ત્રણ ત્રણ ચોવીસીના ત્રણ ત્રણ શ્રી તીર્થંકર પ્રભુના પાંચ પાંચ કલ્યાણકો મળી એકલે કે ૯૦ તીર્થંકર પ્રભુના દોઢસો કલ્યાણકો આ તિથિ માગસર સુદ અગ્યારસની તિથિએ થયાં હોવાથી આ એક જ તિથિએ આરાધ. માટે કરેલો એક ઉપવાસ દોઢસો ઉપવાસનું ફળ આપનારો થાય છે. તેથી આ પર્વતિથિની આરાધના અધિક ફળ આપનારી જાણવી. આ તિથિની કરેલું થોડુંક પણ પુણ્ય-કાર્ય અધિક ફળ આપનારું થાય છે. વળી બાર માસમાં આવતી બીજી અગિયારસોમાં બીજા શ્રી તીર્થંકર પ્રભુના કુલ દોઢસો કલ્યાણકો થયા, છે, માટે જ સમજુ પુરુષોએ તેની વિશેષ આરાધના કરવી જોઈએ. જેમ સર્વ પર્વોમાં પર્યુષણા પર્વ મુખ્ય કહ્યું છે, તેમ

P. P. Ac. Gunratansuriji M.S. Jin Gun Aaradhak Trust

સર્વ દિવસોમાં આ મૌન એકાદશીનો દિવસ સર્વશ્રેષ્ઠ અને મહા કલ્યાણકારી કહ્યો છે."

શ્રી નેમિનાથ ભગવંતનાં ઉપર પ્રમાણેનાં વચનો સાંભળી શ્રીકૃષ્ણ વાસુદેવે પ્રભુને ફરીથી પૂછ્યું કે–"હે ભગવન્! આ તિથિની આરધના કેવી રીતે કરવી જોઈએ?" જવાબમાં પ્રભુએ જણાવ્યું કે–"આ દિવસે ઉપવાસ કરવો, તેમજ તેના આગલા તથા પછીના દિવસે એકાસણું કરવું જોઈએ. વળી આ દિવસે મૌન ધારણ કરીને અહોરાત્રિ–આઠ પહોરનો પૌષધ કરવો. ભણવા ગણવા સિવાય બીજું કાંઈપણ બોલવું નહિ પારણાના દિવસે જિનાલયમાં જઈને શ્રી જિનેશ્વર પ્રભુની આગળ ફળાદિ મૂકી ભાવથી શ્રી જિનરાજની પૂજા કરવી. ત્યાર પછી ગુરુ પાસે જઈ તેમને વંદન કરી જ્ઞાનપૂજા કરીને અતિથિ–સંવિભાગ એટલે કે પૂજ્ય સાધુમહારાજને વહોરાવી અથવા તો ધર્મી શ્રાવકની યોગ્ય ભક્તિ કરી પારણું કરવું આ પ્રમાણે દરેક માસની સુદ એકાદશીની આરાધના અગિયાર વર્ષ અને અગિયાર મહિના સુધી કરવી. બારમે વર્ષે જ્યારે આ વ્રત પૂરું થાય ત્યારે પૌષધ પારીને ગુરુને નમીને શ્રી જિનાલયમાં જઈ શ્રી જિનેશ્વરની આગળ અગિયાર ફળો, અગિયાર જાતિના પકવાન્ન; અગિયાર જાતિનાં ધાન્યો, એમ ઉત્તમ વસ્તુ અગિયાર અગિયાર

P. P. Ac. Gunratansuriji M.S. Jin Gun Aaradhak Trust

મૂકવી. વળી ઓછામાં ઓછા અગિયાર શ્રાવકોનું વાત્સલ્ય, સંઘપૂજા, તેમજ અગિયાર અંગનાં પુસ્તકો લખાવવાપૂર્વક આ તપનું ઉજમણું કરવું. (ઉજમણાની વિશેષ વિધિ પૂજ્ય ગુરુમહારાજ પાસેથી જાણવી.)

ઉપર પ્રમાણેની શ્રી નેમિનાથ ભગવંતે કહેલી વિધિ સાંભળીને શ્રીકૃષ્ણ–વાસુદેવે ફરીથી પૂછ્યું કે–"પહેલા કોઈએ આ તપની આરાધના કરી હોય તો તેનું તેને શું ફળ મળ્યું છે તે જણાવવા કૃપા કરો."

આ પ્રમાણેના શ્રીકૃષ્ણ–વાસુદેવના પ્રશ્નનો ઉત્તર આપતા પ્રભુએ જણાવ્યું કે, "પૂર્વકાળમાં સુવ્રત નામના શેઠે આ વ્રતનું ઉત્તમ ભાવપૂર્વક આરાધન કર્યું હતું અને તે આરાધના કરવામાં તેમનો પૂર્વ ભવ કારણરૂપ હતો માટે પૂર્વ ભવમાં તેમણે આ વ્રત કેવી રીતે આરાધ્યુ અને તેથી સુવ્રત શેઠના ભાવમાં તેમણે કેવું સુખ મેળવ્યું તે વિસ્તારપૂર્વક જણાવું છું. તે તમો સાવધાનપણે સાંભળો."

P. P. Ac. Gunratansuriji M.S. Jin Gun Aaradhak Trust

## પ્રકરણ ૪ થું

## સુવ્રત શેઠનો પૂર્વભવ

પ્રભુશ્રી નેમિનાથ ભગવાને શ્રીકૃષ્ણ–વાસુદેવને સુવ્રત શેઠના પૂર્વભવની હકીકત કહેતાં જણાવ્યું કેઃ—

"આ જંબૂદ્વીપને ફરતો લવણ સમુદ્ર આવેલો છે અને તે લવણ સમુદ્રને ફરતો ધાતકીખંડ નામે દ્વીપ આવેલો છે. આ દ્વીપ ચાર લાખ યોજનાની પહોળાઈવાળો છે. આ ખંડમાં ઇક્ષુકાર નામનો પર્વત આવેલો છે. તે પર્વતની દક્ષિણ દિશાને વિષે વિજય નામનું એક ઋદ્ધિવાળું મોટું નગર આવેલું છે. આ નગરને વિષે ન્યાય, નીતિ વગેરે ગુણોવાળો પૃથ્વીપાલ નામનો રાજા રાજ્ય કરતો હતો. આ રાજા સર્વને પ્રિય હતો. પૃથ્વીપાલ રાજાને ચન્દ્રાવતી નામની રાણી હતી. આ રાણી ઉદારતા, ચતુરાઈ, શીલ વગેરે અનેક ગુણોથી શોભાયમાન હતી.

તે જ નગરમાં વેપારીઓમાં અગ્રેસર સૂર્ય સરખો સૂર નામે એક મોટો વેપારી હતો. તે શ્રી જિનેશ્વર પ્રભુના ધર્મની ભાવભક્તિપૂર્વક હંમેશા યથાશક્તિ આરાધના કરતો હતો. આ સૂર શેઠનો દૂર દૂર દેશમાં પણ મોટો

P. P. Ac. Gunratansuriji M.S. Jin Gun Aaradhak Trust

વેપાર ચાલતો હતો. જેમ સમુદ્રમાં રહેલા રત્નોનો પાર પામી શકાતો નથી. તેમ આ શેઠના ધનનું પ્રમાણ કોઈથી જાણી શકાતું નહોતું. અર્થાત્ આ શેઠની પાસે અઢળક ધન હતું. લોકોમાં તેનું ઘણું માન હતું, સર્વ કાર્યોમાં લોકો તેની સલાહ લેતા. કોઈ તેના બોલનું ઉત્થાપન કરતા નહિ. નોકર ચાકર તથા ઢોરઢાંખર પણ શેઠની પાસે ઘણાં હતાં, એટલે કે શેઠ સૌ વાતે સુખી હતો.

એક વખતે રાત્રિના પાછલા પહોરે સૂર શેઠે વિચાર્યું કે પૂર્વ ભવના પુણ્યના પ્રભાવથી મારી પાસે ઘણી લક્ષ્મી એકઠી થઈ છે, લક્ષ્મી વીજળીના ઝબકારાની જેમ ચચળ છે, તો મારે શક્તિ પ્રમાણે તે લક્ષ્મીને ધર્મકાર્યમાં વાપરવી જોઈએ, અને તે માટે મારે પૂજ્ય ગુરુમહારાજ પાસે જઈ ધર્મકાર્ય પૂછવુ જોઈએ."

આવા સારા વિચારથી સવારે મોટા પરિવાર સાથે તે સૂર શેઠ ગુરુને વંદન કરવા ગયા. ગુરુને વિધિપૂર્વક વાંદીને ગુરુમહારાજ પાસે દેશના સાંભળવા બેઠા. ગુરુ મહારાજે ધર્મ દેશના



ગુરુમહારાજ દેશના આપે છે.



P. P. Ac. Gunratansuriji M.S. Jin Gun Aaradhak Trust

આપતાં જણાવ્યું કે "દાન, શીલ, તપ અને ભાવ એ ધર્મના ચાર પ્રકાર શ્રી તીર્થંકર ભગવાને જણાવ્યા છે. માટે આ સંસારસમુદ્રમાં ધર્મ ડૂબતા મનુષ્યને માટે જહાજ સમાન છે, માટે દરેક જીવે ધર્મની આરાધનામાં ઉદ્યમશીલ રહેવું જોઈએ." દેશના સાંભળ્યા પછી શેઠે ગુરુને વિનંતિ કરી કે "હે ગુરુદેવ! મારી ઉત્તમ ધર્મ કરવાની ભાવના છે, પરંતુ મારાથી દરરોજ ધર્મકરણી થઈ શકે તેમ નથી, માટે આખા વર્ષની અંદર કોઈ એવો એક ઉત્તમ દિવસ હોય તે જણાવો કે તે એક જ દિવસે કરેલું પુણ્ય મહાફળને આપનારું થાય."

તે વખતે પૂજ્ય ગુરુમહારાજશ્રીએ સૂર શેઠને જણાવ્યું કે, "મૌન–એકાદશી–માગસર સુદ એકાદશીનો દિવસ અતિ ઉત્તમ છે, કારણ કે આ દિવસે દોઢસો કલ્યાણકો થયા છે. તે આ પ્રમાણેઃ—

આ દિવસે શ્રી મલ્લિનાથપ્રભુનું જન્મ કલ્યાણક, દીક્ષા કલ્યાણક તથા કેવલજ્ઞાન કલ્યાણક થયેલાં છે, તેમજ નમિનાથ પ્રભુનું કેવલજ્ઞાન કલ્યાણક થયેલું છે, તથા અરનાથ પ્રભુનું દીક્ષાકલ્યાણક થયેલું છે. તે એકાદશી કોને વખાણવા યોગ્ય ન થાય? અથવા સર્વને આ એકાદશી આરાધવા યોગ્ય છે."

P. P. Ac. Gunratansuriji M.S. Jin Gun Aaradhak Trust

આ પ્રમાણેનો ગુરુનો ઉપદેશ સાંભળીને તે સૂરશેઠે મૌન એકાદશીનું વ્રત ગુરુ પાસેથી વિધિપૂર્વક જાણીને ગ્રહણ કર્યું. ત્યારપછી ગુરુને વંદના કરી તે શેઠ પોતાને ઘેર આવ્યા. અને દાનાદિ ચારે પ્રકારના ધર્મની આરાધનામાં વિશેષ તત્પર થયા અને મૌન એકાદશીનું વિધિપૂર્વક ખૂબ ભાવથી આરાધના કરવા લાગ્યા.

વિધિપૂર્વક મૌન એકાદશીની આરાધના કરતા કરતા શેઠને અગિયાર વર્ષ અને અગિયાર મહિના પૂરા થયા. એટલે કે તે તપ પૂર્ણ થયો. વ્રત પૂર્ણ થયા પછી શેઠે તેનું ગુરુમહારાજે બતાવ્યા પ્રમાણે વિધિપૂર્વક ઉદ્યાપન–ઉજમણું કર્યું.

ઉજમણા પછી પંદર દિવસ ગયા બાદ, શેઠના પેટમ એકદમ શૂલ ઉત્પન્ન થયું અને ધર્મ, ધ્યાન અને સમતા-પૂર્વક આયુ પૂર્ણ કરી મરણ પામ્યા. મરણ પામીને શેઠ અગિયારમાં આરણ નામના દેવલોકને વિષે એકવીસ સાગરોપમ*ના આયુષ્યવાળા દેવ થયા. આ દેવલોકમાં

*અસંખ્યાતા વર્ષો જાય ત્યારે એક પલ્યોપમ થાય છે. આ પલ્યોપમ ત્રણ પ્રકારના છે. ઉદ્ધાર પલ્યોપમ–અદ્ધ પલ્યોપમ અને ક્ષેત્ર પલ્યોપમ. દશ કોડા કોડી પલ્યોપમે એક સાગરોપમ થાય છે. તે સાગરોપમ પણ પલ્યોપમની પેઠે ત્રણ પ્રકારના જાણવા તેમાંથી

P. P. Ac. Gunratansuriji M.S. Jin Gun Aaradhak Trust

દેવતાના સુંદર સુખોને ભોગવતા પોતાનું આયુષ્ય પૂરુ કર્યું. આયુષ્ય પૂરુ થવાથી તે સૂરશેઠનો જીવ ત્યાંથી ચ્યવીને સુવ્રતશેઠ થયો.

આયુષ્યની ગણતરીમાં અદ્ધાપલ્યોપમ તથા અદ્ધાસાગરોપમ વડે ગણતરી કરાય છે. માટે અહીંયા જણાવેલ એકવીસ સાગરોપમ તે અદ્ધાસાગરોપમ જાણવા ઉદ્ધાર સાગરોપમ કરતાં અદ્ધાસાગરોપમ અસંખ્યાત ગણો મોટો જાણવો.

## પ્રકરણ ૫ મું

### સુવ્રત શેઠ

પૂર્વકાલે શૌર્યપુર નામે એક મોટું નગર હતું. તે નગરમાં સમૃદ્ધિદત્ત નામનો એક મોટો વ્યવહારી–વેપારી રહેતો હતો. તે શેઠને શીલાદિ ગુણોથી શોભતી પ્રીતિમતી નામની સ્ત્રી હતી, પાછલા પ્રકરણમાં જણાવેલ સૂરશેઠનો જીવ આરણદેવલોકથી ચ્યવીને તે પ્રીતિમતીની કુક્ષીમાં ઉત્પન્ન થયો. તે વખતે ઉત્તમ પુત્રની ઉત્પત્તિને જણાવનાર સારાં સ્વપ્ન પ્રીતિમતીને આવ્યાં. અનુક્રમે ગર્ભ વૃદ્ધિ પામવા લાગ્યો. નવ માસ પૂર્ણ થયા ત્યારે પ્રીતિમતીએ એક ઉત્તમ પુત્રને જન્મ આપ્યો.

P. P. Ac. Gunratansuriji M.S. Jin Gun Aaradhak Trust

પુત્રજન્મ થયા પછી જ્યારે તેની નાલને દાટવાને માટે ખાડો ખોદતાં હતા, તે વખતે જમીનમાંથી માબાપને નિધાનની–અઢળક ધનની પ્રાપ્તિ થઈ. ભાગ્યશાળીને ડગલે ને પગલે નિધાન પ્રગટે છે, તેમાં કાંઈ આશ્ચર્ય નથી. નાલ સ્થાપન કરતાં, નિધાન અચાનક પ્રગટ થયું, તે જોઈ કુટુંબી જનોમાં તેમજ આડોસીપાડોસી લોકોને ઘણું આશ્ચર્ય થયું, પુત્ર ઘણો ભાગ્યશાળી થશે. એવું વચન દરેક જણ બોલવા લાગ્યા.

આ વાત સર્વ ઠેકાણે ફેલાઈ ગઈ. અને હર્ષ પામેલા સમૃદ્ધિદત્ત શેઠે દશ દિવસ સુધી પુત્રજન્મનો મોટો મહોત્સવ કર્યો. બારમે દિવસે સૂતક પૂરું થવાથી શેઠે પોતાના સગાસંબંધીઓ તથા જ્ઞાતિભાઈઓને જમાડીને સંતોષ્યા. તે વખતે શેઠે પુત્રનું ગુણાનુસારે 'સુવ્રત' એવું નામ પાડયું. કારણ કે પુત્ર ગર્ભમાં હતો ત્યારે માતાને સારાંસારાં વ્રતો કરવાની ઇચ્છા થઈ હતી.

ત્યાર પછી તે પુત્ર પાંચ*ધાવ માતાઓ વડે લાલન

*પાંચ ધાવ માતાઓ આ પ્રમાણે :—(૧) પુત્રને સ્તનપાન કરાવનારી (૨) પુત્રને ખોળામાં લઈને બેસાડનારી (૩) પુત્રને ઘરેણાં પહેરાવનારી (૪) પુત્રને રમાડનારી અને (૫) પુત્રને ચાલવું, દોડવું વગેરે શીખવનારી.

P. P. Ac. Gunratansuriji M.S. Jin Gun Aaradhak Trust

પાલન કરાતો અનુક્રમે વૃદ્ધિ પામવા લાગ્યો. તે સુવ્રત આઠ વર્ષનો થયો તે વખતે સુવ્રતકુમાર માતા–પિતાએ વિચાર કર્યો કે—

×રૂપ અને લાવણ્યવાળા તથા ઉત્તમ જાતિમાં ઉત્પન્ન થયેલા મનુષ્યો જો વિદ્યા વિનાની હોય તો શોભતા નથી, માટે હું હવે આ પુત્રને વિદ્યાભ્યાસ કરાવું. આ પ્રમાણે વિચાર કરી શેઠે વિદ્યાભ્યાસ કરવા માટે પુત્રને ઉપાધ્યાયને ત્યાં પાઠશાળામાં મૂક્યો. ત્યાં ગુરુની પાસે બીજા અનેક વિદ્યાર્થીઓ ભણતા હતા–પરંતુ તે બધામાં આ સુવ્રતે તો થોડી મહેનતે પુરુષની બોંતેર કલાઓ થોડા જ વખતમાં શીખી લીધી. બીજા શિષ્યોને ભણાવતાં જેટલી મહેનત ગુરુને લેવી પડી તેનાથી ઘણી જ થોડી મહેનતે આ સુવ્રતે બધી કલાઓ ગ્રહણ કરી, તેથી ગુરુને પણ તેના ઉપર પ્રેમ ઉત્પન્ન થયો. ઘણા પ્રસન્ન થયા. ક્રમે ક્રમે સુવ્રત જૈનધર્મના પવિત્ર સંસ્કારોથી વાસિત થતા ગયા અને છ પ્રકારના આવશ્યક સૂત્રો વગેરે તથા શ્રાવકના આચાર–વિચાર પણ શીખ્યા, તેમજ યથાશક્તિ ધર્મકરણીમાં તત્પર રહેવા લાગ્યા.

અનુક્રમે શ્રેષ્ઠીપુત્ર સુવ્રત યૌવન અવસ્થાને પામ્ય

×રૂપલાવણ્યસંયુક્તા, નરા જાત્યાદિસંભવઃ ।
વિદ્યાહીના ન રાજન્તે તતોઽસું પાઠયામ્યહમ્

P. P. Ac. Gunratansuriji M.S. Jin Gun Aaradhak Trust

તે વખતે સમૃદ્ધિદત્ત શેઠે નગરના અગિયાર મુખ્ય શ્રેષ્ઠીઓની શીલાદિ ગુણવાળી કન્યાઓ તથા રૂપ લાવણ્યવાળી અગિયાર કન્યાઓ સુવ્રત સાથે પરણાવી. તેમનાં (૧) શ્રીકાન્તા (૨) પદ્મા (૩) લક્ષ્મી (૪) ગંગા (૫) પદ્મલતા (૬) તારા (૭) રમ્ભા (૮) પદ્મિની (૯) ગૌરી (૧૦) ગાંગેયા તથા (૧૧) રતિ એ રીતે નામ હતાં. રૂપ લાવણ્યવાળી સુંદરીઓની સાથે સાંસારિક સુખને ભોગવતા સુવ્રત શેઠનો કાળ શાંતિમાં પસાર થવા લાગ્યો.

સમૃદ્ધિદત્ત શેઠે પુત્ર સુવ્રતને ઘરકાર્ય ચલાવવાને યોગ્ય જાણીને ઘરનો તેમ જ વેપાર વગેરેનો બધો કારભાર સોંપ્યો. ત્યારપછી સમૃદ્ધિદત્ત શેઠે ગુરુ પાસે ચારિત્ર ગ્રહણ કરી સારી રીતે પાળવા લાગ્યા. અન્ત સમયે અનસન કરી મરી દેવલોકમાં ઉત્પન્ન થયા. પૂર્વ ભવમાં સુવ્રત શેઠે એકાદશીની વિધિપૂર્વક આરાધના કરી હતી, તેથી તેમણે અગિયાર સુંદર સ્ત્રીઓ તેમજ અગિયાર ક્રોડ સોનૈયાની પ્રાપ્તિ થઈ હતી.

卐

P. P. Ac. Gunratansuriji M.S. Jin Gun Aaradhak Trust

## પ્રકરણ છઠ્ઠું

### સુવ્રત શેઠ અને સુગુરુનું સમાગમ

સુવ્રત શેઠ મળેલી લક્ષ્મીનો સદુપયોગ કરે છે. ધર્મ-કાર્યમાં તથા દીનદુઃખીને સહાય કરવામાં છૂટે હાથે ધન વાપરે છે.*તેમજ કંજુસાઈ કર્યા વિના તે લક્ષ્મીનો ઉપભોગ પણ પ્રેમથી કરે છે. દાન ગુણને લઈને સર્વ ઠેકાણે તેમની પ્રસિદ્ધિ થઈ. હંમેશા સાચું બોલતા હોવાથી સત્યવાદી કહેવાયા. અનુક્રમે નગરશેઠની પદવી મળી અને રાજા તરફથી નગરશેઠને સૂચવતો સુવર્ણપટ્ટક મળ્યો. આ

---

*દાન કદીએ નિષ્ફળ જતું નથી. સુપાત્રને અપાયેલ દાન મહા-પુણ્યનું કારણ છે. તે સિવાય અન્યને વાત્સલ્યભાવે પ્રેમથી અપાયેલ દાન 'દયાળુપણા'ની ખ્યાતિ કરનાર થાય છે. મિત્રને અપાયેલ દાન પ્રીતિને વધારનાર થાય છે. દુઃશમનને અપાયેલ દાન વૈરનો નાશ કર-નાર બને છે. નોકર–ચાકરને દાન અપાય તો ભક્તિમાં પ્રોત્સાહન અને આકર્ષણ કરનારું બને છે. રાજા વગેરેને ભેટણારૂપે અપાયેલ ધન–દાન પૂજા, સન્માન અને મોટાઈ અપાવનાર બને છે. ભાટ-ચારણ અને બંદીજન વગેરેને અપાયેલ દાન યશ, કીર્તિને ફેલાવનાર બને છે, અને દુર્જનને અપાયેલ દાન પણ તેમને અનુકૂળ કરનારું બને છે. અહો! દાન એ કોઈ પણ સ્થાને અપાયેલ હોય તો નિષ્ફળ જતું નથી તે જ્યાં અપાય ત્યાં ફળ આપનારું જ થાય છે.

P. P. Ac. Gunratansuriji M.S. Jin Gun Aaradhak Trust



પૂ. આચાર્ય મહારાજ ધર્મદેશના આપી રહ્યા છે.

સુવર્ણપટ્ટકથી શેઠનું લલાટ તેજસ્વી દેખાતું હતું. કે-
લોક સમય ગયા પછી, દરેક સ્ત્રીને એક એક સુંદર પુ
થવાથી સુવ્રત શેઠને અગિયાર પુત્રો થયા. એ પ્રમા
વ્યાવહારિક તથા ધાર્મિક કાર્યોમાં શેઠનો કાળ સુખે પસ
થતો હતો, તેવામાં એક વખતે તે નગરના ઉદ્યાનમાં શ્ર
ધર્મઘોષ નામના આચાર્ય મહારાજ પરિવાર સાથે પધાર્યા
સાંભળીને સુવ્રત શેઠને ઘણો હર્ષ થયો. નગરનો રાજા વગે
ગુરુને વંદન કરવા ગયા. તે વખતે ગુરુએ ધર્મદેશન
આપવા માંડી. તેમાં પણ તપધર્મનો વિશેષ મહિમ
જણાવતાં જણાવ્યું કે:—

"યદ્ દૂરં યદ્ દુરારાધ્યં, યચ્ચ દૂરે વ્યવસ્થિતમ્ ।
તત્સર્વં તપસા સાધ્યં, તપો હિ દુરતિક્રમમ્ ॥૧॥

જે કાર્ય ઘણું મુશ્કેલ છે. અને ઘણી મુશ્કેલીઓથી
પ્રયત્નોથી સાધી શકાય તેવું હોય છે તથા જે દૂર રહે
છે, અર્થાત્ જે લાંબે કાળે સિદ્ધ થવાનું હોય છે,
સર્વ તપથી તરત જ સાધી શકાય છે. કેમ કે તપ
ઉલ્લંઘન દેવ કે દાનવ વગેરેથી પણ થઈ શકતું નથી.

તપના પ્રસંગમાં જ્ઞાની ગુરુએ પર્વ તિથિઓ
વર્ણન કરતાં કહ્યું કે "જે બુદ્ધિશાળી, બીજ પર્વ તિથિ
આરાધન કરે છે, તેના વડે સાધુનો ધર્મ અને શ્રાવક

ધર્મ એમ બે પ્રકારનો ધર્મ આરાધાય છે. વળી ઉપવાસ વગેરે કરી જેઓ જ્ઞાનપંચમીપર્વનું આરાધન કરે છે, તેને મતિ, શ્રુત, અવધિ, મનઃપર્યવ, અને કેવલજ્ઞાન એ પાંચ જ્ઞાનની પ્રાપ્તિ થાય છે. સાંસારિક વ્યાપાર વગેરેનું વર્જન કરીને જેઓ અષ્ટમી પર્વતિથિનું આરાધન કરે છે, તેઓ થોડા જ વખતમાં જ્ઞાનાવરણીય, દર્શનાવરણીય, વેદનીય, મોહનીય, આયુષ્ય નામ, ગોત્ર, અને અંતરાય એ આઠ કર્મોનો નાશ કરે છે, તેમજ આઠ કર્મોનો નાશ થવાથી મોક્ષની પ્રાપ્તિ થાય છે. જેઓ બ્રહ્મચર્યના પાલનપૂર્વક એકાદશીનું આરાધન કરે છે, તેઓ અગિયાર અંગોનું જ્ઞાન પામે છે વળી જેઓ પૌષધ અને ઉપવાસ સાથે ચતુર્દશીનું આરાધન કરે છે તે ચૌદ પૂર્વના ધારક છે, તેમજ જેઓ પૂર્ણિમાનું આરાધન કરે છે તેઓ સંપૂર્ણ આગમના આરાધક થાય છે."

સુવ્રત શેઠ, જેઓ એકાગ્રપણે પૂજ્ય ગુરુ-મહારાજનું વ્યાખ્યાન સાંભળી રહ્યા હતા. તેઓ ગુરુએ કહેલું પર્વતિથિઓનું માહાત્મ્ય અને તેમાં એકાદશીની આરાધના સાંભળી એકદમ વિચારમાં પડી ગયા, તેમને લાગ્યું કે આવું પહેલાં કોઈ સ્થળે મેં સાંભળ્યું છે. વિચારમાં ઊંડા ઊતરેલા શેઠને એકદમ

P. P. Ac. Gunratansuriji M.S. Jin Gun Aaradhak Trust

મૂર્છા આવી અને તેમને જાતિસ્મરણ જ્ઞાન ઉત્પન્ન થયું- આ જાતિ સ્મરણ જ્ઞાનવડે સુવ્રત શેઠે પોતાનો પૂર્વ ભવ જોયો- પોતે પૂર્વ ભવમાં મૌન એકાદશીની આરાધવા કરી હોવાનું યાદ આવ્યું. તે તપના પ્રભાવથી પોતાને અઢળક લક્ષ્મી, સુંદર પરિવાર વગેરે પ્રાપ્ત થયાં છે ને જાણી ધર્મમાં વધુ દઢ થયા. ત્યારબાદ વિનયપૂર્વક હાથ જોડી કહેવા લાગ્યા કેઃ—

"કર જોડી સુવ્રત એમ ભણે રે વરસ દિવસમાં સાર,
દિવસ એક મુજ દાખવો રે, જેહથી હોય ભવ પાર.
જેહથી હોય ભવ પાર તે દાખો,
ગુરુ કહે મૌન એકાદશી રાખો,
તે તહત્તિ કહી વિધિશું આરાધે,
માગસર સુદી એકાદશી સાથે"

"હે પૂજ્ય ગુરુ મહારાજ ! વરસમાં વધુ સારામાં સારો ઉત્તમ દિવસ જણાવો કે જે દિવસની આરાધના કરવાથી પણ સંપૂર્ણ ફલરૂપ મોક્ષની મને પ્રાપ્તિ થાય."

પૂજ્ય ગુરુ મહારાજે પણ સુવ્રત શેઠ મૌન એકાદશીની આરાધનાથી સંસાર તરવાના છે તે પોતાના જ્ઞાન વડે જાણીને શેઠને પ્રગટપણે કહ્યું કે, "માગસર માસની સુદ

P. P. Ac. Gunratansuriji M.S. Jin Gun Aaradhak Trust

એકાદશી તિથિને મૌન પૌષધ, ઉપવાસાદિક વડે કરીને તમે આરાધો.

પૂર્વ ભવમાં આ તિથિની આરાધનાનું તપ કરીને અને તેનું ઉજમણું કરીને તમે અહીંયાં અગિયાર ક્રોડી સુવર્ણ વગેરે મહારિદ્ધિ મેળવી છે. નિર્મળ યશ, લોકોમાં માન્યત્વ, અધિકાર તથા નગરશેઠપણું અને રાજમાં માન્યપણું પણ પૂર્વ ભવમાં કરેલા આ તપથી જ તમે મેળવ્યું છે માટે આ ભવમાં પણ તમે એ જ મૌન એકાદશી તિથિને શુભ ભાવે વિધિપૂર્વક આરાધો."

સુવ્રત શેઠે પૂજ્ય ગુરુ મહારાજના વચન સાંભળીને પૂર્વ ભવનો અભ્યાસ હોવાથી જીવન પર્યંત આ તિથિની આરાધના કરવાનું વ્રત શ્રી ચતુર્વિધ સંઘની હાજરીમાં ગુરુ મહારાજ પાસે ગ્રહણ કર્યું. બાદ સુવ્રત શેઠ વગેરે સૌ પોતપોતાને સ્થાને ગયા. અને સુવ્રત શેઠ પણ શ્રી સંઘની સાક્ષીએ ગ્રહણ કરેલ વ્રતની ઉલ્લાસપૂર્વક આરાધના કરવા લાગ્યા. એમ કાળ પસાર થતો ગયો.

P. P. Ac. Gunratansuriji M.S. Jin Gun Aaradhak Trust

## પ્રકરણ ૭ મું

### સુવ્રત શેઠનું સકુટુંબ વ્રતપાલન અને વ્રતનો પ્રભાવ

મૌન એકાદશીના દિવસે શેઠનું સઘળું કુટુંબ પણ આઠ પહોરનો પૌષધ કરીને એકાદશીનું પાલન કરવા લાગ્યું, એટલું જ નહિ પરંતુ લોકોમાં પણ આ પર્વની ઘણી પ્રસિદ્ધિ થઈ તેથી કેટલાક લોકો પણ આ વ્રત કરવા લાગ્યા. સામાન્યપણે એવો નિયમ છે કે સામાન્ય પુરુષો મહાપુરુષના આચરણનું અનુકરણ કરવા પ્રેરાય છે. જેમ રાજા ન્યાયી હોય તો તેની પ્રજા પણ ન્યાયી બને છે, જ્યાં ગુરુ ક્રિયાપાત્ર હોય છે ત્યાં તેમના શિષ્યો પણ પ્રાયઃ તેવા જ હોય છે. એ જ રીતે વ્રતને લઈને આ શેઠ સુખી થયા છે એવું જાણીને ઘણા લોકો પણ ઉલ્લાસ ભાવે મૌન એકાદશીનું વ્રત કરવા લાગ્યા.

એકવાર મૌન એકાદશીના દિવસે શેઠ પોતાના કુટુંબ સાથે અહોરાત્રીનો પૌષધ કરીને કાઉસગ્ગ ધ્યાનમાં રહેલ હતા; એ વખતે ચોર લોકોએ લૂંટ કરવાના ઇરાદાથી શેઠના ઘરમાં પ્રવેશ કર્યો, તેઓએ લોકોના મુખથી જાણ્યું હતું

P. P. Ac. Gunratansuriji M.S. Jin Gun Aaradhak Trust

આ દિવસે શેઠ બોલતા નથી અને કોઈ ચોરી કરી
તય તો પણ તેઓ તેનું ધ્યાન રાખતા નથી. માટે આ
વસે શેઠના ઘરમાં ચોરી કરવાનો સારો લાગ મળે છે,
થી જ ચોરોએ મૌન એકાદશીની તિથિએ શેઠના ઘરમાં
રી કરવા પ્રવેશ કર્યો. તેઓ દીપક સળગાવીને જોવા
ગ્યા ત્યાં તો સર્વત્ર ઘરમાં સોનાના ઢગલાઓ તેમણે
યા. પૌષધ અવસ્થામાં બેઠેલા સુવ્રત શેઠે ચોરોને ચોરી
રતા જોયા છતાં પણ પોતે પોતાની ધર્મ આરાધનામાંથી
હેજે પણ ડગ્યા નહિ.

ચોરો ઇચ્છા પ્રમાણે ધનનાં પોટલાં બાંધી લઈ જવા
ગ્યા કે તરત જ શાસનદેવીએ તેમને ઘરના ઓટલા ઉપર
થંભિત કર્યા. તેથી તે ચોરોએ ત્યાંથી નાસી જવાને
ણીય મહેનત કરી પણ કોઈ રીતે જઈ શકયા નહિ,
ટલે કે અદૃશ્ય દૈવશકિતથી તેમના પગ ચોંટી ગયા.
થે મૂકેલ ધનના પોટલાવાળા તે ચોરો મનમાં ચિંતા
રવા લાગ્યા કે, 'સવારે આવી દશામાં રહેલા આપણને
વાથી આપણી શી હાલત થશે?'

ધર્મી પુરુષોને શાસનદેવી સદા સહાય કરવા જાગ્રત
ય છે. તેથી જ સંકટના સમયમાં કાઉસગ્ગ કરીને શાસન-
વીની આરાધના લોકો કરે છે.

P. P. Ac. Gunratansuriji M.S. Jin Gun Aaradhak Trust



ચોરોને પકડવા પોલીસો સાથે કોટવાળનું સુવ્રત શેઠને ત્યાં આવવું

P. P. Ac. Gunratansuriji M.S. Jin Gun Aaradhak Trust

હવે સવાર થયું. લોકોએ માથે ધનનાં પોટલાં લઈને થંભી ગયેલા ચોરોને જોયા.

લોકોએ રાજા અને કોટવાલને ખબર આપ્યા. કોટવાલ પોલીસો સાથે ત્યાં આવ્યા, એટલામાં તો સર્વ લોકો ચોરોને વીંટાઈ વળ્યા.

હવે પૌષધ પૂરો થયો ત્યારે શેઠે કુટુંબ સાથે સ્થાપનાચાર્યજીની સન્મુખ વિધિપૂર્વક પૌષધ પાર્યો. પછી શેઠ ઉપાશ્રયે પૂજ્ય ગુરુ મહારાજ પાસે જઈ ગુરુ મહારાજને વાંદીને ધર્મઉપદેશ સાંભળી ઘેર આવ્યા.

ઘેર આવી શેઠે જોયું તો ચોરો સ્તબ્ધ હતા. લોકોનાં ટોળેટોળાં ઊભાં હતાં. શેઠે વિચાર્યું કે હું કાંઈ બોલીશ તે ચોરોને શિક્ષા થશે તેથી તેમણે મૌન ધારણ કર્યું. અને શેઠની ઇચ્છાને અનુસરી શાસનદેવીએ ચોરોની જેમ કોટવાળને પણ સ્તંભિત કર્યા.

ચોર અને કોટવાળ બન્નેને સ્તંભિત થયેલ જાણી રાજા પોતે ત્યાં આવ્યો, શેઠ ઘણાં ભેટણાં સાથે રાજાને નમ્યા. રાજાએ 'આ બધું શું છે?' એમ શેઠને પૂછ્યું ત્યારે સુવ્રત-શેઠે સઘળી હકીકત કહી, રાજાને ધર્મોપદેશ આપી સમજાવ્યા, તે વખતે રાજાએ શેઠને કહ્યું કે, 'શેઠ ! તમે વરદાન માગો ?' તે વખતે પ્રાણ કરતાં પણ પ્રિય છે ધર્મ જેમને એવા શેઠે



P. P. Ac. Gunratansuriji M.S. Jin Gun Aaradhak Trust

રાજાને જણાવ્યું કે 'આ ચોરોનો વધ થવો ન જોઈએ. અર્થાત્ આ ચોરોનો *ગુનો માફ કરીને છોડી મૂકો.' રાજાએ પણ તે વાતનો સ્વીકાર કર્યો. રાજા તથા લોકો પણ શેઠની અપાર કરુણા–દયા જોઈ ચકિત થયા. ત્યાર બાદ શાસનદેવીએ ચોરોને તથા કોટવાળ વગેરેને છૂટા કર્યા.

રાજાએ શેઠને પૂછયું કે 'તમે રાત્રીએ ચોરોને ચોરી કરતા જોયા છતાં કેમ રોકયા નહિ?' ત્યારે શેઠે પોતાના નિયમની વાત કહી અને જણાવ્યું કે, 'પોતાનો નિયમ કેવી રીતે ભંગાય? પ્રાણ જતો હોય પણ ગ્રહણ કરેલા નિયમનું પાલન સજ્જન મનુષ્યે અવશ્ય કરવું જોઈએ.' આ સાંભળી રાજા ઘણો હર્ષ પામ્યો અને કુટુંબ સહિત શેઠનું ઘણું સન્માન કરી રાજા પોતાને સ્થાને ગયો.

શેઠની ધર્મ ભાવનાએ ચોરોના દિલમાં કોઈ અનેરો

---

*આ બાબતમાં એમ પણ કહેલું છે કે સવાર થયું ત્યારે લોકોએ ચોરોને ધન સહિત સ્થિર થયેલા જોઇને. હકીકત કોટવાલને જણાવી, તેથી કોટવાલ શેઠને ઘેર આવ્યા. અને ચોરોને બાંધીને રાજા પાસે લઈ ગયા. તે વખતે રાજાએ ચોરોને વધ કરવાનો આદેશ કર્યો. શેઠે પૌષધ પાળી ઉપવાસનું પારણું કર્યા પહેલાં આ હકીકત જાણી, તેથી દયાધર્મમાં તત્પર એવા શેઠે વિચાર કર્યો કે મારા નિમિત્તે આ ચોરોનો વધ થાય તે ઠીક ન કહેવાય, આવા વિચારથી શેઠ ભેટણું લઈને રાજા પાસે ગયા અને રાજાને સમજાવીને ચોરોને જીવિતદાન આપ્યું.

P. P. Ac. Gunratansuriji M.S. Jin Gun Aaradhak Trust

પ્રભાવ પાડયો. કુસંસ્કારોથી વાસિત થયેલ ચોરોનો આત્મા જાગી ઊઠયો અને જિંદગી સુધી ચોરી નહિ કરવાનો તેઓએ નિયમ લીધો. આથી લોકો બોલવા લાગ્યા કે, 'વાહ! સુવ્રત શેઠની સાચી ધર્મભાવનાએ આજે જીત મેળવી અને ચોરોની દુષ્ટ—પાપભાવના અન્તે હારી ગઈ. "યતઃ ધર્મઃ તતઃ જયઃ પાપે ક્ષય,' અર્થાત્ 'જ્યાં ધર્મ છે ત્યાં સદા જય છે અને પાપીનો સદા નાશ છે.' ત્યાર પછી શેઠે શ્રીજિન પૂજા વગેરે કરીને પારણું કર્યું. આ બનાવથી અનેક લોકોની ધર્મભાવના જાગૃત થઈ અને શેઠની કીર્તિ ચારે બાજુ ફેલાણી. તથા અન્ય લોકો જૈનધર્મની તથા તેમના વ્રતની ખૂબ પ્રશંસા કરવા લાગ્યા. આથી સિદ્ધ થાય છે કે, નિર્મલ મને આરાધેલ ધર્મ કદી નિષ્ફળ જતો નથી. ધર્મો રક્ષતિ રક્ષિતઃ એટલે કે 'જે મનુષ્ય ધર્મનું રક્ષણ કરે છે તેનું ધર્મ દુઃખમાં પણ સદા રક્ષણ કરે છે.'

P. P. Ac. Gunratansuriji M.S. Jin Gun Aaradhak Trust

## પ્રકરણ ૮ મું

### સુવ્રત શેઠની અગ્નિપરીક્ષા પછી શેઠે વ્રતનું કરેલું ઉદ્યાપન

એ પ્રમાણે વ્રતનું ઉલ્લાસપૂર્વક પાલન કરતાં શેઠને કેટલોય સમય ચાલ્યો ગયો. એકવાર મૌન એકાદશીના દિવસે શેઠે ફરી સહકુટુંબ ઉપવાસ પૌષધ કરીને તે વ્રતની આરાધના કરવા માંડી. તે જ રાત્રીએ નગરમાં અચાનક ભયંકર આગ લાગી. એક પછી એક ઘર સળગવા લાગ્યું. નગરનાં સૌ લોકો દોડાદોડી કરવા લાગ્યા. આગ ઘણી વધી ગઈ. સહુના જીવ ઊંચા થઈ ગયા. લોકો ભય પામીને પોતાનો જીવ બચાવવા ઘરમાંથી જે સાર સાર વસ્તુઓ લેવાણી તે લઇને જેમતેમ નાસવા લાગ્યા. અને જોતજોતામાં નગરનો ઘણોખરો માલ આગે ભસ્મીભૂત કરી નાંખ્યો.

તે વખતે અગ્નિ, શેઠના ઘરની આજુબાજુનાં ઘરને બાળતો બાળતો શેઠના ઘર પાસે આવી પહોંચ્યો, છતાં ધર્માત્મા શેઠ તથા તેમનું કુટુંબ ધર્મધ્યાનમાં અને આરાધનામાં મગ્ન હતું. લોકોએ સમજાવવા છતાં નહિ

P. P. Ac. Gunratansuriji M.S. Jin Gun Aaradhak Trust

ખસવાથી એકે કહ્યું કે 'વ્રતમાં પણ *આગાર હોય છે માટે તમો આ ઘરનો ત્યાગ કરીને પ્રાણ બચાવવા માટે ઘરમાંથી બહાર નીકળી જાઓ.' બીજાએ હાથ જોડીને જણાવ્યું કે 'જીવતા હશો તો ફરીથી વ્રતની આરાધના કરી શકશો. નહિ તો ફોગટ તમારા જીવને જોખમમાં નાખશો.' એ પ્રમાણે નગરના લોકોએ ઘણા આગ્રહપૂર્વક સુવ્રત શેઠને વિનવ્યા. છતાં પણ ધર્મશીલ સુવ્રત શેઠ સપરિવાર પોતાના વ્રતમાં મેરુની જેમ અડગ રહ્યા. પ્રાણાન્તે પણ આ મારા વ્રતનો ભંગ થવો જોઈએ નહિ, એ વિચાર શેઠ બરાબર સમજતા હતા કે આ અગ્નિ મારા ધર્મધ્યાન રૂપ ધનને બાળી શકવાનો નથી અને બંગલા વગેરે ભલે બળે તે કાંઈ સાથે આવવાના નથી. આ' વખતે શેઠના ધર્મપ્રભાવે એક મોટું આશ્ચર્ય બન્યું અગ્નિએ શેઠની હવેલીની ચારેબાજુનાં મકાનો ભસ્મીભૂત કરી નાખ્યાં પરંતુ સુવ્રત શેઠનાં મકાનો હાટ, દુકાન, વખાર વગેરેને જરાપણ બાળ્યાં નહિ. જેમ સમુદ્રની વચમાં

*આગાર એટલે છૂટ, જેમ વાડથી ક્ષેત્રનું રક્ષણ થાય છે તેમ આ આગારોથી વ્રત ભંગ નહિ થતો હોવાથી તેને આગાર કહેવાય છે, બીજા છૂટના અર્થમાં એમ જાણવું કે જ્યારે એવો પ્રસંગ આવે કે જ્યારે તે પ્રમાણે વર્તવાથી લોકવ્યવહારમાં નિંદા થાય તેમજ જ્યાં પોતાનો કોઈ ઉપાય ચાલી શકે તેમ ન હોય તો અપવાદ માર્ગનું સેવન કરવું તેને આગાર કહેવાય.

P. P. Ac. Gunratansuriji M.S. Jin Gun Aaradhak Trust



શેઠ સપરિવાર પૌષધ અવસ્થામાં અને ગામનું દહન

P. P. Ac. Gunratansuriji M.S. Jin Gun Aaradhak Trust

દ્વીપ જણાય તેમ બળી ગયેલાં ઘરોની વચ્ચે બળ્યાં સિવાય બચી ગયેલાં શેઠના મકાનો જણાતાં હતાં.

સવારે જ્યારે નગરનાં લોકોએ આવીને જોયું તો, તેમનાં ધારવાથી ઊલટું જ દેખાયું. સુવ્રત શેઠનાં મકાનોની ચારે બાજુનાં મકાનો બળી ગયાં, છતાં શેઠનાં મકાનો આગથી બિલકુલ ઈજા પામ્યાં સિવાય ઊભેલાં જોયાં, તેથી તેઓ. પરસ્પર શેઠની ઘણી પ્રશંસા કરવા લાગ્યા, અને એક બીજાને કહેવા લાગ્યા કે, 'અહો! આ શેઠના ધર્મનું જ માહાત્મ્ય છે. અહો, તેમની વ્રતમાં કેવી દઢતા? આવી પ્રાણ સંકટ સુધીની સ્થિતિમાં જેઓ દઢતાથી ધર્મ-પાલન કરે, તેમનું કલ્યાણ થાય જ છે. તેમાં શું આશ્ચર્ય!'

રાજા પણ આ વાત સાંભળીને હર્ષ સહિત શે[ઠને] ઘેર આવ્યો. સુવ્રત શેઠને હર્ષથી વધાવ્યા રાજાએ પણ [આ] પ્રસંગે ધર્મની ખૂબ ખૂબ પ્રશંસા કરીને અગિયાર સ્ત્રીએ સાથે શેઠને વસ્ત્ર અલંકાર વડે શણગાર્યા–સન્માન્યા. ત્યાર પછી શેઠની દઢ ધર્મભાવથી પ્રશંસા કરતાં રાજા પોતાને સ્થાને ગયા અને લોકોમાં શેઠની કીર્તિનો વધારો થયો. અહીં ધર્મનું માહાત્મ્ય જણાવતાં શાસ્ત્રમાં કહ્યું છે કે:

ધર્મના પ્રભાવથી સારા કુલમાં જન્મ થાય છે. શરીરનું આરોગ્ય મળે છે, સૌભાગ્ય, સંપૂર્ણ આયુષ્ય તથા

P. P. Ac. Gunratansuriji M.S. Jin Gun Aaradhak Trust

બલ પણ ધર્મથી જ મળે છે, ધર્મથી જ નિર્મળ યશ પ્રાપ્ત થાય છે, વિદ્યા, ધન અને સંપત્તિઓ ધર્મથી જ મળે છે. ભયંકર જંગલમાં તેમજ મોટા ભયમાં પણ ધર્મ નિરંતર રક્ષણ કરે છે. જો ધર્મની સારી રીતે આરાધના કરાય તો તે સ્વર્ગનાં અને અનુક્રમે મોક્ષનાં સુખોને આપનારો પણ થાય છે.' માટે પોતાનું હિત ઇચ્છનારા જીવોએ હંમેશા ધર્મનું પાલન કરવું જોઈએ.*

એ પ્રમાણે શેઠનું મૌન એકાદશીનું વ્રત સંપૂર્ણ થયું ત્યારે શેઠે મોટી ધામધૂમપૂર્વક ઘણું દ્રવ્ય વાપરીને વ્રતનું ઉજમણું કર્યું. વ્રત કરીને તેનું ઉજમણું કરવાથી તે વ્રતનું અધિક ફળ મળે છે. આ ઉજમણામાં શેઠે જિનેશ્વર ભગવંતની આગળ અગિયાર વસ્તુઓ મૂકી. પૂજ્ય ગુરુદેવોને આમંત્રણ આપી તેઓશ્રીની બહુ ભાવથી ભક્તિ કરી

મોતી, રત્ન, શંખ પરવાળાં અને સોનાનાં, રૂપાનાં, ત્રાંબાનાં, પિત્તળનાં, કાંસાનાં વગેરેનાં વાસણો, ઘણાં પ્રકારનાં ધાન્યો, પકવાનો, શ્રીફળ, કેરી તથા દ્રાક્ષ વગેરે

* ધર્મોજ્જન્મ કુલે શરીરપટુતા, સૌભાગ્યમાયુર્બલમ્;
ધર્મેણૈવ ભવન્તિ નિર્મલયશો, વિદ્યાર્થસંપત્તયઃ ।
કાંતારાચ્ચ મહાભયાચ્ચ સતતં, ધર્મઃ પરિત્રાયતે
ધર્મઃ સમ્યગુપાસિતો હિ ભવતિ, સ્વર્ગાપવર્ગપ્રદઃ ॥૧॥

P. P. Ac. Gunratansuriji M.S. Jin Gun Aaradhak Trust



સુવ્રત શેઠે કરેલ 'અગિયાર છોડનું' ભવ્ય ઉજમણું.

P. P. Ac. Gunratansuriji M.S. Jin Gun Aaradhak Trust

અનેક પ્રકારના ઉત્તમ ફળો, સોનાં રૂપાનાં ફૂલો, અશોક માલતી, જાસુદ વગેરેનાં ફૂલો એમ અનેક પ્રકારની સુંદ સામગ્રીથી શેઠે ઉજમણું કર્યું, ત્યારપછી શ્રી સંઘનુ પૂજન-સન્માન કર્યું. સાધર્મિકોનું મિષ્ટાન્નાદિથી સારી રીતે વાત્સલ્ય કર્યું; સાત ક્ષેત્રોમા અઢળક ધન વાપર્યું દીનદરિદ્રી દુઃખીઓને દાન આપીને તેમને સુખી કર્યા. એ પ્રમાણે પોતાના ઘણા ધનનો ધર્મકાર્યમાં વ્યય કરીને શેઠે પોતાનો મનુષ્યજન્મ સાર્થક કર્યો, વિવેકી પુરૂષે ધનનો સદુપયોગ કેમ કરવો તે સારી રીતે જાણે છે.

દરેક વ્રતો પૂર્ણ થયે ઉજમણું કરવું જોઇએ, વ્રતન પૂર્ણતા થયે તે વ્રતનું ઉદ્યાપન એટલે ઉજમણું કરવું તે કેવું છે તે જણાવતાં કહે છે કે, *આ ઉજમણુ જિનાલય ઉપર કલશ ચઢાવવા સમાન છે. પ્રતિમાને વિષે પ્રતિષ્ઠા સમાન છે વિશિષ્ટ એટલે વિશેષતાવા મનુષ્યને પુણ્યરૂપી લક્ષ્મીનું પ્રગટ સંવિભાગ કરવારૂ છે. સૌભાગ્યના ઉપર મંજરી સરખું છે. આવું ઉત્ત ઉજમણું જે વિધિપૂર્વક કરે છે તે સમકિત દષ્ટિ ઓમાં અગ્રેસર જાણવો.

* પ્રાસાદે કલશાધિરોપણસમં, બિમ્બે પ્રતિષ્ઠોપમમ્ ।
પુણ્યશ્રીસ્ફુટસંવિભાગકરણં, બિભ્રદ્ વિશિષ્ટેજને ॥
સૌભાગ્યોપરિ મંજરીપ્રતિનિભં, પૂર્ણે તપસ્યાવિધૌ ।
યઃ શક્ત્યોદ્યપનં કરોતિ વિધિના, સમ્યગ્દશાં સોઽગ્રણીઃ ॥૧

P. P. Ac. Gunratansuriji M.S. Jin Gun Aaradhak Trust

## પ્રકરણ ૯ મું

### સુવ્રત શેઠની દીક્ષા

એ પ્રમાણે વિધિપૂર્વક મૌન એકાદશીનું તપ પૂર્ણ કરી તેનું મોટું ઉજમણું કર્યા પછી શેઠનો કેટલોક કાલ ગયા પછી એક વાર શેઠ રાત્રિના પાછલા પહોરમાં વિચારણા કરવા લાગ્યા કે, 'મેં આત્યારસુધી શ્રાવકવ્રતનું પાલન કર્યું. મૌન એકાદશીનું વ્રત પણ ભક્તિથી ઉદ્યાપનપૂર્વક પૂરું કર્યું. આ એકાદશીના માહાત્મ્યથી મારે અગિયાર પત્નીઓ, અગિયાર પુત્રો, તથા અગિયાર કોટી સોનૈયાની પ્રાપ્તિ થઈ છે. લોકોની અંદર પણ મારું ઘણું સન્માન છે. હવે જો સદ્‌ગુરુની પ્રાપ્તિ થાય તો આ સંસારનો નાશ કરનાર ચારિત્ર ગ્રહણ કરી પવિત્ર થાઉં.' એ પ્રમાણે વિચાર કરતાં સવાર થઇ.

એ પ્રમાણે દીક્ષાના વિચારવાળા શેઠના ભાગ્ય યોગે અકાળે આંબો ફળ્યો હોય તેમ ચાર જ્ઞાનના ધારક શ્રી ગુણસુન્દરસૂરીશ્વરજી નામના આચાર્ય પરિવાર સાથે ત્યાં સમોસર્યા. ભાગ્યશાળીના મનોરથો પણ વિચાર થતાં જ સિદ્ધ થાય છે. ઉદ્યાનપાલકે આવીને ગુરુમહારાજ પધાર્યાની

P. P. Ac. Gunratansuriji M.S. Jin Gun Aaradhak Trust

હકીકત શેઠને જણાવી. શેઠે વધામણીમાં તેને ઘણું ધન આપી રાજી કર્યો. પૂજ્ય ગુરુમહારાજને વાંદવાને નગરમાંથી ઘણા લોકો ગયા. શેઠ પણ પરિવાર સાથે ગુરુને વાંદવાને ગયા. પૂજ્ય ગુરુમહારાજને વાંદીને સૌ યોગ્ય સ્થાને બેઠા.

તે વખતે ગુરુએ દેશના આપતાં જણાવ્યું કે, ' આ અપાર અને દુઃખદાયી સંસારમાંથી નીકળવાના બે માર્ગ જિનેશ્વરદેવે જણાવ્યા છે. તેમાંનો પ્રથમ માર્ગ સર્વ વિરતિ ધર્મનો કહેલો છે. આ સર્વ વિરતિ ધર્મ પાંચ મહાવ્રતના પાલનથી સધાય છે. તેમાં પણ અહિંસાવ્રત એટલે કોઈ પણ જીવને મન, વચન, કાયાથી મારવા નહિ, મરાવવા નહિ તથા જીવહિંસા કરતા જીવને અનુમોદવા-વખાણવા નહિ.

એવો સર્વ વિરતિ રૂપ સાધુધર્મ અથવા સંયમધર્મ જાણવો. આ ધર્મના પાલનથી મોક્ષનગરમાં જલદી પહોંચી શકાય છે. માટે શક્તિશાળી ભાગ્યવાન જીવોએ આ ધર્મ અંગીકાર કરવાનો અવશ્ય ઉદ્યમ કરવો જોઈએ. જે માટે કહ્યું છે કેઃ—

"જગતમાં ચારિત્ર રત્ન સરખું કોઈ મોટું રત્ન નથી, ચારિત્ર ધન સરખું કોઈ ધન નથી, ચારિત્રના લાભ સરખો કોઈ મોટો લાભ નથી, ચારિત્રયોગથી મોટો કોઈ યોગ નથી, જે મનુષ્ય ખરા ભાવપૂર્વક એક દિવસનું ચારિત્ર

P. P. Ac. Gunratansuriji M.S. Jin Gun Aaradhak Trust

પણ પાળે છે તે મોક્ષે જાય છે કદાચ મોક્ષે ન જાય તો પણ તે ઉત્તમ જાતિનો વૈમાનિક દેવ અવશ્ય થાય છે. ૧-૨"*

"હવે બીજો દેશવિરતિ રૂપ ગૃહસ્થ ધર્મ કહ્યો છે, જેઓથી સર્વ વિરતિ રૂપ સાધુધર્મ ન પાળી શકાય તેઓએ બાર વ્રતના પાલન રૂપ સમકિત મૂળ શ્રાવકધર્મ અંગીકાર કરવો જોઇએ, આ ધર્મની આરાધના વડે પણ મોક્ષ-નગરમાં ક્રમે ક્રમે જઈ શકાય છે, ફેર એટલો છે કે આ ધર્મની આરાધનાથી ધીમે ધીમે મોક્ષમાં જઈ શકાય છે."

આવા પ્રકારની દેશનાને અંતે ગુરુએ જણાવ્યું કે "હે ભવ્ય જીવો! જો તમારે જલદી મોક્ષે જવાની અને આ સંસારનાં દુઃખોને દૂર કરવાની ઇચ્છા હોય તો આ ચારિત્ર ધર્મ અંગીકાર કરો."

આ પ્રકારનાં પૂજ્ય ગુરુ મહારાજનાં વચનો સાંભળીને ચારિત્ર પાળવામાં અશક્ત એવા ઘણા માણસોએ બાર વ્રતરૂપી શ્રાવકધર્મ સ્વીકાર્યો અને ચારિત્ર ગ્રહણ કરવાની

* "ચારિત્રરત્નાન્ન પરં હિ રત્નં, ચારિત્રરત્નાન્ન પરં હિ વિત્તમ્ ।
ચારિત્રલાભાન્ન પરો હિ લાભ શ્રારિત્રયોગાન્ન પરો હિ યોગઃ ॥૧॥
દીક્ષા ગૃહીતા દિનમેકમેવ, યેનોગ્રચિત્તેન શિવં સ યાતી ।
ન તત્ કદાચિત્ તદવશ્યમેવ વૈમાનિકઃ સ્યાત્
ત્રિદશઃ પ્રધાનઃ ॥૨॥

P. P. Ac. Gunratansuriji M.S. Jin Gun Aaradhak Trust

ભાવનાવાળા સુવ્રત શેઠે ઊભા થઈને બે હાથ જોડીને કહ્યું કે, 'હે પૂજ્ય ગુરુદેવ ! હું આ સંસારનાં ભયંકર દુઃખો જોઇને વૈરાગ્ય પામ્યો છું, માટે ઘરનો સર્વ કારભાર પુત્રોને સોંપીને હું આપની પાસે ચારિત્ર લેવાની ઇચ્છાવાળો થયો છું.'

શેઠનાં આ વચન સાંભળીને પૂજ્ય ગુરુએ કહ્યું કે—"હે મહાનુભાવ! તમને સુખ ઊપજે તેમ કરો. ધર્મકાર્યમાં વિલંબ કરવો નહિ."

ત્યાર પછી શેઠ ઘેર આવ્યા, પુત્રોને પોતાનો દીક્ષા લેવાનો વિચાર જણાવી તેમને ઘરનો કારભાર સોંપ્યો, કુટુંબને જમાડીને પુત્રોની તથા સ્વજનોની અનુમતિ મેળવી પોતાની અગિયાર સ્ત્રીઓની અનુજ્ઞા માગી. તે વખતે સઘળી સ્ત્રીઓએ કહ્યું કે જે ઉત્તમ માર્ગ તમે ગ્રહણ કરો છો તે અમારો પણ માર્ગ જાણો. અર્થાત્ અમે પણ આપની સાથે દીક્ષા લઈશું.' બાદ શેઠે પોતાની સર્વ પત્નીઓ સાથે પૂજ્ય ગુરુમહારાજ પાસે જઈને ચારિત્ર ધર્મ સ્વીકાર્યો.

ચારિત્ર લઈને શેઠની અગીઆરે પત્નીઓએ શુદ્ધ ચારિત્રપાલન અને ઉગ્ર તપ કરી કાયબલને ક્ષીણ કરી એક માસનું અનશન કર્યું અને કેવળજ્ઞાન પામીને તે સર્વે સ્ત્રીઓ મોક્ષે ગઈ, સુવ્રતમુનિ પણ ચારિત્રનું નિર્મલ

P. P. Ac. Gunratansuriji M.S. Jin Gun Aaradhak Trust



સુવ્રત શેઠની દીક્ષાનો વરઘોડો.

P. P. Ac. Gunratansuriji M.S. Jin Gun Aaradhak Trust

પાલન કરતા ભૂતલમાં વિચરવા લાગ્યા અને સામાયિકાદિ દ્વાદશ–બાર અંગના જાણકાર થયા. સુવ્રત મુનિ મહાત્મા વિવિધ પ્રકારના તીવ્ર તપ કરવા માંડયા. તેમણે કેટલું તપ કર્યું તે જણાવતાં શાસ્ત્રમાં કહ્યું છે કેઃ—

×"સુવ્રતમુનિવરે જીવન બસો છઠ એટલે જોડકા–બે ઉપવાસ બસો વાર કર્યા, સો અઠમ એટલે ત્રણ ત્રણ ઉપવાસ સો વખત કર્યાં. ચાર ચોમાસીઓ કરી એટલે ચાર મહિનાના ઉપવાસ ચાર વખત કર્યાં, એક છમાસી કરી એટલે છ મહિનાના ઉપવાસ એક વખત કર્યાં, એ પ્રમાણે તપ કરતા છતાં પણ સુવ્રતમુનિ મૌન–એકાદશીનું તપ તો વિશેષતાથી પાલન કરતા હતા. એ પ્રમાણે નિર્મળ ચારિત્ર પાળતાં સુવ્રતમુનિનો કેટલોક વખત ધર્મધ્યાનમાં વ્યતીત થયો.

* "જનિતે દ્વે શતે ષષ્ઠે અષ્ટમાનાં શતં તથા ।
ચતુષ્ટયં ચતુર્માસ્યા, એકં ષાણ્માસિકં તપઃ ॥૧॥

P. P. Ac. Gunratansuriji M.S. Jin Gun Aaradhak Trust

## પ્રકરણ ૧૦ મું

### સુવ્રત મુનિરાજની વ્યંતરે કરેલી પરીક્ષા, અંતે મોક્ષ ગમન

હવે સુવ્રતમુનિ એકવાર મૌન એકાદશીને દિવસે મૌન રાખવું તથા ઉપાશ્રયની બહાર નીકળવું નહિ, એવો અભિગ્રહ ધારણ કરી કાઉસગ્ગ ધ્યાને રહ્યા છે તે વખતે એક અધમ મિથ્યાદષ્ટિ વ્યન્તરે વિચાર કર્યો કે, 'આ સાધુને હું તેના નિયમથી ચુકાવું-ચલિત કરું. દેવ આગળ મનુષ્ય શા હિસાબમાં છે?' આવો વિચાર કરી તે વ્યન્તરદેવે એક સાધુના કાનમાં તીવ્ર વેદના ઉત્પન્ન કરી, તે વેદના ઘણા ઉપાય કરવા છતાં કેમે શમી નહિ.

ત્યાર પછી તે વ્યંતરે વેદનાવાળા સાધુના શરીરમાં પ્રવેશ કર્યો, અને તે સાધુ દૃઢ વ્રતધારી તપસ્વી સુવ્રતમુનિ પાસે આવીને દીન સ્વરે તેમને કહેવા લાગ્યો કે, "હે સુવ્રતમુનિ તમે શ્રાવકને ઘેર જઈને મારે માટે દવા યાચી લાવો તો મારી વેદના શાંત થાય." પરંતુ મહાત્મા સુવ્રત મુનિને તો મૌન અને ઉપાશ્રયની બહાર નહિ જવાનો દૃઢ



P. P. Ac. Gunratansuriji M.S. Jin Gun Aaradhak Trust

નિશ્ચય હોવાથી તે કાંઈ પણ બોલ્યા નહિ. અર્થાત્ મૌન રહ્યા.



સુવ્રતમુનિને વ્યંતરાધિષ્ઠિત મુનિનો ઉપસર્ગ

સુવ્રતમુનિનો જવાબ નહિ મળવાથી વ્યન્તરદેવથી પ્રેરાએલા તે વેદનાવાળા મુનિએ સુવ્રતમુનિના મસ્તક ઉપર ઓઘાનો સખત પ્રહાર કર્યો. બીજો કોઈ સામાન્ય માણસ હોત તો આ પ્રહારથી મરણ પામ્યો હોત. પરંતુ આ મુનિ તો પ્રથમ વજ્રઋષભનારાચ નામના સંઘયણવાળા મજબૂત શરીરવાળા અને તે જ ભવમાં મોક્ષમાં જનાર હતા. તેથી તેમનું મરણ થયું નહિ. પરંતુ દેવતાના પ્રભાવથી તે સાધુ

P. P. Ac. Gunratansuriji M.S. Jin Gun Aaradhak Trust

ની વેદના સુવ્રતમુનિના શરીરમાં સંક્રમી. તેથી સુવ્રતમુનિને ઘણી વેદના થવા લાગી.

તે વખતે મેરુસમાન દઢ વ્રતધારી સુવ્રતમુનિ સમતા ભાવે વિચાર કરવા લાગ્યા કે, "આ મુનિ વેદનાવાળા હોવાથી તેમણે શ્રાવકને ત્યાં જઈ દવા લઈ આવવાનું મને કહ્યું પરંતુ મેં તેમનું કહ્યું કર્યું નહિ. માટે તે સાધુનો વાંક નથી પરંતુ ખરી રીતે મારા પોતાનાં કર્મનો જ આ દોષ છે. કારણ કે જેઓ અરહિંત ભગવંત થવાના હતા તેવા મહાત્માઓ, ગણધરો, ઇન્દ્ર, ચંદ્ર, સૂર્ય, નાગેન્દ્રો, વ્યન્તરેન્દ્રો, ચક્રવર્તિઓ. વાસુદેવો, પ્રતિવાસુદેવો, બલદેવો વગેં મહાપુરુષો, પણ કર્મવડે દુઃખ પામ્યા તો તે કર્મની આગ મારું તો શું ગજું ? માટે હે જીવ ! આ સાધુના અપરાધને તું અપરાધ ન માન, ક્ષમા કર ! ઉદય આવેલું અશાતાવેદનીય કર્મ ભોગવ્યા વિના કોઈને છૂટકો નથી. મેં પૂર્વે નહિ મેળવેલ અમૃત સમાન જિનેશ્વરદેવનાં કહેલાં સુવચનો મેળવ્યાં છે. સદ્ગતિનો માર્ગ ગ્રહણ કર્યો છે. માટે મારે મરણનો જરાપણ ભય નથી." કારણ કેઃ—

"જેમ ધાન્યનો લોટ કરવાને ઘંટી વગેરેની જરૂર છે તેમ કર્મ રૂપી ધાન્યનો ચૂરો કરવા માટે તીવ્ર તપ રૂપી ઘંટીની જરૂર છે. ક્ષમારૂપી માકડી (ઘંટીના પડમાં લાકડાનો ટુકડો નાખવામાં આવે છે તે) જાણવી, ધીરજ રૂપી હાથો

P. P. Ac. Gunratansuriji M.S. Jin Gun Aaradhak Trust

(જે ઝાલીને ઘંટી ફેરવવામાં આવે છે તે) જાણવો. મનરૂપી ખીલડો (જે ઘંટીના નીચેના પડમાં નાખવામાં આવે છે તે) જાણવો.×" આવી રીતે શુભ ભાવના ભાવે છે.

હવે વિભંગ જ્ઞાનવડે તે મિથ્યાત્વી વ્યન્તરદેવે સુવ્રત-મુનિને જરાપણ ચલાયમાન નહિ પામેલા જાણીને તે દેવ વંધારે ઉપસર્ગ–કષ્ટ કરવા લાગ્યો. પરંતુ આત્મધ્યાનમાં લીન થયેલા તે સુવ્રત મહામુનિ ક્ષપકશ્રેણિમાં આરૂઢ થયા. (આત્માના અત્યંત શુદ્ધ પરિણામથી કર્મની એક સાથે થતી ઘણી નિર્જરા વડે આત્માની જે નિર્મલ દશા પ્રાપ્ત થાય તે ક્ષપકશ્રેણિ જાણવી. આ શ્રેણિની સંપૂર્ણતા થયે ઘાતી કર્મોનો ક્ષય થતો હોવાથી કેવલજ્ઞાનની પ્રાપ્તિ થાય છે.) અને અન્તર્મુહૂર્તમાં કેવલજ્ઞાન પામ્યા. મહાસત્ત્વશાળી અને દૃઢ વ્રતધારીને શું અસાધ્ય છે?

સુવ્રતમુનિને કેવલજ્ઞાન ઉત્પન્ન થવાથી નગરના અધિષ્ટાયક દેવે કેવળજ્ઞાનનો મહોત્સવ કર્યો તથા મિથ્યાત્વી વ્યંતરદેવ પણ કેવલી સુવ્રતમુનિને ખમાવી પોતાના સ્થાને ગયો. તે વખતે તે સુવ્રતકેવલીએ લોકોને ધર્મનો ઉપદેશ કરતાં જણાવ્યું કે 'ભવ્યો! શાસ્ત્રમાં કહેલ દશ દૃષ્ટાંતો વડે દુર્લભ એવો આ મનુષ્યજન્મ પામીને પ્રમાદનો ત્યાગ

×તપસ્તીવ્રં ઘરટ્ટોઽયં, ક્ષમામર્કટિકાન્વિતઃ ।
ધૃતિહસ્તો મનઃ કીલઃ કર્મધાન્યાનિ ચૂર્ણયેત્ ॥ (૨)

P. P. Ac. Gunratansuriji M.S. Jin Gun Aaradhak Trust

કરીને ધર્મની આરાધના કરો. જેઓ ચિન્તામણિ રત્ન સમાન મનુષ્યજન્મ પામ્યા છતાં પ્રમાદમાં તેને ફોગટ ગુમાવે છે તેઓ કાગડાને ઉડાડવાને માટે ચિન્તામણિ રત્નને ફેંકી દેનાર મૂર્ખ જેવા જાણવા. પ્રમાદમાં મનુષ્યજન્મ હારી



સુવ્રતકેવળીની ધર્મદેશના

જનારાઓ પણ પગ ધોવાને માટે અમૃતનો ઉપયોગ કરનારા જેવા ગમાર જાણવા. પરંતુ જેઓ દુર્લભ મનુષ્યજન્મ પામીને વ્રત પચ્ચક્ખાણ વગેરે વડે ધર્મની આરાધના કરે છે તેઓ પોતાના મનુષ્યજન્મને સફળ કરે છે અને સ્વર્ગ તથા મોક્ષનાં સુખને મેળવે છે. ધર્મ વડે જ ઈષ્ટની પ્રાપ્તિ

થાય છે, ધર્મથી જ જયલક્ષ્મી મળે છે, ધર્મથી જ વિશાળ લક્ષ્મી મેળવાય છે, ધર્મથી જ શત્રુઓનો નાશ થાય છે.'

એ પ્રમાણે સુવ્રત કેવળી ભગવંતની વિસ્તારથી કહેલી ધર્મદેશના સાંભળીને કેટલાક વૈરાગ્ય પામેલા જીવોએ દીક્ષા લીધી, કેટલાકોએ શ્રાવકનાં બાર વ્રત લીધાં અને કેટલાકો સમકિત પામ્યા. એ પ્રમાણે આ કેવલીએ જીવોને પ્રતિબોધ કર્યો. અનેક વર્ષો સુધી આ પૃથ્વી ઉપર વિચરીને અનેક ભવ્ય જીવોને મુક્તિ માર્ગના પથિક બનાવ્યા.

ત્યારપછી પોતાના આયુષ્યનો અંત આવ્યો જાણીને સુવ્રત કેવલી ભગવંતે સંલેખના કરીને બાકી રહેલાં નામકર્મ, ગોત્રકર્મ, વેદનીયકર્મ અને આયુઃકર્મનો એમ ચાર અઘાતી કર્મોનો સંપૂર્ણ ક્ષય કરી સકલ દુઃખના અંતવાળી અને અનંત સુખવાળી મુક્તિ મેળવી.

આ પ્રમાણે બાવીસમા શ્રી નેમિનાથ ભગવંતે નવમ કૃષ્ણ વાસુદેવની આગળ તપ ભાવનાને જાગ્રત કરનારી સુવ્રત શેઠની કથા કહી, તે સાંભળીને કૃષ્ણ વાસુદેવે પણ આ મહા મહિમાવાળી મૌનએકાદશીની આરાધના કરવાનો મનમાં નિયમ કર્યો.

આવી પરમ મહિમાવાળી સુવ્રત શેઠની કથા વાંચી આ પુસ્તક વાંચનાર હે સુજ્ઞ વાંચકો ! તમે પણ આ તિથિ-

P. P. Ac. Gunratansuriji M.S. Jin Gun Aaradhak Trust

આરાધના કરવામાં આદરવાળા થાઓ અને તેની ભાવપૂર્વક આરાધના કરીને નિર્મળ સુખને પ્રાપ્ત કરો. એ જ મહેચ્છા.

વંદન હો ! વંદન હો !! આવા દઢ વ્રતધારી સુવ્રતમુનિ મહાત્માને હજારો વાર વંદન હો !!!

એક વખતે કૃષ્ણ વાસુદેવ સમવસરણમાં શ્રી નેમિનાથ પ્રભુને વાંદવા આવ્યા. પ્રભુજીએ ધર્મોપદેશ આપતાં સાધુ ધર્મનો મહિમા વર્ણવ્યો. અને જણાવ્યું કે સાધુપદ સ્વીકાર્યા સિવાય કોઈ જીવ કદાપિ કાળે કલ્યાણ કરી શકતો નથી. મોક્ષ મેળવી શકતો નથી. ભગવંતના સ્વમુખે સાધુધર્મ સાંભળીને કૃષ્ણ બોલ્યાઃ 'હે નાથ ! હું યતિ ધર્મ પાળવાને અસમર્થ છું. પરંતુ જેઓ આ સર્વોત્તમ યતિધર્મ–દીક્ષાનું પાલન કરે છે. તેઓ ધન્યવાદને પાત્ર છે અને તેને હું અનુમોદના કરું છું, અને આજથી હું એવો નિયમ રાખું છું કે 'જે કોઈ દીક્ષા લેશે તેને હું અટકાવીશ નહિ, પણ પુત્રની જેમ તેનો નિષ્ક્રમણોત્સવ–દીક્ષામહોત્સવ કરીશ. અને તેને સર્વ પ્રકારે સહાય કરીશ.' આ પ્રમાણે નિયમ લઇને કૃષ્ણજી દ્વારિકા નગરીમાં આવ્યા. ઘણા સમય સુધી રાજ્યનું પાલન કર્યું પછી વિવાહને યોગ્ય થયેલ પોતાની કન્યાઓ નમવાને આવતી તે તે વખતે કૃષ્ણ તે કન્યાઓને કહેતા કે 'હે પુત્રીઓ ! તમારે સ્વામિની એટલે રાણી થવું

P. P. Ac. Gunratansuriji M.S. Jin Gun Aaradhak Trust

છે કે દાસી થવું છે? તે વખતે તે કન્યાઓ કહેતી કે, 'અમે આપની કૃપાથી સ્વામિની થઈશું.' એટલે શ્રીકૃષ્ણ કહેતા કે, 'હે નિષ્પાપ પુત્રીઓ! જો તમારે સ્વામિની થવું હોય તો ત્રણ લોકનાથ શ્રી નેમિનાથ પાસે જઈને દીક્ષા લઈ રાજીમતીની નિશ્રામાં રહી ત્રિલોક વંદનીય થાઓ.' આ પ્રમાણે કહીને પોતાની અનેક વહાલી પુત્રીઓને કૃષ્ણે દીક્ષા અપાવી. મુક્તિ માર્ગમાં સ્થાપન કરી. ધન્ય છે શ્રીકૃષ્ણ મહારાજાની શ્રદ્ધાને!!

**ઉપસંહાર.**— આ પુસ્તિકા મૌન એકાદશીને ઉદ્દેશીને લખાયેલ હોવાથી આમાં શ્રી નેમિનાથ પ્રભુના અને શ્રીકૃષ્ણ વાસુદેવના ખાસ ખાસ જીવન પ્રસંગોનું વર્ણન ટૂંકમાં આલેખાયેલ છે. પણ આ પુસ્તક પછી મારા હાથે લખાઈ બહાર પડેલ છે, ભગવાન શ્રી નેમિનાથ અને શ્રીકૃષ્ણ વાસુદેવ એ નામનું પુસ્તક લગભગ ૩૫ થી ૪૦ ચિત્રોવાળું છપાઈને પ્રગટ થયેલ છે. તે વાંચકોએ જરૂર વાંચવું જોઈએ. તેમાંથી તેઓના અનેક જીવનપ્રસંગોનું જ્ઞાન થશે.

દા: **મુનિ નિરંજનવિજય.**

વિક્રમ સંવત ૨૦૦૭ની વૈશાખ સુદી ૩

**અક્ષય તૃતીયા**

卐

P. P. Ac. Gunratansuriji M.S. Jin Gun Aaradhak Trust

# સુપાત્ર દાનનો મહિમા
યાને
# શ્રેષ્ઠી ગુણસાર

કર્મને શરમ નથી—એનું હૂબહૂ ચિત્ર ખડું
કરતી અને સાધુદાનની તાત્કાલિક સફલતાનો
ચિતાર રજૂ કરતી એક બોધપ્રદ કથા

લેખકઃ— **શાસન પ્રભાવક, નીડરવકતા, સાહિત્યપ્રેમી પ્રવર્તક મુનિવર્ય શ્રી નિરંજનવિજયજી મહારાજ સા.**

## ૧

આ એક જૂના સમયની વાત છે.

ગગનચૂંબી શ્રી જિનમંદિરો અને ઊંચી ઊંચી હવેલીઓથી સુશોભિત એક ગૌભવશાળી પુર હતું. તે પુરનો સ્વામી પુત્રવાત્સલ્યથી સમસ્ત પ્રજાનું પાલન કરતો હતો. તે જ પુરમાં એક ગુણસાર શ્રેષ્ઠી વસતો હતો.

તે ઘણો લક્ષ્મીવંત, સદાચારી અને ગુણીજનોનો રાગી

P. P. Ac. Gunratansuriji M.S. Jin Gun Aaradhak Trust

હતો. શ્રેષ્ઠીની સરળ પ્રકૃતિ તેમજ સદાચાર માટે નગરજનોમાં ખૂબ ખૂબ આદરમાન તરવરતું હતું.

એક શુભ દિવસે ઓચિંતા ગુણસાર શ્રેષ્ઠીને પૂર્વના કોઈ મહાન પુણ્યોદયે એક સદ્ગુરુ ભગવંતનો ભેટો થયો. તેણે તેમને વિનયપૂર્વક નમસ્કાર આદિ કરીને સત્કાર્યા.



ઓચિંતા ગુણસાર શ્રેષ્ઠીને ગુરુ ભગવંતનો ભેટો થયો.

કરુણાસાગર પૂ. ગુરુભગવંતે 'ધર્મલાભ' રૂપી આશીર્વાદ દેવાપૂર્વક જીવ-અજીવ આદિ પદાર્થોનું સાદી અને સરળ ભાષામાં સત્ય સ્વરૂપ પ્રકાશિત કરતાં, ધર્મના ગૂઢ રહસ્ય સહિત ધર્મોપદેશ આપ્યો, જેથી શ્રેષ્ઠીના અંતરમાં વિવેકરૂપી દીપક પ્રગટ થયો.

પૂ. મુનિરાજના મુખકમળથી શ્રેષ્ઠીએ સદુપદેશ સાંભળી કૃતકૃત્ય થઈને 'અહિંસા પરમો ધર્મ'નું રહસ્ય બરાબર સમજીને ધર્મનાં વાસ્તવિક તત્ત્વો પ્રત્યે પોતાનો અનુરાગ મજબૂત કર્યો. અનુક્રમે 'અહિંસા પરમો ધર્મઃ' સિવાયના ધર્મો કેવળ નામધારી ધર્મો છે અને તે કોઈ પણ વખતે પ્રાણીઓને હિતકર ન જ બની શકે—આમ તે નક્કર શ્રદ્ધા-પૂર્વક માનવા લાગ્યો.

આકસ્મિક રીતે ભવોધ્ધારક ગુરુદેવના સંયોગથી હર્ષિત થઈ તેણે સમ્યકત્વ સહિત મહાદુર્લભ ગૃહસ્થ ધર્મ—શ્રાવક-ધર્મને અંગીકાર કર્યો. ત્યાર બાદ યથા યોગ્ય ધર્મકરણીમ રક્ત રહીને તે એકાન્તરે ઉપવાસ કરવા લાગ્યો. સંયોગ પ્રાપ્ત થયે સુપાત્રદાનના તથા વિવિધ પ્રકારના નિયમોનું તે પરિપાલન કરવા લાગ્યો. આમ શ્રેષ્ઠી કેટલોક સમય ધર્મકરણીમાં તેમજ અનુકંપા-દયા, દાનાદિ કાર્યો કરવાપૂર્વક પરોપકારપરાયણ રહેવા લાગ્યો. પૌદ્‌ગલિક સુખથી વિમુખ રહીને કેવલ આત્મિક સુખની ઇચ્છાઓથી તે શ્રેષ્ઠી શુદ્ધ દેવ, ગુરુ અને ધર્મની બહુમાન અને ભક્તિથી હંમેશાં આરાધના કરતો હતો. 'અનાજની સાથે ઘાસની પ્રાપ્તિ' એ ન્યાયે સમસ્ત પ્રકારના સાંસારિક સુખોથી તે ભરપૂર હતો. અને સામગ્રી સહિત પ્રાપ્ત કરેલા દુર્લભ એવા

P. P. Ac. Gunratansuriji M.S. Jin Gun Aaradhak Trust

માનવજન્મને સફલ કરવાની ભાવના સેવતો તે સમય પસાર કરતો હતો.

દિન–પ્રતિદિન નગરમાં ગુણસાર શ્રેષ્ઠીના ગુણોની સુવાસ ફેલાવા લાગી. નગરજનોથી માંડી રાજસભામ મહારાજા સુધી પણ વડવૃક્ષની જેમ તેની પ્રશંસા વિસ્તા પામવા લાગી.

એક સમય ગ્રામાનુગ્રામ વિચરતા દયાના સાગર સમા કોઈ પૂ. ગુરુભગવંત તે નગરમાં પધાર્યા.

આપણો ચરિત્રનાયક ગુણસાર શ્રેષ્ઠી મુનિરાજને વંદ નાર્થે આવ્યો અને પાંચ અભિગમ જાળવવાપૂર્વક ત્રણ પ્રદક્ષિણા દઈ, સંયમ અને શરીરની સુખશાતા પૂછી, ધર્મ સાંભળવાની ઇચ્છાથી પૂ. સાધુભગવંતની સામે બેઠો. પૂ મુનિ ભગવંતે પણ ધર્મ સાંભળવાની ઇચ્છાવાળા શ્રેષ્ઠી જોઈ સંસારની અસારતાદર્શક, વૈરાગ્યરસ ઝરતી ધર્મ દેશના આપી. તે ધર્મ દેશના હૃદયના ઉત્સાહપૂર્વક શ્રવણ કરવાથી શ્રેષ્ઠીને સંસારના રંગરાગ ક્ષણિક લાગ્યા અને હૃદયમાં ભાવના જાગી. એ ભાવના જાગૃત થવાથી શ્રેષ્ઠ ગુણસાર પોતાને ધન્ય માનવા લાગ્યો, મનથી ધર્મમ જીવન જીવવાનો તેણે નિશ્ચય કર્યો. ક્રમે ક્રમે પૂ. ગુરુમહા રાજના સંયોગોને મેળવીને તેણે ધર્મકરણીમાં કુશળત

P. P. Ac. Gunratansuriji M.S. Jin Gun Aaradhak Trust

પ્રાપ્ત કરી. અનુક્રમે તે શ્રેષ્ઠી પોતાના વધતા જતા અધ્યવસાયે પૂ. ગુરુમહારાજ પાસેથી ગ્રહણ કરેલ ધર્મને પાળવા લાગ્યો.

ગુણસાર શ્રેષ્ઠીને રહેવાને મનોહર આલિશાન મહેલાતો હતી. શિયળગુણે કરી વિભૂષિત ઘરમાં કુલવતી ભાર્યા હતી. આજ્ઞા ઉઠાવનાર નોકરનો સારો પરિવાર હતો, વૈભવવિલાસનાં અનેક સાધનો હતાં અને તે પુણ્યોદયે પૈસેટકે સુખી હતો, છતાં વૈરાગ્યવાસિત શ્રેષ્ઠીના હૃદયને સંસારમાં રહેવું ગમતું ન હતું. પણ તલવારની ધાર ઉપર ચાલવા જેવું સંયમી જીવન જીવવું તેને દુષ્કર લાગતું હતું, જેથી તે ઉત્તમ શ્રાવકયોગ્ય ધર્મકરણીમાં ઉદ્યમશીલ રહી, અહિંસાપરાયણ, ભક્તિમય અને સાદાઈથી ન્યાયનીતિપૂર્વક પોતાનો જીવનનિર્વાહ કરવા લાગ્યો.

આર્યસંસ્કૃતિને અનુરૂપ અતિથિસત્કાર કરવા શ્રેષ્ઠી હરપળે તૈયાર રહેતો. પવિત્ર પાત્ર એવા પૂજ્ય સાધુ–સાધ્વીઓની ઉમંગભેર સેવા–ભક્તિ કરવામાં અહર્નિશ તત્પર રહેતો. તે ઉદારતાપૂર્વક દીન–હીન અને દુઃખી જનોનો અનુકંપા વડે ઉદ્ધાર કરતો. તીર્થયાત્રા, રથયાત્રા કલ્યાણકના ઉત્સવો વગેરે જૈનશાસનની ઉન્નતિનાં કાર્યોમાં તે સદાય તત્પર રહેતો. સાધર્મિક બંધુઓને ગૌરવભર્યાં

P. P. Ac. Gunratansuriji M.S. Jin Gun Aaradhak Trust

સ્નેહ અને વિનયપૂર્વક તે અનેક પ્રકારે સહાય કરતો, લોકોપયોગી કાર્યોમાં પણ તે સારી મદદ કરતો. આવાં અનેક પરોપકારી કાર્યો કરીને પોતાના જીવનને સાર્થક કરતો, શ્રેષ્ઠી પોતાની જીવનયાત્રા આગળ ધપાવતો હતો.

કેટલોક સમય વીત્યા બાદ શ્રેષ્ઠીનું ગૌરવ એટલું બધું વધી ગયું, યાચકોને ઇચ્છિત આપવામાં તો તે કલ્પવૃક્ષ સમાન મનાવા લાગ્યો. નગરજનોમાં પણ તે અધિક ઐશ્વર્યવાળો અને સમાજમાં અગ્રેસર લેખાવા લાગ્યો.

"દાનાનુસારિણી કીર્તિ" આ શાસ્ત્રવાક્યાનુસાર ગુણસાર શ્રેષ્ઠીની ખ્યાતિ દિવસે દિવસે વધવા લાગી. ઉદારતાની ખ્યાતિથી ખેંચાઈ ને દેશપરદેશથી ભાટચારણ લોકોએ આવી ઇચ્છિત દાન મેળવીને શ્રેષ્ઠીની કીર્તિ દૂર દૂર સુધી ફેલાવી. છતાં સાદાઈ, નમ્રતા વગેરે જીવનના અમૂલ્ય નિયમોમાં શ્રેષ્ઠી એવો ને એવો જ બલ્કે તેથી પણ વધારે મક્કમ હતો, અર્થાત સાદાઈ નમ્રતા આદિ ગુણોમાં સહેજ પણ ક્ષીણતા તેનામાં આવી ન હતી. કહેવાનું એ જ કે ખ્યાતિથી ફુલાઈને ધર્મધ્યાન વગેરે શુભ અનુષ્ઠાનોમાં તે પ્રમાદી બન્યો નહિ. ગુણસાર શ્રેષ્ઠીના સહવાસથી દિન-પ્રતિદિન શ્રેષ્ઠીની ભાર્યા પણ એક ઉત્તમ ધર્મશીલ શ્રાવિકા બને એમાં આશ્ચર્ય શું? કારણ કે-ગુણ અગર દોષ સંસર્ગથી ઉત્પન્ન થાય છે.

જેમ નિર્મલ સ્ફટિક પાસે જો લાલ, લીલો અગર કોઈ પણ રંગનો પદાર્થ મૂકવામાં આવ્યો હોય, તો તે સ્ફટિક પણ તેવા જ રંગવાળો દેખાય છે; તો પછી એક વ્યવહારકુશળ અને ધર્મદક્ષ ગુણસાર શ્રેષ્ઠીના હરહંમેશના સહવાસથી આર્યસન્નારી (શ્રેષ્ઠીની ભાર્યા) ધર્મનિષ્ઠ બને તેમાં નવાઈ શી? ધર્મ, અર્થ, કામ અને મોક્ષ આ ચાર પુરુષાર્થને સાધતાં પતિ-પત્ની પોતાનો સમય સારી રીતે વ્યતીત કરે છે.

卐

૨

કર્મને નોંતરાં હોય ખરાં!

ત્યાં તો અકસ્માત્ શ્રેષ્ઠીને પૂર્વભવના કરેલ કોઇ અશુભ પાપકર્મના ઉદયથી, ચારેય બાજુથી દિન-પ્રતિદિન પડતી દશા આવવા લાગી, એ રીતે ક્રમે કરી સર્વ ધન-ધાન્યનો નાશ થયો. આમ છતાં પણ ગુણસાર શ્રેષ્ઠીએ ધર્મશ્રદ્ધામાં અને નિત્ય આવશ્યક ધર્મકરણીમાં સહજ પણ ઓછાશ-કચાશ આવવા દીધી નહિ. અનુક્રમે ગાઢ પાપો-

P. P. Ac. Gunratansuriji M.S. Jin Gun Aaradhak Trust

દયથી તે અત્યંત દરિદ્ર થયો. અનેક મુશ્કેલીઓ ભોગવવા-સહન કરવા છતાં તે આકુળવ્યાકુળ ન બન્યો, તે બંનેનું ભરણપોષણ કરવામાં પણ અસમર્થ નીવડયો, છતાં ધર્મ-ક્રિયામાં અણનમ રહ્યો. ભવિતવ્યતાને કોઈ ટાળી શકતું નથી, કારણ કે "અવશ્યમેવ ભોકતવ્યં કૃતં કર્મ શુભાશુભમ્." પોતે કરેલાં શુભ કે અશુભ કર્મ જરૂર પોતાને જ ભોગવવાં પડે છે. અર્થાત્ કરોડો વર્ષ પૂર્વનું કર્મ હોય છતાં તે ભોગવ્યા વિના નિકાચિત કર્મનો નાશ થતો નથી. આમ અચાનક દારિદ્રયે આવીને શ્રેષ્ઠીને ઘેર વિશ્રામ કર્યો, છતાં શ્રેષ્ઠી ધીરજપૂર્વક વિચારવા લાગ્યો.

"આ દુનિયામાં તમામ વસ્તુઓ નાશવંત છે, પણ ધર્મ અને આત્મા નિશ્ચલ છે–શાશ્વત છે, જે કદી પણ નાશ પામતાં નથી."

નગરના લોકોના કાને પરંપરાએ વાત આવી. ગુણસાર શ્રેષ્ઠીની તમામ ધન–ધાન્યાદિ લક્ષ્મી નાશ પામી અને તે તદ્દન દરિદ્રી થઈ ગયો છે. પણ ધર્મમાં અગ્રેસર અને પરોપકારીઓમાં શિરોમણિ સમાન ધર્મી ગુણસાર સંબંધી આ વાત કોઈ કાને ધરતું નથી, અર્થાત્ સહુ કોઈ પ્રથમ તો માનવા જ તૈયાર થતું નહિ, છેવટે તે વાત સત્ય જાણી નગરજનો પરસ્પર વાતો કરતા કે, "આ શું થયું ?"

P. P. Ac. Gunratansuriji M.S. Jin Gun Aaradhak Trust

કોઈ કે કહ્યું, "ધર્મીને ઘેર ધાડ હોય?" વળી બીજાએ કહ્યું, "કર્મને શરમ નથી." ત્યારે ત્રીજાએ સખેદ જણાવ્યું, "ભાઈ! સંસારમાં કર્મની ગતિ વિચિત્ર છે. વિષમ એવી કર્મની બંધ, ઉદય, ઉદીરણા અને સત્તાની સ્થિતિને શ્રી જિનેશ્વરદેવ અને જિનાગમ વિના અન્ય કોણ જાણી શકે તેમ છે? અરે શું કહીએ! કર્મરાજા જ્યારે ફરી બેસે ત્યારે તે જન્મોજન્મના વૈરી કરતાં પણ ઘણું ભયંકર નાટક ભજવી બતાવે છે."

હવે શ્રેષ્ઠીને ઉપર આભ ને નીચે ધરતી સિવાય અન્ય કોઈ રહ્યું નથી. આ પરિવર્તનશીલ સંસારમાં વીજળી વેગે અનેક પરિવર્તનો થયા કરે છે, તેમાં ભલભલા બુદ્ધિમાન મનુષ્યો પણ સમજીને રસ્તો કાઢી શકતા નથી અને કેટલી યવાર મનમાં ને મનમાં મુંઝાયા કરે છે.

હવે આપણે શ્રેષ્ઠી તરફ નજર કરીએ.

આ જ શ્રેષ્ઠી એક સમયે લોકમાન્ય અને રાજ-માન્ય હતો. પણ હવે શ્રેષ્ઠી પ્રત્યેનો લોકપ્રેમ, અને રાજ પ્રેમ ધીમે ધીમે ઓસરવા માંડયો હતો, કારણ કે દુનિયાનો એવો ન્યાય છે કે–'ઊગતાને સૌ કોઈ પૂજે.' સર્વે ગુણાઃ કાંચનમાશ્રયન્તે' જગતમાં સર્વે ગુણો કાંચન–ધનને



P. P. Ac. Gunratansuriji M.S. Jin Gun Aaradhak Trust

આશ્રયીને જ ઉજ્જવલ દેખાય છે.' અર્થાત્ જેની પાસે ધન હોય, તે માણસ કુળવાન, તે જ પંડિત, તે જ જ્ઞાની, તે જ સર્વનો જાણકાર, તે જ વકતા (સુંદર બોલનાર) અને તે જ માન આપવા યોગ્ય છે.

( જો કે સ્વાર્થી જનોની અવાસ્તવિક માન્યતા છે. )

દેવાધિદેવ શ્રી વીતરાગદેવને પોતાના શિરતાજ માનનાર, કાંચન કામિનીના પરમ ત્યાગી, નિર્ગ્રન્થ પૂ. મુનિઓને જ પરમ તારક અને શ્રીજિનેશ્વર ભગવંતે બતાવેલ ધર્મ જ ભવોભવ શરણ રૂપ હો એમ પૂર્ણ શ્રદ્ધાભાવથી શ્રેષ્ઠી માનનાર હતો. આથી આ અણધારી આવેલી આપત્તિને સમભાવે સહી લેવાનો નિશ્ચય કર્યો, અને તે નિત્ય આવશ્યક ધર્મકરણીમાં મસ્ત રહી સંતોષપૂર્વક સમય પસાર કરવા લાગ્યો.

શ્રી જૈનદર્શન પામેલા આત્માઓની આ જ ખૂબી છે કે જેણે શ્રી સર્વજ્ઞ ભગવંતના જ કથન કરાયેલા શ્રી જૈનદર્શનના કર્મવાદરૂપ તત્ત્વજ્ઞાનને શ્રદ્ધાપૂર્વક પૂ. ગુરુગમદ્વારા શ્રવણ કરી હૃદયમાં ઉતાર્યું છે, તેવો એક સામાન્ય મનુષ્ય પણ ગમે તેવી સંપત્તિમાં છકી જતો નથી કે ગમે તેવી આપત્તિમાં વ્યગ્ર બનતો નથી, કારણ "વિચિત્રા

P. P. Ac. Gunratansuriji M.S.　　　　　　　　Jin Gun Aaradhak Trust

કર્માણાં ગતિઃ" 'કર્મની ગતિ વિચિત્ર છે.' એ શાસ્ત્રવચન તેનાં હૃદયમાં ઊંડે ઊંડે કોતરાઈ ગયેલું હોય છે. તેમજ સાથે સાથે "સ્વાર્થિનઃ સર્વે સંબન્ધિનઃ" સંસારમાં સર્વે સગાસંબંધી જનો સ્વાર્થી હોય છે. એ પણ ખૂબ અનુભવેલું હોય છે.

આ સ્વાર્થપૂર્ણ સંસારમાં ધન જતાં કોણ સહાયક થાય? શ્રેષ્ઠીને પણ એવી જ કટોકટી આવી ઊભી. એક ટંકનું પૂરું ભોજન મેળવવાની પણ પૂરેપૂરી મુશ્કેલી ઊભી થઈ. 'હવે શું કરવું?' તેની ચિંતાનાં તે પડયો છે, ત્યારે તેની કુળવાન સ્ત્રીએ કહ્યું:

'સ્વામીનાથ ! આપનું સર્વસ્વ ગયું અને ધન વિના કોઈપણ પ્રકારનો ઉદ્યમ થશે નહિ.'

'પૂર્વના અશુભ કર્મના ઉદયની ધન જાય તેમાં આપણે શું કરીએ? દારિદ્રય અવસ્થામાં આપણને કોણ ધન આપે?' શ્રેષ્ઠીએ જવાબ આપ્યો.

'ત્યારે આવા સમયે મારા પિતાના ઘેર જાવ ને!' સ્ત્રીએ કહ્યું.

'શા સારૂ?' શ્રેષ્ઠીએ પૂછયું.

'મારા માતા–પિતાનો મારા ઉપર અત્યંત સ્નેહ હોવાથી

P. P. Ac. Gunratansuriji M.S. Jin Gun Aaradhak Trust

થોડું ધન આપશે, તો આપણું ગાડું નભે જશે' સ્રીએ કહ્યું.

'આ કર્મની જ પ્રબલતા છે. કોઇનું આપેલું ધન કેટલા દિવસ ટકશે?' શ્રેષ્ઠીએ પૂછ્યું.

'જેટલા દિવસ રહેશે એટલા દિવસ તો ટૂંકા થશે.' સ્રીએ જણાવ્યું.

'એ બરાબર, પણ મારું મન તારા પિતાને ત્યાં જવા ના પાડે છે.' શ્રેષ્ઠીએ કહ્યું.

'કેમ ના પાડે છે?' સ્રીએ પૂછ્યું.

'આવી દુ:ખી અવસ્થામાં સાસરે જવું એ કોઈ રીતે મારા માટે યોગ્ય ગણાય નહિ.' શ્રેષ્ઠીએ કહ્યું.

આમ છતાં સ્રીએ હંમેશાં તે માટે આગ્રહ કરવાનો ચાલુ રાખ્યો. અને ફરી એક અવસરે કહ્યું, 'અત્યારે યોગ્ય–અયોગ્ય ક્યાં જોવા જેવું છે?' સ્રીનો ખૂબ આગ્રહ જોઇને પતિએ કંટાળીને કહ્યું, 'તો હવે આવતી કાલે જઈશ.'

તેની સ્રીએ આ વાતથી સહજ સંતોષ અનુભવ્યો. અને સાથોસાથ વિચાર્યું, 'અઢી દિવસનો રસ્તો છે, તેમાં એક દિવસ તો ઉપવાસ આવશે. એટલે પારણાંના દિવસ માટે જતી વખતે યોગ્ય ભાતું તૈયાર કરીને બાંધી આપ્યું.

P. P. Ac. Gunratansuriji M.S.			Jin Gun Aaradhak Trust

## ૩

સવારે સર્વ આગમોના સાર રૂપ શ્રી નમસ્કાર મહામંત્રના સ્મરણ સાથે ઊઠીને શ્રાવક યોગ્ય આવશ્યક કરણીથી નિવૃત્ત થઇને જિનપૂજન કરીને ભોજનકાર્ય પતાવીને સ્ત્રીને કહ્યું, 'ઠીક, ત્યારે હવે હું જાઉં છું.' સ્ત્રીએ વિદાય આપતાં જણાવ્યું, 'પધારો, વહેલા આવજો!'

ગુણસારે સસરાના ગામ તરફ ભાતાની પોટલી લઈને પ્રયાણ શરૂ કર્યું.

અઢી દિવસનો માર્ગ છે. અનુક્રમે ચાલતા ચાલતાં સંધ્યા સમયે એક ગામમાં જઈ તેણે રાત્રિ પસાર કરી; બીજે દિવસે સવારે નિત્ય ક્રિયા કરી, પરવારી, ઉપવાસનું પચ્ચખ્ખાણ કરીને તે આગળ ચાલ્યો. તે માર્ગ કાપતો જાય છે અને મનમાં અનેક સંકલ્પ કરતો જાય છે. સંધ્યા સમય થતાં એક ગામમાં જઈ તેણે રાત્રિ વિતાવી.

P. P. Ac. Gunratansuriji M.S.                                    Jin Gun Aaradhak Trust

ત્રીજા દિવસનું સવાર થયું. ગુણસારને ઉપવાસનું પારણું છે, છતાં પણ પારણું કરતાં પહેલા તેણે માર્ગ કાપવો શરૂ કર્યો. ચાલતાં ચાલતાં બરાબર બપોર થવા આવ્યો, એટલે એક નદીના કિનારે પારણું કરવાનો તેણે વિચાર રાખ્યો. નદી આવી અને ભાતું છોડીને તે કિનારે વૃક્ષ નીચે છાયામાં બેઠો. તે વખતે તેના મનમાં એક શુભ વિચાર આવ્યો. જેઓ હંમેશાં પૂ. મુનિરાજને દાન આપ્યા વિના ભોજન કરતા નથી તે જ મનુષ્યો ધન્યવાદને યોગ્ય છે, મારો એવો પુણ્યોદય કયાંથી હોય કે અત્યારે તેવો શુભ યોગ સાંપડે! જો મને પણ અહીં કોઈ પૂ. મુનિરાજનો શુભ યોગ મળી જાય, તો કેવું સારું? તેઓને થોડામાંથી થોડું વહોરાવી ઉપવાસનું પારણું કરું!

તેનું ધન ગયું હતું પણ તેના હૃદયથી શુભ ભાવના ગઈ ન હતી, આમ ગુણસારના હૃદયમાં એકાએક શુભ ભાવ પેદા થયો.

'કદાચ મને પણ તેવો 'જંગલમાં મંગલ' જેવો સુંદર સંયોગ મળી જાય તો મારાં અહોભાગ્ય.'

કંગાલ સ્થિતિમાં પણ ગુણસાર શ્રેષ્ઠી અતિ નિર્મલ ભાવના ભાવતો ચોતરફ દૃષ્ટિ ફેરવતો ઊભો છે. તેવામાં જ પૂર્વકૃત ભાગ્યોદયથી પાસેના જ ગામમાંથી આવતા,

P. P. Ac. Gunratansuriji M.S. Jin Gun Aaradhak Trust

ભૂમિ પર સાડા ત્રણ હાથ દૃષ્ટિ રાખતા, કોઈ પણ જીવને જરા પણ દુઃખ ન થાય કે ચગદાઈ ન જાય તેવી ધીમી ચાલે ચાલતા એક સાધુ ભગવંતને આવતા જોયા. શાસ્ત્રસિદ્ધ છે કે– 'યાદૃશી ભાવના તાદૃશી સિદ્ધિઃ' 'જેવા પ્રકારની ભાવના હોય છે, તેવી જ પ્રાપ્તિ પણ થાય છે.' ગુણસારની પૂજ્ય ગુરુમહારાજ તરફની હૃદયની ભાવનાએ, તેને પૂ. ગુરુમહારાજનો આવા જંગલમાં પણ સંયોગ કરાવી આપ્યો.

સાધુ ભગવંતને જોતાં જ ગુણસારને અમાપ હર્ષની ઊર્મિઓ થઈ આવી અર્થાત્ શ્રેષ્ઠીના હર્ષનો પાર ન રહ્યો. તેનું ભક્તહૃદય અતિ ઉલ્લસિત બન્યું. ગુરુદેવ પધારતા તેણે હર્ષભેર ગુરુમહારાજની સામે જઈ ઉમંગભે ગુરુચરણોમાં ઢળી પડી નમસ્કાર કર્યા અને અન્તરમ વિચાર્યું, 'અહો, હજુ પણ મારું સદ્ભાગ્ય જાગૃત છે ! મારા અહોભાગ્યે મારી ભાવના પૂરી થશે.'

વાત એમ હતી આ માસોપવાસી સાધુ ભગવંત પારણાં માટે નજીકના ગામમાં ગયા હતા. તેઓને તે ગામમાંથી શુદ્ધ જળ તો મળ્યું, પરંતુ દોષની આશંકાથી અને પાપના ભયથી આહાર ગ્રહણ ન કરી જગતના પ્રાણીઓને

P. P. Ac. Gunratansuriji M.S.	Jin Gun Aaradhak Trust

શરણ કરવા યોગ્ય તે સાધુ ભગવંત સમભાવે પાછા ચાલ્યા આવતા હતા.



(માસોપવાસી મુનિ ભગવંતને ચાલ્યા આવતા જોયા.)

શ્રેષ્ઠી બહુમાન અને ભક્તિસહિત, વિનયપૂર્વક બંને હાથ જોડીને બોલ્યો, "હે કૃપાસિંધુ ભગવન્ ! આ બાજુ જરા પધારો અને નિર્દોષ આહાર સ્વીકારી મારો ઉદ્ધાર કરો !'

આમ પૂજ્ય સાધુ ભગવંતને વિનંતી કરી શ્રેષ્ઠી તેઓને નદીતટે ઝાડ નીચે તેડી લાવ્યો.

પૂજ્ય સાધુ ભગવંતે પણ નિર્દોષ શુદ્ધ આહાર જોઈને પોતાનું પાત્ર ધર્યું. તે સમયે જેમ અશકય વાત બની

P. P. Ac. Gunratansuriji M.S.                                        Jin Gun Aaradhak Trust

હોય તેમ શ્રેષ્ઠીને અપૂર્વ ભાવોલ્લાસ થયો. તે વિચાર કરવા લાગ્યો, 'શું આ તે સ્વપ્ન કે સત્ય? દારિદ્રય અવસ્થામાં અને ભવસમુદ્રમાં ડૂબતાં મને આ પરમ તારક સાધુ ભગવંતરૂપ સફરી વહાણનો સંયોગ કયાંથી આવી મળ્યો?' આ પ્રમાણે મનમાં ભાવના ભાવતા શ્રેષ્ઠીએ પોતાની પાસેના આહારમાંથી પૂજ્ય ગુરુમહારાજ 'બસ–બસ' કહેવા છતાં, તેમના પાત્રમાં ઘણુંખરુ વહોરાવી દઈ પોતાના આત્માને ધન્ય માનવા લાગ્યો. પછી નમસ્કાર કરી પૂ. ગુરુ ભગવંતની આ પ્રમાણે સ્તુતિ કરવા લાગ્યો.



(શ્રેષ્ઠી પોતાની પાસેનો આહાર પૂ. ગુરુદેવને વહોરાવે છે.)

"હે સ્વામિન્! દયાના સમુદ્ર! આપશ્રીએ મારા જેવા દરિદ્રી ઉપર મોટી કૃપા કરી મને ભવસમુદ્રમાંથી

P. P. Ac. Gunratansuriji M.S. Jin Gun Aaradhak Trust

તાર્યો. જગતના શરણભૂત! આપશ્રીના શુભ દર્શનથી આજે મારો આ મનુષ્યજન્મ સફળ થયો.' ગુરુમહારાજ પણ 'ધર્મ લાભ' રૂપ આશીર્વાદ આપી પોતાના માર્ગે આગળ વધ્યા. શ્રેષ્ઠી પણ સ્તુતિ કરતો કરતો સાત-આઠ પગલાં પાછળ જઈ પૂ. સાધુ ભગવંતને વળાવી પોતાને સ્થાને વૃક્ષ પાસે પાછો આવ્યો. હવે પોતાની પાસે પારણું કરવા જેવું જે કંઈ રહ્યું હતું, તે ખાઈને પોતાનાં વસ્ત્ર વગેરે જે પડયું હતું, તે લઈને તેણે સસરાના ગામ ભાણી આગળ ચાલવા માંડયું.

હવે શ્રેષ્ઠીની ચાલવાની ઢબમાં—ગતિમાં અતિ આનંદ અને ઉલ્લાસભાવ તરવરતો હતો. રસ્તે ચાલતાં શ્રેષ્ઠી મનમાં વિચારવા લાગ્યો: "અહો! આજનો મારો દિવસ ખરેખર ધન્ય છે. આજે મારે માટે તો સોનાનો સૂરજ ઊગ્યો કે– સુવિહિત, ત્યાગી પૂ. ગુરુ ભગવંતનાં દર્શન થયાં અને સુપાત્રમાં દાન દેવાનો અપૂર્વ અવસર પ્રાપ્ત થયો. ખરેખર! આજે કામધેનુ પોતાની મેળે જ મારે આંગણે આવી અને મહાપ્રભાવિક ચિંતામણિરત્ન મને સહજમાં પ્રાપ્ત થયું, મારો માનવજન્મ સફળ થયો, અક્ષય ભાતું આજે મને મળ્યું, ઘેર બેઠાં કલ્પવૃક્ષ ફળ્યું, આજથી દ્રવ્ય અને ભાવથી મારું દારિદ્ર નાશ પામ્યું અને લોકોત્તર લાભ પ્રાપ્ત થયો."

P. P. Ac. Gunratansuriji M.S. Jin Gun Aaradhak Trust

આ પ્રમાણે શ્રેષ્ઠી શુભ અધ્યવસાયમાં તરબોળ થતાં ભૂખ–તરસ સઘળું ભૂલી ગયો. પોતે આપેલ દાનના હર્ષોત્સાહમાં તલ્લીન થઈ ક્ષણે ક્ષણે રોમાંચને અનુભવતો, અનુક્રમે ચાલતાં ચાલતાં માર્ગ વટાવી સસરાના ગામ નજીક પહોંચ્યો.

તેને વિચારોના તરંગો એક પછી આવ્યા કરે છે. ગામમાં પ્રવેશ કરવાની તૈયારી છે, ત્યાં તેને અશુભોદયથી શુકન પણ જેવા જોઈએ તેવા સારા થતા નથી. ગુણ-સારનું હૃદય સસરાને ત્યાં જવા ઇચ્છતું ન હતું, પરંતુ સ્ત્રીનાં વચનોથી પ્રેરાઈને અતિ આગ્રહ થવાથી તે ઘેરથી નીકળ્યો હતો. શુકન બરાબર નહિ થવાથી ગુણસારને લાગ્યું, 'ધારેલું કાર્ય પાર પડે તેમ લાગતું નથી.'

આમ જુદા જુદા અનેક વિચારો કરતો કરતો તે ગામમાં પ્રવેશ કરે છે, અને ઊભા રસ્તે ચાલ્યો જાય છે. આગળ ચાલતાં તે ગામના મધ્યચોકમાં આવ્યો, ત્યાં તો તેણે સામે થોડે જ દૂર દુકાનમાં પોતાના સસરા અને સાળો (પિતા–પુત્ર) બંનેને વાતચીત કરતા જોયા.

P. P. Ac. Gunratansuriji M.S.    Jin Gun Aaradhak Trust

## ૪

તે બંને પિતા–પુત્રની નજર સામાન્ય વેશે સામેથી આવતા પોતાના જમાઈ ઉપર પડી. અત્યાર સુધીમાં અન્ય લોકોદ્વારા જાણ્યું હતું કે જમાઈરાજ દરિદ્રી થયા છે. પણ અત્યારે સાક્ષાત્ દરિદ્રનારાયણ, ખાલી ઘડા જેવા અને ફાટેલા–તૂટેલા કપડે જમાઈરાજને આવેલા જોઈને પિતા–પુત્ર બંનેએ પરસ્પર ઘુસપુસ કરતા નક્કી કર્યું કે તે ધન વગેરેની માગણી કરશે; માટે આપણે તો તેમને મોઢું જ દેખાડવું નહિ. જો આપણે મોઢું દેખાડયું તો જરૂર તે ગળે પડશે. પોતાનાં કર્મે પોતે નિર્ધન થયો છે. નિર્ધન માણસોને લાજશરમ શાની હોય ? નીતિશાસ્ત્રમાં કહ્યું છે, 'જ્યારે ધનનો વિનાશ થાય છે ત્યારે તેજ, લાજ, મતિ, માન વગેરે બધું જ ચાલ્યું જાય છે.' વળી પૂર્વે ધનિક અવસ્થામાં આ જમાઈરાજે વ્યાપારમાં ધર્મ–અધર્મ, નીતિ–અનીતિ વગેરેના વિચારોમાં જ દિવસો પસાર કર્યા, ધન કમાવામાં પણ સંતોષ રાખી તેમણે કેવળ કાનને સાંભળવા માત્રથી જ આનંદ આપનારી કર્ણપ્રિય કીર્તિ માટે દાન-

P. P. Ac. Gunratansuriji M.S. Jin Gun Aaradhak Trust



(ફાટેલાં કપડે આવતા જમાઈને દુકાને બેઠેલા પિતા-પુત્રે જોયા.)

પુણ્યમાં સર્વ દ્રવ્ય વાપરી નાખ્યું, પરંતુ પોતાના ઘર વ્યવહારની બિલકુલ ચિંતા કરી જ નહિ, હવે જ્યારે પોતાની પાસે કાંઈ જ ન રહ્યું, ત્યારે આપણી પાછળ લાગ્યા છે, કે શું ? અહીં તે ધનની ખાણ હશે ? અગર તો શું બાપની થાપણ મૂકી ગયા હશે, તે લેવા આવ્યા છે ? જો આ વખતે પુત્રી ઉપર દયા ખાતર થોડું પણ દ્રવ્ય આપણે આપશું તો તે ખાવા-પીવામાં વાપરી નાખશે. નીતિશાસ્ત્રમાં પણ કહ્યું છે 'જમ સરખા જમાઈનું પેટ કોઈ પણ કાળે કોઈથી પુરાયું હોય એમ જાણ્યું નથી.' જો આપણે તેમને સર્વસ્વ આપી દઇએ તો પણ તૃપ્તિ થવાની નથી, માટે તેમને મોં જ બતાવવું નહિ અને

P. P. Ac. Gunratansuriji M.S. Jin Gun Aaradhak Trust

સન્માન પણ આપવું નહિ, જેથી જેવા આવ્યા છે તેવા તે પોતાની મેળે જ પાછા ચાલ્યા જાય.

સૌ સ્વાર્થી સંબંધીઓ અરસપરસ વિચારી અવળું મુખ કરીને મૌનને ભજનારા હોય છે.

આપણો પરિચિત ગુણસાર શ્રેષ્ઠી ચતુર હોવાથી મનમાં તુરત સમજી ગયો, સ્ત્રીની હઠથી અને તેનાં વચનોની પ્રેરણાને હું આવતાં તો આવી ગયો, પણ મેં તે સારું કર્યું નથી અર્થાત્ ભૂલ કરી છે, 'શબમાં (મડદામાં) અને દરિદ્રતામાં કાંઈ જ ફેર નથી.' આ નીતિ વાક્યને જાણવા છતાં હું અહીં આવ્યો. તે ખરેખર મેં મોટી ભૂલ કરી છે.

પોતાના ઘરની માનહાનિ મનુષ્યોને મહાદુઃખનું કારણ છે. ગુણસારે મનમાં વિચાર્યું જે થવાનું હતું તે થઈ ગયું. કર્મની ગતિ વિચિત્ર છે, એમ દઢ મન રાખીને તે સસરાની દુકાન પાસે આવ્યો પણ ઓટલા ઉપર બેઠેલા પોતાના સસરા અને સાળા તરફથી સન્માન કે આવકારનો એક પણ શબ્દ સાંભળવા ન મળ્યો, ત્યારે તેના મનમાં ખોટું લાગ્યું, પણ કરે શું ? અન્તે તેણે વિચાર્યું 'સ્વાર્થિનઃ સર્વે સંબધિનઃ સૌ સ્વાર્થનાં સગાં છે. દુકાને માન કે સન્માન નહિ મળતાં, મનમાં નિર્ણય કર્યો, હવે સંસારનાં

P. P. Ac. Gunratansuriji M.S.                    Jin Gun Aaradhak Trust

સગાની પરીક્ષા તો એક વખત જરૂર કરવી,—એમ નક્કી કરી તે ઘેર પોતાની સાસુને મળવા નીકળ્યો.

એમ કહેવાય છે, સાસુની મનગમતી વસ્તુઓમાં જમાઈની પણ ગણના થાય છે. જમાઈ આવતાં સાસુ ગાંડીઘેલી બની જાય છે, એ સર્વ સામાન્ય છે, પણ ગુણસાર માટે આ ન્યાય આજે ખોટો પડયો.

સાસુ પણ પહેલેથી જાણી ચૂકી હતી, જમાઈરાજ દરિદ્ર–અવસ્થામાં પટકાઇ પડયા છે. ફાટેલાં, તૂટેલાં અને ગંદા કપડે જમાઇને ઘર આવતા જોઈ સાસુએ પૂછયું, 'આવો, અમારી પુત્રી તો કુશળ છે ને?'

"કુશળ તો ખરી પણ...." ગુણસારની જીભ આગળ ન ઊપડી. તેનું હૃદય ભરાઈ આવ્યું. સસરાની ઘરની ઓસરીના એક બાજુના ભાગમાં બેઠો અને સાસુ પોતાના કામે લાગી ગઈ. માનહાનિની વેદનાથી ગુણસાર શ્રેષ્ઠીના મનમાં અનેક પ્રકારના વિચારોએ ઉત્પાત મચાવ્યો.

આ જ સગાવહાલાં પહેલાં સુખી અવસ્થામાં મને બહુ માનપાન આપતાં હતાં, અને આજે તેમાંનું કાંઈ નહિ. જ્ઞાની પુરુષોનાં ટંકશાળી વચનો બરાબર છે જેમ કે–

P. P. Ac. Gunratansuriji M.S. Jin Gun Aaradhak Trust

*"સગું તારું કોણ સાચું રે, સંસારીઆમાં
પાપનો તો નાખ્યો પાયો, ધરમમાં તું નહિ ધાયો;
ડાહ્યો થઈને તું દબાયો રે, સંસારીઆમાં.
સગું તારું કોણ સાચું રે. ॥૧॥

કૂડું કૂડું હેતે કીધું, તેને સાચું માની લીધું;
અંતકાળે દુઃખ દીધું રે, સંસારીઆમાં.
સગું તારું કોણ સાચું રે. ॥૨॥

વિશ્વાસે વ્હાલાં કીધાં, પ્યાલા ઝેરનાં પીધા;
પ્રભુને વિસારી દીધા રે, સંસારીઆમાં.
સગું તારું કોણ સાચું રે. ॥૩॥

મનગમતામાં મહાલ્યો, ચોરને મારગ ચાલ્યો,
પાપીઓનો સંગ ઝાલ્યો રે, સંસારીઆમાં.
સગું તારું કોણ સાચું રે. ॥૪॥

મુખે બોલ્યો મીઠી વાણી, ધન કીધું ધૂળધાણી;
જીતી બાજી ગયો હારી રે, સંસારીઆમાં.
સગું તારું કોણ સાચું રે. ॥૫॥

ઘરને ધંધે ઘેરી લીધો. કામિનીએ વશ કીધો;
ઋષભદાસ કહે દગો દીધો રે, સંસારીઆમાં.
સગું તારું કોણ સાચું રે. ॥૬॥

* પ્રસિદ્ધ કવિ શ્રાવક ઋષભદાસ કૃત સજ્ઝાય

P. P. Ac. Gunratansuriji M.S.                                    Jin Gun Aaradhak Trust

સંસારમાં સહુ કોઈ પોતપોતાના સ્વાર્થમાં રમે છે, જગતમાં કોઈ કોઇનું સગું નથી. સ્વાર્થ વિનાના સગા જો કોઈ હોય તો નિષ્કારણ બંધુ સમાન એક પૂજ્ય ગુરુ ભગવંત જ છે.

હે આત્મન્ ! આ ઉકરડા જેવા સંસારમાં સુગંધની તો આશા કયાંથી હોય ! પરમ જ્ઞાની ભગવંતનું વચન છે, 'બંધ સમય ચિત્ત ચેતીયે રે, ઉદયે શો સંતાપ.' જેવા જેવા પ્રકારનો કર્મોદય પ્રાપ્ત થાય, તેવું બન્યા જ કરે, અશુભ કર્મ જ્યારે ઉદયમાં આવે તે ભોગવવાં આકરાં લાગે ત્યારે ચિંતા કરવી તે મૂર્ખ મનુષ્યનું કામ છે. કર્મના ઉદય વખતે સમભાવ રાખી સહન કરે અને નવ અશુભ કર્મ ન બંધાય તેમાં સાવધાન રહે તો જ સાચું કલ્યાણ સાધી શકે. એ જ સાચો પુરુષાર્થ છે.

આવા સમયે મૌન રાખી સર્વ જોયા કરવું, એમ તેણે નિશ્ચય કર્યો, અને આમાં પોતાના કર્મની વિચિત્રતા છે, તે વિચારી શાંતિ ધારણ કરી રહ્યો છે.

કલ્યાણકામી ગુણસાર શેઠ આમ વિચારતો મૌનપણે ભૂખ્યો તરસ્યો છતાં ત્યાં જ ઘરના આંગણામાં બેસી રહ્યો.



P. P. Ac. Gunratansuriji M.S. Jin Gun Aaradhak Trust

પોતાવી આગતાસ્વાગતા તો દૂર રહી, પણ કોઈએ તેને ખાવાપીવાનો ભાવ પણ પૂછયો નહિ.

જ્યારે સાંજના રસોઈ તૈયાર થઈ એટલે દુકાનેથી પોતાના સસરા જમવા માટે ઘેર આવ્યા. જમાઈરાજને ઘેર આંગણાંમાં બેઠેલા જોઈ જમવાનો તેમણે વ્યવહાર કર્યો અને કહ્યું, 'ચાલો જમવા.' આથી ગુણસાર જમવા ઊઠયો. સસરો અને જમાઇ બન્ને સાથે જમ્યા. સસરો તુરત જ પાછો દુકાને ગયો. અને શ્રેષ્ઠી જમાઈ તો જમીને ફરી પાછો તે જ ઠેકાણે આંગણામાં આવી બેસી ગયા. રાતના લગભગ પહોર રાત ગયે પોતાના સસરા દુકાનેથી ઘેર આવ્યા. ઘડીભર તો સૂનમૂન મૌન બેસી રહ્યા, પણ અંતે સસરાનું હૃદય ઝાલ્યું ન રહ્યું, ત્યારે પૂછયું, 'કેમ જમાઈરાજ ! આપનું અહીં શા કારણે આવવું થયું છે?'

'આપને મળવા માટે.' જમાઇએ કહ્યું.

'અહીં કેટલા દિવસ રહેવાના છો?'

શ્રેષ્ઠીએ કહ્યું, 'અહીં વધારે રહેવું પાલવે તેમ નથી, એટલે આવતી કાલે સવારે જ જવું છે.'

સસરાએ કહ્યું, 'જો સવારમાં જ જવાનું હોય તો

વહેલાં ઊઠીને જજો, કારણ કે હાલમાં ઉનાળો હોવાથી સવારથી જ ગરમી ખૂબ પડવા માંડે છે. જો મોડું કરશો તો તાપથી તમે દુઃખી થશો, માટે વહેલા નીકળવું તે વધારે સારું છે.'

'આપનું કહેવું બરાબર છે.' જમાઇએ કહ્યું.

'અમારી પુત્રીને કુશળક્ષેમના સમાચાર પૂછજો.' સસરાએ કહ્યું.

'સારું.' જમાઈએ જણાવ્યું.

આ પ્રમાણે વાત કરીને સસરા પોતાના શયનગૃહમાં ચાલ્યા ગયા અને ગુણસારને એક ફાટેલું ગોદડું આપ્યું, જેના ઉપર તે સૂતો સૂતો વિચાર કરે છે, "સ્ત્રીની પ્રેરણાથી મેં અહીં આવીને મારી મહત્તા ઘટાડી છે, માટે અહીંથી તો વહેલા નીકળી જવું તે જ કલ્યાણકારી છે." આમ અનેક સંકલ્પવિકલ્પોથી રાત્રિ પૂરી કરીને, સવારમાં વહેલા શ્રી નમસ્કાર મહામંત્રનું ધ્યાન કરવાપૂર્વક ઊઠીને, નિત્ય ક્રિયાથી પરવારી પ્રયાણ કરતાં પહેલાં તે બોલ્યો 'ઘરમાં કોઈ જાગે છે? અત્યારે કોઈ જાગતું હશે.' તેણે જવાબ વાળ્યો, 'કેમ શું છે?' 'હું જાઉં છું.' ગુણસારે કહ્યું. 'બહુ સારું, પધારો' એ શબ્દો સાંભળી પોતાના સસરાના ઘરેથી સવારે પોતાના ઘર તરફ જવા નીકળ્યો.

P. P. Ac. Gunratansuriji M.S. Jin Gun Aaradhak Trust

આજે શ્રેષ્ઠીને ઉપવાસ હોવાથી ખાવા–પીવાની તો ચિંતા હતી જ નહિ. હવે આગળ ચાલતાં રસ્તામાં જયાં સૂર્યોદય થયો, ત્યાં સર્વ મંત્રોમાં શિરોમણિ પંચપરમેષ્ઠિ નમસ્કાર મહામંત્રનું સ્મરણ કરી તેણે ઉપવાસનું પંચ્ચખ્ખાણ કર્યું, ત્યાર બાદ ચૌદ નિયમ ધારી શ્રી જિનેશ્વર ભગવંતની સ્તવના કરતો ગુણસાર શ્રેષ્ઠી ચાલ્યો અને ચાલતાં ચાલતાં અનુક્રમે પહેલાં જે જગ્યાએ તેણે પૂજ્ય સાધુમહારાજને સુપાત્ર દાન આપ્યું હતું, તે સ્થળે તે આવી પહોંચ્યો.

## ૫

શ્રેષ્ઠીને હજુ સામે ગામ પહોંચવું છે, તે ગામ થોડે દૂર છે. છતાં ઉનાળાની ઋતુનો તાપ સહન ન થવાથી તે નદીકિનારે વૃક્ષની છાયામાં વિસામો લેવા બેઠો, ત્યાં એકદમ શ્રેષ્ઠીને ઉત્તમોત્તમ વિચાર આવ્યો, "અહો ! આ મહા કલ્યાણકારી ભૂમિ છે. અહીં મેં ગઈ કાલે જ મોક્ષના કારણભૂત પૂ. મુનિરાજને સુપાત્ર દાન આપ્યું હતું. આવો સુંદર અવસર ફરી કયારે મળશે ? ઉનાળાની ગરમીથી

P. P. Ac. Gunratansuriji M.S. Jin Gun Aaradhak Trust

પીડાયેલા અને તૃષાતુર થયેલા મુસાફરને જેમ માનસરોવર જેવું જળથી પરિપૂર્ણ તળાવ મળે તેમ મને અહીં પૂજ્ય સાધુ ભગવંતનો મેળાપ થયો હતો આમ કદી નહિ અનુભવેલો.' હર્ષ ઉલ્લાસથી, વારેવારે રોમાંચિત થતો શ્રેષ્ઠી ગુણસાર પોતાના સસરા તરફથી થયેલ માનહાનિ વગેરેનાં દુઃખને પણ ભૂલી ગયો. તે વિચારવા લાગ્યો કે, "ખરેખર, સુભાગી નારી! (મારી સ્ત્રી) નો મોટો ઉપકાર માનવો જોઈએ, કારણ કે આવી દરિદ્ર અવસ્થામાં સમસ્ત ગુણ હણનાર જે પાપ, એવા પાપનુ શોધન—નાશ કરનાર, આવા ઘોર જંગલમાં અહીં મારા વડે મુનિદાન—સુપાત્ર દાન દેવાયું."

આ પ્રમાણે થોડીવાર તે સત્કાર્યની અનુમોદના કર હતો, તેવામાં શ્રેષ્ઠીને મનમાં એક બીજો જ વિચાર ઉદ્ભવ્યો, "અહીં આવતાં અને ઘેર પાછો જતાં મને ચાર દિવસ થયા છે. ઘેર એકાદ અડધા રૂપિયાનું દેવું પણ થયું હશે, તો તે દેવું હું કઈ રીતે આપી શકીશ?"

તે જ્યારે ખૂબ વિચાર કરે છે, ત્યારે તેને એક વિચાર સૂઝયો, 'છેવટે કાંઈ નહિ તો આ નદીમાં પડેલા પચરંગી, દેખાવમાં સુંદર, વળી ગોળમટોળ અને ઘસાવાથી સુંદર ચળકાટવાળા નાના મોટા પથ્થરો પડયા છે, તેને

P. P. Ac. Gunratansuriji M.S. Jin Gun Aaradhak Trust

ઘેર લઈ જાઉં અને તેમાંના કેટલાક કોઇ વ્યાપારી તોળવા માટે કે શેર–બશેર કરવા માટે લઈ લેશે કદાચ, કોઈ તે નહિ લે, તો આ સ્થળે આપેલા મુનિદાન–સુપાત્ર દાનનું સ્મરણ કરાવનાર તો જરૂર થશે.'

આ પ્રમાણે વિચારીને ગુણસાર શ્રેષ્ઠીએ પોતાનાથી ઉપાડી શકાય તેટલા પથ્થરાઓ પોતાની પાસે રહેલા ભાતાની કોથળીમાં વીણી વીણીને ભર્યા. ને કોથળીનું મોં બાંધીને આગળ ચાલ્યો, ચાલતાં ચાલતાં સંધ્યાનો સમય થવા આવ્યો, એટલે પહેલાં જતી વખતે જે ગામમાં તે રાતવાસો રહેલ, તે ગામમાં જ તેણે રાત્રિ વિતાવી, પ્રભાતમાં ઊઠીને શ્રાવક યોગ્ય ક્રિયા ઉલ્લાસથી કરી, પછી તેણે પોતાના ગામ ભણી આગળ ચાલવા માંડયું, પોતાની સાથે કંઈ ભાતુ હતું નહિ એટલે ખાય શું? તેને ભૂખ-તરસ તો કકડીને લાગી હતી, પણ થાય શું! ગમે તેમ તેને ઘેર પહોંચ્યા સિવાય છૂટકો ન હતો.

ભૂખ–તરસને સહન કરતો કરતો તે સાંજના પોતાના ગામની ભાગોળે આવી પહોંચ્યો.

એ કહેવાની ભાગ્યે જ જરૂર પડશે કે ગુણસારની સ્ત્રીએ સવારથી આશાના અનેક હવાઈ મહેલો ચણ્યા

P. P. Ac. Gunratansuriji M.S. Jin Gun Aaradhak Trust

હતા તે વારંવાર બારણામાં આવીને પોતાના પતિદેવના આગમનની રાહ જોતી ઊભી રહેતી. તે ભોળી અબળા તો મનમાં એમ જ માનતી હતી, 'મારા પિતાજીનો મારા ઉપર અપૂર્વ સ્નેહ હતો, એટલે તે મારા પતિદેવને અઢળક ધન આપશે, અને અમારું હંમેશાનું દુઃખ દૂર કરશે.' આમ અનેક અભિલાષાઓ તે સેવ્યા કરતી, મધ્યાહ્ન સુધી રાહ જોઈને રહી, છતાં શ્રેષ્ઠી તો ન જ આવ્યો.

આ બાજુ સૂર્યનારાયણ પણ પશ્ચિમ દિશા તરફ પોતાનો રથ ઉતાવળે હંકારી રહ્યા હતા. અર્થાત્ સંધ્ય સમયને એક જ પહોર બાકી હતો.

અચાનક સ્ત્રીની દૃષ્ટિ કોથળી લઈને આવતા પોતાના પતિદેવ ઉપર પડી, તે સાથે જ સ્ત્રીના હૃદયમાં હર્ષનો સાગર હિલોળે ચઢયો.

'અહો ! મારા સ્વામીનાથ ધનનું પોટલું લઈને આવ્યા તો ખરા, મારા માતા-પિતાએ કેટલું બધું ધન આપ્યું છે, જે ધન તેમનાથી ઉપાડી પણ શકાતું નથી.' આમ વિચરાતી તેણે થોડે દૂર સુધી પોતાના સ્વામીનાથની સન્મુખ જઈ તેમની પાસેથી તે પોટલું ઉપાડી લીધું.

P. P. Ac. Gunratansuriji M.S. Jin Gun Aaradhak Trust



(સ્ત્રીની દૃષ્ટિ પોટલી લઈને આવતા પોતાના પતિદેવ ઉપર પડી.)

પોટલી સામે તે જોતી જાય છે અને મનમાં વિચારે છે, 'માતાપિતાએ કેટલું બધુ ધન આપ્યું!' પરન્તુ સ્ત્રીને કયાં ખબર છે કે ગુણસારના ત્યાં શું હાલ થયા છે, અને ગુણસાર તેમાં શું ભરી લાવ્યો છે અને કયાંથી ભરી લાવ્યો છે? પોટલી ભારે લાગવાથી તે પોતાના પતિને કહેવા લાગી, 'હે સ્વામીનાથ! કોથળીમાં આટલો બધો ભાર છે તો કોઈ મજૂર પાસે તે ઉપડાવી લાવવી હતી ને? મારા માતા-પિતાએ આટલું બધું ધન આપ્યું છે, તો પછી તમારે લોભ કરવાનું શું કારણ? હું તમને કહેતી હતી કે મારા માતા-પિતાને ત્યાં જલદીથી જાઓ તો આપણું દુઃખ દૂર થશે, પણ તમો માન્યા નહિ

અને આટલા દિવસો નકામાં દુઃખમાં ગાળવા પડયા, જે થયું તે ખરું !'

પોતાની સ્ત્રીની આ હકીકત સાંભળીને ગુણસાર કાંઈ પણ ન બોલ્યો. તે સમજતો હતો, 'અત્યારે બોલવામાં મજા નથી. જો તેને હું સાચી વાત કહીશ તો સ્ત્રી જરૂર હતાશ થઈ જશે. માટે ભોજન કર્યા પછી સર્વ હકીકત કહીશ.'

આ બાજુ તેની સ્ત્રી ખૂબ હર્ષમાં આવી જવાથી કોથળીને પેટીમાં મૂકીને, પોતાના પતિને સારી રીતે જમાડવા મોદીને ત્યાં વસ્તુ લેવા ગઈ. તેણીએ મોદીને કહ્યું "મારા સ્વામીનાથ મારા પિયર જઈને ઘણું ધન લઈ આવ્યા છે, માટે સારી રસોઈની સામગ્રી આપો અને તેના જે પૈસા થશે તે આવતી કાલે હું ચૂકવી આપીશ."

સ્ત્રીએ મોદીને ત્યાંથી દરેક વસ્તુ લાવીને ભોજનની સામગ્રી જલદી તૈયાર કરી. ગુણસાર પણ સ્નાનાદિથી પરવારી ભોજન કરવા બેઠો.

卐

P. P. Ac. Gunratansuriji M.S. Jin Gun Aaradhak Trust

## ૬

અતિશય હર્ષપૂર્વક રાજી રાજી થતી સ્ત્રીએ શ્રેષ્ઠીને જમવા બેસાડી ભોજનસામગ્રી પીરસી કહ્યું, "સ્વામીનાથ! હવે તમે સુખેથી જમો અને હું મારા માતા–પિતાએ શું શું આપ્યું છે તે જોઉં."

સ્ત્રીના શબ્દો સાંભળી શ્રેષ્ઠીએ મનમાં વિચાર કર્યો, 'કોથળીમાં પથ્થરા જોતાં જ સ્ત્રી એકદમ નિરાશ થઈ જશે અને સાથે સાથે મારું ભોજન પણ નીરસ બની જશે.' એટલે તેણે કહ્યું, "પ્રિયા! હમણાં તો તું પણ ભોજન કરી લે. જમ્યા પછી હું તને જે છે તે બધું જ દેખાડીશ."

સ્ત્રીએ કહ્યું, "પણ મને ભૂખ લાગી નથી, માટે હું તો પહેલાં જોઈને પછી જ જમીશ."

"થોડું ઘણું જમી લે, જોવાની શી ઉતાવળ છે?" શ્રેષ્ઠીએ જણાવ્યું.

P. P. Ac. Gunratansuriji M.S. Jin Gun Aaradhak Trust



( ગુણસાર શ્રેષ્ઠી જમવા બેઠા છે. )

સ્ત્રીએ કહ્યું, "હું જોઈને પછી જ જમીશ."

"જોવાનું પછી રાખ તો ઠીક." શ્રેષ્ઠીએ કહ્યું.

ગુણસાર શ્રેષ્ઠીએ વારંવાર ના પાડવા છતાં 'સ્ત્રી–હઠ'ને તેઓ અટકાવી શક્યા નહિ, કેમ કે–સ્ત્રીહઠ દુઃખે કરી નિવારણ કરી શકાય તેવી હોય છે.

સ્ત્રીએ ગુણસારના વચનને ગુણકાર્યું નહિ અને ઓરડામાં જઈ તે પેટી ઉઘાડી, કોથળી બહાર કાઢી જોવા બેઠી.

P. P. Ac. Gunratansuriji M.S. Jin Gun Aaradhak Trust

હવે શ્રેષ્ઠીના મનમાં ' આ ભોળી અબળા હમણાં જ મુખ મરડતી મારી પાસે ફરિયાદ કરતી આવશે ' તેની ચિંતા થવા લાગી.

પરન્તુ ભાગ્યની કોઈ અજબ લીલા છે. સ્ત્રી કોથળીનું મોઢું છોડીને જ્યાં પથ્થરો કાઢી જુએ જે, ત્યાં તો આશ્ચર્ય પમાડે તેવાં અને સર્વ દિશાઓને પોતાના તેજથી ઝળહળાવી મૂકે એવાં મહામૂલ્યવાળાં રત્નો જોયાં.



(સ્ત્રી, પેટી ઉઘાડી કોથળી બહાર કાઢી તે છોડી જોવા બેઠી.)

P. P. Ac. Gunratansuriji M.S. Jin Gun Aaradhak Trust

તે જોઈને તે તો આશ્ચર્યચકિત થઈ ગઈ અને હર્ષઘેલી બની ગઈ. પછી પોતાના પતિને કહેવા લાગી, "હે સ્વામીનાથ! જુઓ! જુઓ! શું મારા પિતાની ઉદારતા! મેં તો પહેલાં જ તમને કહ્યું હતું, તને જાઓ. તમારા જવાની જ વાર હતી. તમારે તો ત્યાં ગયા પછી કાંઈ માંગવું પણ નહિ જ પડયું હોય, કેમ ખરું ને? જે દિવસે તમે ત્યાં પહોંચ્યા. તે જ દિવસે મારાં માતા–પિતાએ હીરા માણેક આદિ રત્નો કોથળીમાં ભરી દીધાં હોય એમ લાગે છે, નહિ તો આટલા જલદી પાછા તમે શી રીતે આવી શકો?"

ભાર્યાનું બોલવું સાંભળીને શ્રેષ્ઠી ગુણસારે ભોજન કરતાં કરતાં વિચાર્યું, 'આ ભોળી અબળા રત્ન અને પાષાણના ભેદને શું સમજે? મેં મારા સગા હાથે પથ્થરાએ ભર્યા છે, તે કયાંથી હીરા–રત્નો હોય? પચરંગી જુદા જુદા રંગના સુંદર પથ્થરાઓ જોઈને, અજ્ઞાનથી તેમાં તેને રત્નોનો ભ્રમ થયો લાગે છે.'

સ્ત્રી તો પેટ ભરીને પોતાના માતા–પિતાનાં વખાણ કરવા લાગી. અને પોતાના પતિને ઉપાલંભ આપી રહી છે. આથી ગુણવારે પોતાની સ્ત્રીને કહ્યું, 'તારાં માતા–પિતાએ શું શું આપ્યું છે તે બધું જ હું જણાવીશ,

પણ હમણાં તો તું મૌન રહે. જમી રહ્યા બાદ તને કહીશ, નકામી શા માટે ફુલાઈ જાય છે?'

શ્રેષ્ઠીની આ વાત સાંભળીને સ્ત્રી કહેવા લાગી, "સ્વામીનાથ, તમે નિષ્ઠુર મનના થયા લાગો છો! આટલું બધું ધન આપવા છતાં પણ તમે મારા–પિતાનો ઉપકાર સરખોય માનતાં નથી!" વળી થોડી વાર પછી તેણે પોતાના સ્વામી પ્રત્યે ફરીથી કહેવા લાગી, "હે સ્વામી! આવા મહામૂલ્યવાળાં રત્નો, મારા માતા–પિતાએ તમને વગર માગ્યે આપ્યાં, તોય તમે કહો છો, 'તારાં માબાપે શું આપ્યું છે એ તો મારું મન જાણે છે,' પરંતુ તેમણે તો તમોને એટલું બધું ધન આપ્યું જે કોઈ મહારાજા પ્રસન્ન થયા હોય તો પણ તેટલું ધન ન આપે, છતાં તમે આજે આમ આડું કેમ બોલો છો? એની મને કાંઈ સમજણ પડતી નથી."

"તને સમજણ ક્યાંથી પડે? તું તારાં માતા–પિતાને જ જુએ છે." શ્રેષ્ઠીએ જણાવ્યું.

સ્ત્રીએ કહ્યું, "તમો તો લોક કહેવતને સાચી ઠરાવતાં લાગો છો, 'જમાઈ અને જમરાજને કદી પણ સંતોષ હોતો જ નથી.' જુઓ! જુઓ! રત્નોના પ્રકાશથી તો આખો ઓરડો ઝગમગાટ થઈ ગયો છે."

P. P. Ac. Gunratansuriji M.S.　　　　Jin Gun Aaradhak Trust

સ્ત્રીના આટલું કહેવા છતાં પણ શ્રેષ્ઠીના મનમાં કાંઈ જ અસર થઈ નહિ, વારંવાર બોલવાથી શ્રેષ્ઠી સહજ રોષે ભરાઈને સ્ત્રી પ્રત્યે કહેવા લાગ્યો,

"અરે, ભોળી! નાહક શા માટે કુલાઈ જાય છે? કયાં છે તારા માતા-પિતાએ આપેલાં રત્નો? કોથળી અહીં લાવ જોઉં, અને તારી પિતાની ઉદારતા બતાવું."

સ્ત્રીએ કહ્યું, "અહીં ઓરડામાં તો આવો, ખોટી બૂમો શા માટે પાડો છો!"

"તું જ અહીં કોથળી લાવને!" શ્રેષ્ઠીએ કહ્યું.

ગુણસાર શ્રેષ્ઠી જલદી ઓરડામાં ગયો નહિ, તેથ સ્ત્રી ઊઠીને પોતાના પતિનો હાથ પકડી તેમને રત્ન બતાવવા ઓરડામાં ખેંચીને લઈ ગઈ.

શ્રેષ્ઠીની ભાર્યા પ્રસંગ પામીને હર્ષનાં આવેગમાં શ્રેષ્ઠીને કહેવા લાગી, "જુઓ! જુઓ! હવે કહો જોઉં. આપણા બેમાં ખોટું કોણ છે?"

ગુણસાર શ્રેષ્ઠી તો મહા તેજસ્વી રત્નો જોઈ આશ્ચર્ય-ચકિત થઇને મનમાં વિચારવા લાગ્યો, 'અહો! આ શું? અત્યાર સુધી નહિ જોયેલાં એવાં આ અપૂર્વ રત્નો કયાંથી? આ તે શું હું સ્વપ્ન જોઉં છું કે સત્ય? મેં તો નદી-

P. P. Ac. Gunratansuriji M.S.　　Jin Gun Aaradhak Trust

માંથી કોથળીમાં પથ્થરાઓ વીણી વીણીને ભર્યા હતા અને આ તો મહા તેજસ્વી ઉત્તમ પ્રકારનાં રત્નો દેખાય છે.'

આ પ્રમાણે જોઈને શ્રેષ્ઠીના પોતાના મનમાં ઘણા વિચારો આવ્યા, પણ હર્ષમાં ને હર્ષમાં બધું જ ભૂલી ગયો. ધીરે ધીરે ખૂબ વિચારણાને અન્તે, શ્રેષ્ઠીને પોતે આપેલ સાધુદાનનું સ્મરણ થઈ આવ્યું અને તે નિશ્ચય કરીને બોલ્યો, 'હા! હા! મેં જાણ્યું. આ તો પથ્થરાઓ રત્ન રૂપે થયા લાગે છે. આ સર્વ મુનિદાનના પ્રભાવ સિવાય બીજું કાંઈ લાગતું નથી." વાત પણ સાચી હતી. મુનિદાનના પ્રભાવે આ બનવા પામ્યું હતું.

ગુણસાર શ્રેષ્ઠી પોતાની સ્ત્રીને કહેવા લાગ્યો, "હે પ્રિય! આ કોઈ મારો કે તારા માતા-પિતાનો મહિમા નથી, અથવા બીજા કોઈનો ય મહિમા નથી, પણ ગુરુ-દેવને આપેલા સુપાત્રદાનનો આ પ્રભાવ છે.'

ગુણસાર શ્રેષ્ઠીની પત્નીએ પૂછ્યું, "શું આ હીરા-માણેક મારાં માતા-પિતાએ નથી આપ્યાં?"

"ના." શ્રેષ્ઠીએ કહ્યું.

"તો ક્યાંથી લાવ્યા?" સ્ત્રીએ પૂછયું.

"એ સંબંધી સત્ય ઘટના તો કોઈ જુદી જ છે." શ્રેષ્ઠીએ કહ્યું.

P. P. Ac. Gunratansuriji M.S. Jin Gun Aaradhak Trust

"એમ કહીને મને શા માટે બનાવો છો ? જે સાચું હોય તે કહો ને?" સ્ત્રીએ પૂછ્યું.

"સાચું કહું છું, તારા માતા-પિતાએ આમાંનું કશું જ આપ્યું નથી. પણ સુપાત્રદાનના મહિમાથી જ આ બધું મળ્યું છે." શ્રેષ્ઠીએ કહ્યું.

"તો એ કેવી રીતે?" સ્ત્રીએ પૂછ્યું.

"એ સત્ય ઘટના કહેવામાં કાંઇ સાર નથી." શ્રેષ્ઠીએ જણાવ્યું.

"ભલે સાર હોય કે ન હોય પણ મને કહો." સ્ત્રીએ આગ્રહ કર્યો.

"હું તને ફરીથી આગ્રહ છોડી દેવા કહું છું બન્યું છે તે મારા અને તારાં શુભ કર્મના ઉદયથી બન્યું છે. એટલામાં સમજી જા." શ્રેષ્ઠીએ કહ્યું. "જો તારે સાંભળવું જ છે, તો જે ઘટના બની ગઈ છે તે તને સંભળાવું, હું અહીંથી તારા માતા પિતાને ઘેર ગયો, પણ મારો ત્યાં કોઇએ ભાવ પણ પૂછયો નહિ. સૌ સ્વાર્થનાં સગાં છે એમ ત્યાં જવાથી મને માલૂમ પડયું. મને માલ મિલકત આપવાની વાત તો એક બાજુ રહી. પણ મારા માટે આગતા-સ્વાગતાના શબ્દ પણ ભાવથી ઉચ્ચાર્યા



P. P. Ac. Gunratansuriji M.S. Jin Gun Aaradhak Trust

નથી કે ખાવાપીવાને તેમજ બેસવા-ઉઠવાને ભાવ પણ કોઈએ પુરે પૂછયો નથી. પછી બીજી વાત શું કરું !"

"તો આ હીરા-માણેક કયાંથી લાવ્યા !" સ્ત્રીએ પૂછયું.

"એ તો તારાં માતા-પિતાના ઘેરથી પાછા ફરતાં, નદીના તટે જે પથ્થરાઓ પડયા હતા તે વીણી લઈને કોથળીમાં નાખ્યા હતા. કારણ કે હું ચાર દિવસે ઘેર જાઉં છું, તો ઘેર દેવું થયું હશે. આથી વેપારીને જોખવા કરવા માટે આ પથ્થરાઓ ઉપયોગમાં આવશે અને એના બદલામાં વેપારી કાંઈક આપશે જો વેપારી તે નહિ જ લે તો ઘરમાં સુપાત્ર દાનનાં સ્મરણ ચિહ્ન તરીકે રહેશે· આમ વિચારીને મેં પથ્થરાઓ વીણીને કોથળીમાં ભર્યા હતા."

"પણ આ તો પથ્થરાઓ કયાં છે!" સ્ત્રીએ આશ્ચર્ય સાથે જણાવ્યું.

"બરાબર પથ્થરાઓ નથી, પરંતુ અહીંથી જતી વખતે નદીના તટે, તેં જે ભાતું બનાવી આપેલું તેમાંથી મુનિ-રાજને મેં ભક્તિભાવથી વહોરવ્યું હતું અને મારા આત્માને ધન્ય બનાવ્યો હતો. વળતી વખતે એ જ જગ્યાએથી

P. P. Ac. Gunratansuriji M.S.                                    Jin Gun Aaradhak Trust

પથ્થરાઓ વીણીને મેં કોથળીમાં ભર્યા. મુનિને હૃદયના ઉલ્લાસથી જે દાન આપ્યું તેના પ્રભાવથી પથ્થરા રત્નોરૂપે બન્યા હોય એમ નક્કી લાગે છે."

ગુણસાર શ્રેષ્ઠીએ પોતાની સ્ત્રીને આ સત્ય ઘટના કહ્યા પછી, સ્ત્રીને પોતાના માતા-પિતા ઉપર અણગમો પેદા થયો અને કહ્યું, "ત્યારે તમને મારાં માતા-પિતાએ કાંઈ જ ન આપ્યું !"

ગુણસાર શ્રેષ્ઠીએ ગંભીરતાપૂર્વક જવાબ વાળ્યો, "મને કાંઈ ન આપ્યું તેમાં આપણાં કર્મનો દોષ છે. તારા માતા-પિતાનો કાંઈ દોષ નથી. કર્યાં કર્મો પોતાને જ ભોગવવાનાં હોય છે. બીજાં તો નિમિત્ત માત્ર જ હો છે. એટલે એમાં ગભરાવવાનું મૂંઝાવાનું, આશ્ચર્ય પાર વાનું કે ઓછું લગાડવાનું કાંઈ કારણ નથી.

પુણ્ય-પાપના ઉદયથી સુખ-દુઃખ મળે છે એમાં કોઈને દોષ દેવો એ સમજુ અને વિવેકી માણસનું કામ નથી. પૂર્વના પાપ દૂર થતાં અને પુણ્યનો ઉદય થતાં ફરીથી સારી સ્થિતિ આપણને આજે પ્રાપ્ત થઇ છે.

હે પ્રિયા ! જે દિવસે ઉપવાસનાં પારણાં વખતે પૂજ્ય

P. P. Ac. Gunratansuriji M.S. Jin Gun Aaradhak Trust

મુનિ ભગવંતનાં દર્શન થતાં મને જેવો ભાવોલ્લાસ થયો હતો અને મુનિને દાન દેવાની જેવી ઉત્કંઠા થઈ આવી હતી, તેવો ભાવોલ્લાસ અને તેવી ઉત્તમ ઉત્કંઠા મેં પહેલાં કદી પણ નહિ અનુભવેલી, જે મેં તે દિવસે અનુભવી હતી.

મારા આખા જીવનમાં પહેલાં મને ઘણાય સુપાત્રદાન વગેરેના નિમિત્તો-પ્રસંગો મળવા છતાં કદી પણ આવો ભાવનો અનુભવ થયો ન હતો. હે પ્રિયા! એ ઉત્તમ ઘડીની તો વાત શું કહું? તે સમયનો સુંદર ભાવોલ્લાસ મારો પોતાનો આત્મા જ જાણે અગર કેવળી ભગવંત જાણે.

તે શુભ પ્રસંગ તો મારાથી જીવનભર કદી પણ નહિ ભૂલાય, જો તેવો અપૂર્વ ભાવોલ્લાસ આ જીવનમાં બે-ત્રણ વાર આવી જાય, તો મોક્ષપ્રાપ્તિ પણ દુર્લભ ન રહે, અર્થાત્ સુલભ થઈ જાય. તેવી મારી વારંવાર ઇચ્છા રહ્યા કરે છે. તેવો અપુર્વ દિવસ ફરી ક્યારે આવશે?"

P. P. Ac. Gunratansuriji M.S.                    Jin Gun Aaradhak Trust

## ૭

પોતાનાં પતિનાં ઉપદેશગર્ભિત આ પ્રકારનાં સુંદર વચનો સાંભળી ગુણસાર શ્રેષ્ઠીની ધર્મશીલ ભાર્યાને અત્યંત આનંદ થયો અને પ્રત્યક્ષ લાભ પામીને શુદ્ધ-જૈન ધર્મ ઉપર વિશેષ અનુરાગવાળી થઈ. અર્થાત્ ધર્મમાં વધારે દઢ બની.

દરિદ્ર અવસ્થામાં પણ ગુણસાર શ્રેષ્ઠીએ થોડામાંથી પણ થોડું આપવાની વૃત્તિથી મુનિને જે ભાવોલ્લાસથી વિવેકપૂર્વક વહોરાવી દીધું, એ ભાવોલ્લાસ પુણ્યબળથી અઢળક લક્ષ્મી ગુણસાર શ્રેષ્ઠીને અચાનક આવી મળી, અર્થાત્ પથ્થરાઓ રત્નરૂપે થઈ ગયા.

ગુણસાર શ્રેષ્ઠીએ આ સુપાત્રદાન લક્ષ્મીના લોભે આપ્યું ન હતું. પણ હૃદયમાં વસેલા ધર્મરાગથી તે આપ્યુ હતું.

બદલાની ખાતર અપાતું સુપાત્રદાન કે કરાતી અન્ય ધાર્મિક ક્રિયાઓ જોઈએ તેવી ફળતી નથી, એ વાત સૌ

P. P. Ac. Gunratansuriji M.S. Jin Gun Aaradhak Trust

કોઇને વિદિત થાઓ. અર્થાત્ સમજીને વર્તનમાં મૂકનારા બનો.

દંપતી–શેઠ–શેઠાણી બંનેય વિચાર કરવા લાગ્યાં, "ફરીથી આપણા પુણ્યોદયે આ જીવનમાં જ મહામૂલાં રત્નો પ્રાપ્ત થયાં છે."

શાસ્ત્રમાં પણ કહ્યું છે કે—

સંપત્તૌ નિયમઃ શક્તૌ સહનં યૌવને વ્રતમ્ ।
દારિદ્રે દાનમપ્યલ્પં મહા લાભાય જાયતે ॥

અર્થાત્—(૧) ધનવાન અવસ્થામાં નિયમ લેવો, (૨) શક્તિ હોવા છતાં સહનશીલ બનવું, (૩) યૌવન અવસ્થામાં વ્રતનું પાલન કરવું, અને (૪) દારિદ્ર અવસ્થામાં દાન દેવું, આ ચારેય વસ્તુ થોડા પ્રમાણમાં કરવામાં આવેલી હોવા છતાં પણ મહાત લાભ આપનારી બને છે.

"હે પ્રિયા! શાસ્ત્રમાં કહેલ આ વાત આજે આપણે પ્રયત્ક્ષ અનુભવી છે, કારણ કે દરિદ્ર અવસ્થામાં મેં જે અલ્પ નહિ જેવું દાન સુપાત્રને આપ્યું, તેના જ પ્રભાવે આ અઢળક લક્ષ્મી આપણે ઘેર આવી છે." શ્રેષ્ઠીએ કહ્યું.

P. P. Ac. Gunratansuriji M.S.                    Jin Gun Aaradhak Trust

સ્ત્રીએ પોતાના પતિને કહ્યું, "હે સ્વામીનાથ ! તમે રોજ રોજ કહેતા હતા, આત્માએ સંતોષ રાખવો, અને જે સુખ-દુઃખ આવી પડે તેને સમભાવથી સહેવું; ખરેખર એ સત્ય હકીક્ત છે. આજે એ મને સમજાય છે. અને તે હું પ્રત્યક્ષ જોઈ શકું છું."

શ્રેષ્ઠીએ કહ્યું; "હે પ્રિયા ! ધર્મનો સદા જય છે અને અધર્મ-પાપનો ક્ષય છે.

આ નક્કર સત્ય ભૂત, ભવિષ્ય અને વર્તમાન એમ ત્રણેય કાળમાં અટલ નિયમ તરીકે રહેવાનું જ. જેના જીવનમાં ધર્મ એકમેક થયો છે, તે સુખી કે દુઃખી અવસ્થામાં કદીય ગભરાતો નથી. એ તો સુખમાં પણ ધર્મ કરે છે અને દુઃખમાં પણ ધર્મ કરે છે. એટલી વાત નક્કી છે, ધર્મ માનવીને દુઃખી થવા દેતો નથી, માટે આપણી ગરીબાઈનો નાશ કરનારા આ રત્નો રૂપી નિધાન પણ ધર્મથી જ મળ્યું છે, તેથી આપણે પહેલાની માફક પરોપકારાદિ ધર્મ કાર્યોમાં ધન ખર્ચીને મહા દુર્લભ એવું માનવજીવન સાર્થક કરવું."

આવો નિશ્ચય કરવાપૂર્વક મળેલાં રત્નોને વેચી શ્રેષ્ઠી, શ્રી જૈનશાસનની ઉન્નતિમાં હંમેશાં સદુપયોગ કરવા લાગ્યો

P. P. Ac. Gunratansuriji M.S.                    Jin Gun Aaradhak Trust

અને દીન-દુઃખી જનો પ્રત્યે હંમેશાં દયા-અનુકંપા દર્શાવતો ભાવપૂર્વક ચતુર્વિધ શ્રી સંઘની બહુ માનપૂર્વક ભક્તિ કરતો. સાંસારિક સુખોના ભોગવટામાં પણ સુખે તેઓ સમય પસાર કરવા લાગ્યા.

જેમ શુદ્ધ સુવર્ણ કસોટી અને અગ્નિમાં પસાર થઈ વિશેષ શોભાને પ્રાપ્ત કરે, તેમ ગુણસાર શ્રેષ્ઠી પણ દરિદ્રય રૂપ કસોટીમાં પસાર થઇને વિશેષ દીપવા લાગ્યો.

પૂ. ગુરુમહારાજના મુખ કમળથી આપણે ઘણી વાર સાંભળતાં આવ્યા છીએ, "જે મનુષ્ય જન્મ્યો છે, તેનું એક વખત મરણ નિશ્ચય થવાનું જ છે. આયુષ્ય હાથીના કાન જેવું ચંચલ છે આયુષ્ય રૂપ દોરી તૂટવાની એટલે કે-મરવાનાં અનેક કારણો આપણી સામે પડયાં છે કઈ ક્ષણે આ દેહ છોડી જીવ રૂપ મુસાફર-પંખી ચાલ્યો જશે, તેની કેવલજ્ઞાની ભગવંત વિના કોઇને ખબર નથી આમ છતાં પણ કેટલાક મહાનુભાવોને આપણે જયારે ધર્મકરણી કરવા પ્રેરણા કરીશું, ત્યારે તેઓ વાયદાઓ કરશે, એટલે કે-આઠમ, ચૌદશ અગર ચોમાસાંમાં અમો ધર્મક્રિયા કરીશું, હાલ ફુરસદ નથી વગેરે.

વળી કેટલાક મનુષ્યોને આપણે જોઇશું તો જણાશે,

P. P. Ac. Gunratansuriji M.S. Jin Gun Aaradhak Trust

તેઓ વર્ષોથી ધર્મને સેવવા છતાં તેમની ધર્મક્રિયામાં ભલીવાર દેખાતો નથી: (ધર્મક્રિયા નિષ્ફલ તો જ કહેવાય.) અર્થાત્ તેમાં કારણ તપાસીશું તો ખબર પડશે કે તેઓને ધર્મ ઉપર વિશિષ્ટ પ્રકારનો પ્રેમ હજુ કેળવાયો—જાગૃત થયો નથી. જો આ જીવનમાં ધર્મ મહાદુર્લભ મનાયો હોય, તો ધર્મક્રિયા માટે પ્રમાદ અગર વાયદો કેમ જ કરાય!

અનુક્રમે ગુણસાર શ્રેષ્ઠી પોતાના પ્રિયા સહિત નિરંતર શ્રી જિનધર્મની આરાધના કરતા—આ ભવ ને પરભવમાં હિતકારી ધર્મકાર્યો હંમેશાં વિશુદ્ધભાવે કરતાં અનુક્રમે સ્વર્ગનાં સુખોને પામ્યાં અને ત્યાંથી ક્રમે કરીને બીજે જન્મ ધારણ કરી મહાવિદેહ ક્ષેત્રમાં મોક્ષપદને પા પામશે.

અહીં આ વાત જરૂર ખ્યાલમાં રાખવાની છે, ગુણસાર શ્રેષ્ઠીએ કદી પણ ફલની આશાથી પ્રેરાઈને દાનપુણ્ય કે ધર્મકરણી કરી ન હતી, પણ નિષ્કપટભાવે કેવળ આત્મકલ્યાર્થે જ તે કર્યાં હતાં.

જ્યારે શુભ અનુષ્ઠાન વગેરે દાનાદિ સુકાર્યો પરંપરાએ મોક્ષપ્રાપ્તિ કરાવે, ઉપરાંત લક્ષ્મી વગેરે પૌદ્ગલિક

P. P. Ac. Gunratansuriji M.S. Jin Gun Aaradhak Trust

વસ્તુઓ આ ભવ પરભવ પણ ચરણમાં આવીને વાસ કરે તેમાં નવાઈ શી? પરંતુ સહુ કોઈ ઉત્તમોત્તમ યાદ રાખી લેજો. શ્રી વીતરાગ પરમાત્મા જેવા લોકોત્તર દેવાધિદેવને ઉપાસક–માનનારા એવા આપણને જૈનોને સાંસારિક માનતાઓ, આસ્થાઓ, વહેમો અગર બાધાઓથી દોરવાઈ જઈ અન્ય–જૈનેતર સાંસારિક વાસનાઓવાળા સરાગી દેવોના ઉપાસકોની જેમ અંધશ્રદ્ધા, ગતાનુગતિકતા વગેરે દોષો ન શોભે. આટલું સમજી લેજો. આ એક પ્રકારની આત્મવંચના છે.

મોહ, મિથ્યાત્વ અને અજ્ઞાનને વશ થઈ જગતના જીવો શ્રી વીતરાગ-દેવાધિદેવ જેવા સાચા તારક તત્ત્વને પણ ઓળખી શકતા નથી.

જે બુદ્ધિમાન ભાગ્યશીલ આત્માઓ દેવને તે દેવના શુદ્ધ સ્વરૂપને જાણનારા છે. તે આત્માઓ કદાપિ કાળે પ્રાણાન્તે પણ સંસારી વાસનાઓવાળા સરાગી દેવને સુદેવ તરીકે ન માને, ન આદરે કે ન સેવે; તેમજ સાચા–વીતરાગ પરમાત્માની ઉપાસના પણ કેવળ આત્મકલ્યાણની ઇચ્છા અને વીતરાગભાવની પ્રાપ્તિ સિવાય અન્ય કોઈ–પણ સાંસારિક અભિલાષાથી ન જ કરે.

P. P. Ac. Gunratansuriji M.S. Jin Gun Aaradhak Trust

'પુણ્ય ભાવાનુસારમ્'–એ ભાવના પ્રમાણે પુણ્યની પ્રાપ્તિ થાય છે. આવા અનેક બોધપાઠો ધર્મનિષ્ઠ પુરુષોના જીવનવૃત્તાન્તોમાંથી મળી શકે, પરંતુ વાંચકે જિજ્ઞાસાબુદ્ધિ રાખવી જોઈએ. જેમ આં લઘુ જીવનવૃત્તાન્ત અવલોકીશું, તેમ જરૂર જણાશે કે, શ્રેષ્ઠી, તેમની દરિદ્ર અવસ્થામાં ટકી રહેલ ધર્મભાવના અને તેમના સસરા તરફની માનહાનિના પ્રસંગમાં પણ પોતાના કરેલા કર્મ પણ નિર્ભર રહીને 'બંધ સમયે ચિત્ત ચેતીએ, રયો ઉદયે સંતાપ' જેવાં તાત્વિક બોધવચનો સંભારી ધન્યવાદને પાત્ર ધીરજ ધારી શકયા.

અહીં એટલું તો જરૂર કહેવું જ પડશે કે,–એ ધર્મશ્રદ્ધા ટકાવવામાં જો કોઈનો ય પ્રતાપ હોય, તો તે પૂજ્ય ગુરુભગવંતના સમાગમનો અને ગુણસાર શ્રેષ્ઠીએ પ્રાપ્ત કરેલા સમ્યગ્જ્ઞાનનો જ છે.

પાપના ઉદયે દુઃખ આવી પડે તો પણ આત્માને આકુળ–વ્યાકુળ બનાવ્યા સિવાય ધર્મનું સેવન અહર્નિશ કરતા રહેવું જરૂરી છે. ધર્મી હોવા છતાં કોઈ વખતે પૂર્વ પાપના ઉદયે દુઃખ આવી પડે એથી એમ ન માનવું ધર્મી ને ત્યાં ધાડ.

P. P. Ac. Gunratansuriji M.S.                Jin Gun Aaradhak Trust

સુજ્ઞ વાચક ! આ ગુણસાર શ્રેષ્ઠીની કથામાંથી મુખ્ય સાર એ લેવાનો છે કે–વીતરાગ શ્રી જિનેશ્વર દેવોએ ફરમાવેલા ધર્મમાં દઢ બનવું અને યથાશક્તિ નિરંતર 'અહિંસા પરમો ધર્મ'નું પાલન કરી સ્વ અને પરના ઉપકારને માટે નિરંતર પ્રયત્નશીલ થવું એ જ માનવજીવન પામ્યાની ખરેખરી સાર્થકતા છે; એમ બુદ્ધિમાન મનુષ્યો દરેક સ્થળે કહેતા આવ્યા છે.

ઇતિ શ્રેષ્ઠી ગુણસાર કથા સમાપ્ત



P. P. Ac. Gunratansuriji M.S.                    Jin Gun Aaradhak Trust

# ધર્મીને ઘેર ધાડ

ધર્મીને ઘેર ધાડ–એ લોક કહેવતમાં એટલું તો સમજી લેજો કે–ધાડ, એ એના વર્તમાનકાળની આરાધેલી ધર્મકરણીનો પ્રતાપ નથી, એણે પૂર્વે એવું જ કોઈ કર્મ જરૂર ઉપાર્જેલું હોવું જોઈએ અને એનું જ એ ફલ છે. ગત ભવમાં એના હાથે નહિ થવા જોગું કાંઈક કાર્ય થયું હોવું જોઈએ. વસ્તુનો આટલો નિર્ણય સમજણપૂર્વક આ મનુષ્ય-ભવમાં નહિ કરો તો કયા ભવમાં કરશો?

પૂર્વભવમાં કરેલાં અશુભ કર્મના ફલ રૂપે અશુભોદયને અહીંના શુભોદયની સાથે અગર તો આ ભવની ધાર્મિકતા કે પાપરહિતતાની સાથે સરખાવાની મૂર્ખાઈ ડાહ્યા મનુષ્યે તો કરવી જોઈએ નહિ, વર્તમાનકાળના ધર્માત્માઓ ઉપર પૂર્વકૃત ઉદયે આપત્તિ આવે એથી કશું જ આશ્ચર્ય પામવા જેવું નથી.

P. P. Ac. Gunratansuriji M.S. Jin Gun Aaradhak Trust

ન પાપ અંધારે રહે, છાનું કરો કે ચોકમાં;
અંતે પોકારી ઊઠશે, આ લોક કે પરલોકમાં.　૧

ધર્મ કરો તમે પ્રાણીયા, પુણ્યે પાપ પલાય,
ધર્મ થકી ધાર્યું થશે, આ ભવ પરભવમાંય.

જિસ ઘર જિનમંદિર નહિ, જિસ ઘર નહિ મુનિદાન.
જિસ ઘર ધર્મકથા નહિ, વો નહિ પુણ્યકા સ્થાન. ૩

લિ. નેમિ-અમૃત-ખાન્તિ ચરણોપાસક
મુનિ નિરંજનવિજય ઠે. જૈન ઉપાશ્રય
મુ. જાવાલ જી. સિરોહી (રાજસ્થાન)

વિ. સં. ૨૦૦૩
અષાડ વદી ૮



( ચિત્ર ફેરવીને જુઓ, વાઘ કેટલા છે ? )

# ઝાડની સાક્ષી–બોધકથા

એક ગામ હતું. તે ગામના એક ડોસાને રૂપિયાની જરૂર પડી. તેણે એક ભાઈ પાસેથી રૂપિયા સો લીધા. તે પછી કેટલાક દિવસ વીતી ગયા.

પેલા ભાઈએ એ ડોસા પાસે સો રૂપિયાની માગણ કરી.

ત્યારે કહેવા લાગ્યો, 'તું કાંઈ માણસને ઓળખે છે ખરો ? મેં તારી પાસેથી રૂપિયા કયારે લીધા છે ! જા, ભઈ જા. આવી વાત ફરી કરતો નહિ."

પેલા ભાઈ તો લાચાર થઈ ગયા. છતાં મનમાં હિંમત રાખી તેને કહેવા લાગ્યા, 'આમ જૂઠું શું બોલો છો ! શું મેં તમને રૂપિયા સો નથી આપ્યા ?"

P. P. Ac. Gunratansuriji M.S. Jin Gun Aaradhak Trust

"કાંઈ સો રૂપિયા આપ્યાનું સ્વપ્નું તો નથી આવ્યું ને ? નશો તો કર્યો નથી ને ?" ડોસાએ કહ્યું.

પેલા ભાઈએ વિચાર્યું, "આ ડોસો સીધી રીતે સો રૂપિયા આપે તેમ નથી. માટે મારે કચેરીમાં ન્યાયાધીશ પાસે જવું પડશે."

અને તે ન્યાયાધીશ પાસે ગયો. ને ફરિયાદ કરી. ન્યાયાધીશે એ ફરિયાદ સાંભળ્યા પછી, પેલા ડોસાને બોલાવ્યો.

ન્યાયાધીશનો બોલાવેલો ડોસો ત્યાં આવ્યો, પ્રણામ કરી ઊભો.

"તમે આ ડોસાને સો રૂપિયા આપ્યા હતાં ?" પેલા ભાઈને ન્યાયાધીશે પૂછ્યું.

"હા સરકાર." પેલાએ કહ્યું.

"કાં ડોસા આ ભાઈના રૂપિયા કેમ આપતા નથી." ન્યાયાધીશે પૂછ્યું.

"સરકાર ! એ જૂઠું બોલે છે, મેં તેની પાસેથી રૂપિયા લીધા નથી. આ તો હરામખોર–બદમાશ છે."

P. P. Ac. Gunratansuriji M.S.                    Jin Gun Aaradhak Trust

"એ....મ !" ન્યાયાધીશે પેલા ભાઈ તરફ જોતાં કહ્યું, "કેમ રે તું જૂઠી ફરિયાદ કરવા આવ્યો છે ?"



"ના સરકાર, હું સાચું જ કહું છું." ગળગળો થઈ જતો તે બોલ્યો, "મેં એને સો રૂપિયા આપ્યા છે. રૂપિયા લઈને ફરી જાય છે."

"કેમ ડોસા ! આ કહે છે તે સાચું છે ?"

"ના સરકાર." ડોસાએ કહ્યું, "તે તદ્દન જૂઠું બોલે છે."

ન્યાયાધીશ હવે શું કરવું ! તેના વિચારમાં પડી ગયા. ત્યારે ડોસો પેલા ભાઈ તરફ કરડી આંખે જોતો ઘૂરકવા લાગ્યો.

"ઠી....ઈ....ક." ન્યાયાધીશ કાંઈ વિચાર કરી બોલ્યા, "તમે કહો છો, તે હું માની લઉં છું. અને ડોસાજી તમારી વાત પણ માનવા હું તૈયાર છું."

P. P. Ac. Gunratansuriji M.S. Jin Gun Aaradhak Trust

"બરાબર, બરાબર." ડોસો બોલ્યો. આવો જૂઠો માણસ મારી જિંદગીમાં મેં કયારે પણ જોયો નથી."

"તમારું કહેલું સાચું હશે." ન્યાયાધીશ બોલ્યા; "ભાઈ, તમે કહો છો તેમ તમે ડોસાને રૂપિયા આપ્યા હતા."

"જી."

"તો તમે તે વખતે કોઈ સાક્ષી રાખ્યો હતો!"

"ના સરકાર. અમે બે જણા એક ઝાડ તળે બેઠા હતા. ને મેં, આ ડોસાને સો રૂપિયા ગણી આપ્યા હતા."

"જૂઠું, જૂઠું." ડોસો જોરથી બોલ્યો.

"ચૂપ રહો." ન્યાયાધીશે આંખો પહોળી કરી કહ્યું. "વધારે ગરબડ ન કરો."

"જી." ડોસાએ કહ્યું.

"તમે ઝાડ નીચે બેસીને પૈસા આપ્યા હતા ને!"

"હા સરકાર."

"તો જાવ ને તે ઝાડને સાક્ષી પૂરવા બોલાવી લાવો." ને પેલા ભાઈ ભય પામતા ત્યાંથી ગયા.

એને ગયે થોડી વાર થઈ હશે, ત્યાં તો ન્યાયાધીશે પેલા ડોસાને કહ્યું, "પેલા ભાઈ ઝાડ પાસે પહોંચી ગયા હશે, નહિ?"

P. P. Ac. Gunratansuriji M.S. Jin Gun Aaradhak Trust

"ના, સરકાર." ડોસાથી એકાએક બોલાઈ ગયું. "હજી તો તે રસ્તામાં હશે, ઝાડ ઘણું વેગળું છે."

"એ....મ." ન્યાયાધીશ હસીને બોલ્યા. આટલી વાર લાગી એટલે દૂર જ હોવું જોઈએ."



થોડી વારે પેલો પાછો આવ્યો ને બોલ્યો, "એ ઝાડ આવ્યું નહિ. મેં તમારા નામથી સાક્ષી પૂરવા કહ્યું. પણ ઝાડ બોલ્યું જ નહિ."

"તમારી સાથે ન બોલ્યું તો વાંધો નહિ. પણ તે ઝાડે અહીં આવી સાક્ષી પૂરી છે." ન્યાયાધીશે કહ્યું.

"જૂઠું જૂઠું." ડોસો બોલ્યો, "અહીં ઝાડ આવ્યું જ નથી અને સાક્ષી પણ પૂરી નથી."

"તે ઝાડે તમારી મારફતે સાક્ષી પૂરી છે." ન્યાયાધીશે કહ્યું, "કે તમે કહ્યું ઝાડ તો દૂર છે. હવે તમે જ કહો કે તમારી મારફતે સાક્ષી પૂરી કે નહિ ?"

P. P. Ac. Gunratansuriji M.S. Jin Gun Aaradhak Trust

ન્યાયાધીશના આ શબ્દો સાંભળી ડોસાના શરીર પરથી કંપારીઓ આવીને પસાર થઇ ગઈ. પોતે જ પોતાની જાતે સાચી વાત કહી દીધી છે તેમ લાગ્યું.



"ડોસાજી, આ ભાઈ પાસેથી લીધેલા સો રૂપિયા આપી દો." ગુસ્સાભર્યા અવાજે ન્યાયાધીશે કહ્યું, "પોતે જૂઠો હોવા છતાં બીજાને જૂઠો કહી રહ્યો હતો. સાચે જ દરેક માણસ પોતાને જ કાટલે બીજાને તોલે છે."

ડોસાએ રૂપિયા લીધાની કબુલાત કરી. રૂપિયા આપ્યા. પેલા ભાઈ ન્યાયાધીશના ન્યાયની પ્રશંસા કરતા આશીર્વાદ આપવા લાગ્યા.

**સાર**—'સત્યમેવ જયતે' મોડું વહેલું પણ સત્ય જ આગળ આવે છે અને ખોટાને પસ્તાવો કરવાનો અવસર ખચીત આવે છે. માટે રાંડ્યા પછી ડહાપણ આવે તે પહેલા ચેતી જઈ ન્યાય-નીતિ અને સત્ય વર્તન રાખવું.

P. P. Ac. Gunratansuriji M.S.          Jin Gun Aaradhak Trust